પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®


સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૩૦-૬-૨૦૨૫, સોમવાર
વર્ષઃ ૧૪, અંક : ૯૬


Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 © 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**
જ્યારે તમે કોઈને માફ કરો છો.. ત્યારે તમે ભૂતકાળને બદલતા નથી... પણ તમે ભવિષ્ય બદલો છો...






બાબુરાવ આપ્ટે હેરાફેરી-૩માં દેખા દેશે



દલાઈ લામાના રવિવારે ૯૦માં જન્મદિવસે ઉત્તરાધિકારી લામાને લઈ વિશ્વભરની મીટ




ન હોય... પાર્કિન્સનનો રોગ મગજમાંથી નહિ, કિડનીથી ઉભો થાય છે

### એલોટમેન્ટ લેટર-શેર સર્ટિફિકેટથી થતા

# હાઉસીંગ સોસાયટીઓમાં આવાસ ટ્રાન્સફર માટે ભરવા પાત્ર ડ્યુટીમાં ૮૦% સુધીની માફી

## તબદીલીના કિસ્સામાં લોકો ઉપર દંડની રકમનો પણ વધારાનો બોજ નહીં પડે



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો રાજ્યના નાના અને મધ્યમ વર્ગીય લોકોના વ્યાપક હિતમાં મહત્વપૂર્ણ મહેસુલી નિર્ણય લીધો છે. જેમાં સોસાયટી, એસોસિએશન અને નોન ટ્રેડિંગ કોર્પોરેશન દ્વારા અલોટમેન્ટ લેટર - શેર સેર્ટિફિકેટથી કરવામાં આવેલી તબદીલી - ટ્રાન્સફર્સ માટે ભરવા પાત્ર ડ્યુટીની ૮૦ ટકા સુધીની ડ્યુટી રકમ માફ કરાશે.

પ્રજાજનો - જન પ્રતિનિધિઓની રજૂઆતો બાદ મુખ્યમંત્રીએ સંવેદનશીલ સકારાત્મક અભિગમ અપનાવી મહત્વનો નિર્ણય લીધો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં નાના અને મધ્યમ વર્ગીય પરિવારો- લોકોને આવાસ તબદીલીઓ માટે ભરવા પાત્ર ડ્યુટીની રકમમાં મોટી છૂટ આપવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ કરેલા આ મહત્વપૂર્ણ મહેસુલી નિર્ણય અનુસાર સોસાયટી, એસોસીએશન અને નોન ટ્રેડિંગ કોર્પોરેશન્સ દ્વારા એલોટમેન્ટ લેટર, શેર સર્ટિફિકેટથી

(અનુ. આઠમા પાને)

### હાઉસીંગ સોસાયટીમાં હવે કોમર્શિયલ ઉપયોગની છુટ આપવી જરૂરી

રાજય સરકાર દ્વારા દાયકાઓ પહેલા ગરીબ, અને મધ્યમ વર્ગીય પરિવારો માટે રાજયના મોટાભાગના શહેરોમાં હાઉસીંગ સોસાયટી બનાવવામાં આવી હતી. વર્ષો પહેલા ગામ કે શહેરની બહાર બનાવવામાં આવેલી મોટાભાગની હાઉસીંગ સોસાયટીઓ હાલ શહેરના મધ્યમા આવી ગઈ છે. જયાં નામ ટ્રાન્સફરની સાથે હેતુ ટ્રાન્સફરનો પણ મોટો ઈશ્યું છે. હાઉસીંગ સોસાયટીઓમાં વાણીજય હેતુના બાંધકામને મંજુરી આપવામાં આવતી નથી છતા મોટાની હાઉસીંગ સોસાયટીમાં કોમર્શિયલ હેતુના બાંધકામ ગેરકાયદે ખડકાય ગયા છે. અને તેનો ઉપયોગ પણ વાણીજય હેતુ માટે થવા માંડયો છે. આ વાત સ્થાનીક સ્વરાજયની સંસ્થા ઉપરાંત રાજય સરકારના અધિકારીઓને પણ ક્યાલ છે ખાનગી હાઉસીંગ સોસાયટીમાં પણ કોમર્શિયલ બાંધકામની છૂટ આપવામાં આવતી નથી રાજય સરકારે હવે આવી સોસાયટીમાં ફ્રી હોલ્ડની છુટ આપવાની જરૂરીયાત છે જો આવુ કરવામાં આવે તો સરકારની આવકમાં પણ વધારો થઈ શકે છે.

### વિધાનસભામાં વિકાસનો દુષ્કાળ

# ગત ચોમાસુ સત્રમાં ફક્ત ત્રીજા ભાગના ધારાસભ્યો જ ગૃહમાં હાજર રહ્યા

## ત્રણ દિવસના ચોમાસા સત્રની કાર્યવાહીમાં ૧૮૨માંથી ૫૭ ધારાસભ્યોએ જ ભાગ લીધો : અમિત ચાવડા અને ઉમેશ મકવાણા હાજરીમાં નંબર વન

**અબતક, ગાંધીનગર**

વિકાસની વાતો વચ્ચે વિકાસના સર્જક એવા ધારાસભ્યોને ગૃહમાં હાજરી આપવામાં જાણે અણગમો હોય તેવું લાગી રહ્યું છે. ગુજરાત વિધાનસભાના કુલ ધારાસભ્યોમાંથી ત્રીજા ભાગથી ઓછા ધારાસભ્યોએ ૨૦૨૪માં ૨૧ થી ૨૩ ઓગસ્ટ દરમિયાન યોજાયેલા ત્રણ દિવસના ચોમાસા સત્રની કાર્યવાહીમાં ભાગ લીધો હતો, એમ વિધાનસભા સચિવાલયના અહેવાલમાં જણાવાયું છે.

ગુજરાત વિધાનસભાની વેબસાઈટ પર પોસ્ટ કરાયેલ અહેવાલ દર્શાવે છે કે ૧૮૨ ધારાસભ્યોના ગૃહમાં ૫૭ ધારાસભ્યોએ ત્રણ દિવસના સત્ર દરમિયાન વિવિધ કાર્યવાહીમાં ભાગ લીધો હતો. આ કાર્યવાહીમાં બિલો પર ચર્ચા, રાજ્યપાલના સંબોધનના પ્રતિભાવમાં ચર્ચા, સરકારી ઠરાવો

(અનુ. આઠમા પાને)

# નયારાને હસ્તગત કરી રિલાયન્સ ઈન્ડિયાની નંબર વન રિફાઈનરી બની જશે?

## રશિયન તેલ કંપની રોઝનેફ્ટે નયારા એનર્જીમાં તેના ૪૯.૧૩% હિસ્સાના વેચાણ માટે વાટાઘાટો કરવાની તૈયારીમાં

**અબતક, રાજકોટ**

રશિયન તેલ કંપની રોઝનેફ્ટે નયારા એનર્જીમાં તેના ૪૯.૧૩% હિસ્સાના સંભવિત વેચાણ માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે પ્રારંભિક ચર્ચાઓ શરૂ કરી છે. જો આ સોદો સાકાર થાય, તો તે ભારતના તેલ શુદ્ધિકરણ અને બળતણ છૂટક વેચાણ ક્ષેત્રે એક મોટો એકત્રીકરણ બનશે. આનાથી રિલાયન્સ દેશની સૌથી મોટી તેલ રિફાઈનર બનશે, જે તેની હાલની ૬૮.૨ મિલિયન ટન ક્ષમતામાં નયારાની ૨૦ મિલિયન ટન વાડીનાર રિફાઈનરી ઉમેરીને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનની ૮૦.૮ મિલિયન ટનની ક્ષમતાને વટાવી દેશે. આ સોદો રિલાયન્સના ૧,૯૭૨

(અનુ. આઠમા પાને)

# હવે એસી કોચના વેઈટિંગ લિસ્ટની ક્ષમતા ૨૫% થી વધારી ૬૦% કરાશે!!!

## વેઈટલિસ્ટેડ મુસાફરોને કન્ફર્મ ટિકિટ થવાની શક્યતા અંગે વધુ સારી માહિતી મળી શકે તે માટે લેવાયેલો નિર્ણય આવતી કાલથી લાગુ થશે

**અબતક, રાજકોટ**

ભારતીય રેલ્વે, જે દેશના અર્થતંત્ર અને લોકોના જીવનની ધમની સમાન છે, તે તેની સેવાઓમાં મોટા પરિવર્તન લાવવા માટે તૈયાર છે. તેમજ આ સમગ્ર નિયમો આવતીકાલથી જ અળગું પડવા જઈ રહ્યા છે. આ પરિવર્તનોનો મુખ્ય ઉદ્દેશ્ય મુસાફરોને વધુ સચોટ, કાર્યક્ષમ અને સુવિધાજનક મુસાફરીનો અનુભવ પૂરો પાડવાનો છે. આ નવી પહેલમાં ટિકિટિંગ સિસ્ટમમાં સુધારો, વેઈટિંગ લિસ્ટની આગાહીમાં વધારો અને તકનીકી અપગ્રેડેશન જેવા મહત્વના પગલાં લેવામાં આવી રહ્યા છે, જે મુસાફરીને વધુ સરળ બનાવશે. આ ફેરફારો ભારતીય રેલ્વેને આધુનિકતા અને મુસાફર-કેન્દ્રિત સેવાઓના નવા યુગમાં લઈ

(અનુ. આઠમા પાને)

# દેશભરમાં નવ દિવસ વહેલું ચોમાસાનું આગમન

## દિલ્હી, રાજસ્થાન, યુપી, હરિયાણાના બાકીના વિસ્તારોમાં પણ ચોમાસુ જામ્યું: ખરીફપાકના વાવેતરમાં ૧૦ ટકાનો વધારો

**અબતક, નવી દિલ્હી**

આ વર્ષે દેશભરમાં મેઘરાજા મહેરબાન બન્યાં છે અને સામાન્ય કરતાં નવ દિવસ વહેલા સમગ્ર દેશને આવરી લીધો છે. ૨૦૨૦ પછી પ્રથમ વખત નિયત સમય પહેલા સમગ્ર દેશમાં ચોમાસાની એન્ટ્રી થઈ ચુકી છે. ચોમાસું દિલ્હી તથા રાજસ્થાન, પશ્ચિમ ઉત્તરપ્રદેશ અને હરિયાણાના બાકીના વિસ્તારોમાં પણ વધુ આગળ વધ્યું હતું, એમ હવામાન વિભાગે જણાવ્યું હતું. સામાન્ય રીતે પહેલી જૂને કેરળમાં ચોમાસાનું આગમન થતું હોય છે અને ૮ જુલાઈ સુધીમાં સમગ્ર દેશને આવરી લેતું હોય છે. જોકે આ વર્ષે ૨૪ મેએ કેરળમાં ચોમાસું આવી પહોંચ્યું હતું અને ૨૯ જૂન સુધીમાં સમગ્ર દેશને આવરી લીધો છે. હવામાન વિભાગે આગામી સાત દિવસમાં ઉત્તરપશ્ચિમ, મધ્ય, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતના ઘણા વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી પણ કરી છે.આઈએમડીએ ૧ જુલાઈ સુધી ઝારખંડના કેટલાક ભાગોમાં ભારે વરસાદનો રેડ એલર્ટ જારી કર્યો હતો. ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, દેહરાદૂન, ટિહરી, પૌરી, હરિદ્વાર અને નૈનિતાલ સહિતના જિલ્લામાં ૨૯-૩૦ જૂને ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ છે. ચોમાસુ ૧૭ સપ્ટેમ્બરની આસપાસ ઉત્તર-પશ્ચિમ ભારતમાંથી વિદાય લેવાનું શરૂ કરે છે. પંજાબ, હરિયાણા, કેરળ અને તમિલનાડુના કેટલાક વિસ્તારોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ નોંધાઈ શકે છે. ભારતના કૃષિ ક્ષેત્ર માટે ચોમાસુ મહત્વપૂર્ણ છે. આનું કારણ એ છે કે તે દેશની ૪૨ ટકા વસ્તીની આજીવિકાને ટેકો આપે છે અને જીડીપીમાં ૧૮.૨ ટકા ફાળો આપે છે. શિમલાના હવામાન કેન્દ્રે હિમાચલપ્રદેશના ૧૦ જિલ્લાઓમાં ભારે વરસાદનો રેડ એલર્ટ આપ્યો હતો. શનિવારની રાત્રે પડેલા ભારે વરસાદને કારણે શિમલા-કાલકા રેલ લાઈન પર ટ્રેન સેવાઓ કલાકો સુધી સ્થગિત કરાઈ હતી. રાજ્યમાં છેલ્લાં ચોવીસ કલાકમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ત્રણ વ્યક્તિના મોત થયા હતાં.

# છેલ્લા ૯ વર્ષમાં ગરીબી રેખામાંથી બહાર નીકળવાનો આંકડો ડબલ થઈ ગયો

## સામાજિક સુરક્ષા ધરાવતા લોકોની સંખ્યા ૨૦૧૬માં ૨૨ ટકા હતી, જે વર્ષ ૨૦૨૫માં વધીને ૬૪.૩ ટકા થઈ

**અબતક, નવી દિલ્હી**

સરકારની નીતિઓ રંગ લાવી રહી છે. સામાજિક સુરક્ષા પ્રણાલીઓ દ્વારા આવરી લેવામાં આવતી વસ્તી ૨૦૧૬ માં ૨૨% હતી. જે ૨૦૨૫માં વધીને ૬૪.૩% થવાનો અંદાજ છે. આમ ગરીબીમાંથી બહાર નિકળનારની સંખ્યા ડબલ થઈ ગઈ છે. જે દેશમાં સામાજિક સુરક્ષા કવરેજમાં નોંધપાત્ર વિસ્તરણ દર્શાવે છે.

'ટકાઉ વિકાસ લક્ષ્યો - રાષ્ટ્રીય સૂચક ફ્રેમવર્ક પ્રગતિ અહેવાલ, ૨૦૨૫ અને તેમના સંબંધિત લક્ષ્યો તરફ ભારતની પ્રગતિના ડેટા-આધારિત પુરાવા પ્રદાન કરે છે. તે નીતિ નિર્માતાઓને કેન્દ્રિત હસ્તક્ષેપોની જરૂર હોય તેવા મુખ્ય ક્ષેત્રોને ઓળખવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે અને તે આંકડા દિવસ નિમિત્તે રજૂ કરવામાં આવ્યું હતું. અહેવાલમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે રાષ્ટ્રીય વ્યાખ્યાઓ મુજબ વંચિત તમામ વય જૂથોના પુરુષો, સ્ત્રીઓ અને બાળકોનું પ્રમાણ ૨૦૧૫-૧૬ માં ૨૪.૮૫% થી ઘટીને ૨૦૧૯-૨૧




માં ૧૪.૯૬% થયું છે. વૈશ્વિક સ્તરે, ધ્યેયમાં ગરીબીને તેના તમામ સ્વરૂપો અને પરિમાણોમાં નાબૂદ કરવામાં રાષ્ટ્રોની પ્રગતિને માપવા માટે સાત લક્ષ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ લક્ષ્યો તરફ પ્રગતિને માપવા અને તેનું નિરીક્ષણ કરવા માટે રાષ્ટ્રીય સ્તરે ૧૩ સૂચકાંકો ઓળખવામાં આવ્યા છે અને અહેવાલમાં બધા સૂચકાંકો માટેનો ડેટા ઉપલબ્ધ છે. સૂચકાંકોમાં સામાજિક સુરક્ષા દ્વારા

(અનુ. આઠમા પાને)

### અત્યંત ગરીબી હેઠળ જીવતા લોકોની સંખ્યા ૨૦૨૨-૨૩માં ઘટીને ૭.૫૨ કરોડ થઈ

સરકારનો ધ્યેય ૨૦30 સુધીમાં દરેક જગ્યાએ તમામ લોકો માટે અત્યંત ગરીબી દૂર કરવાનો છે, જે હાલમાં દરરોજ ૧.૨૫ ડોલર થી ઓછી આવક પર જીવતા લોકો તરીકે માપવામાં આવે છે, અને ડેટા દર્શાવે છે કે ''રાષ્ટ્રીય સૂચક વિકાસ હેઠળ છે''. તાજેતરના વિશ્વ બેંકના ડેટામાં જણાવાયું છે કે ભારતમાં અત્યંત ગરીબી દર ૨૦૧૧-૧૨ માં ૨૭.૧% થી ઘટીને ૨૦૨૨-૨૩ માં ૫.૩% થયો છે. આ સમયગાળા દરમિયાન અત્યંત ગરીબીમાં જીવતા લોકોની સંખ્યા પણ ૨૦૧૧-૧૨ માં ૩૪.૪૪ કરોડથી ઘટીને ૨૦૨૨-૨૩ માં ૭.૫૨ કરોડ થઈ ગઈ છે. આનો અર્થ એ થશે કે આ સમયગાળા દરમિયાન લગભગ ૨૬.૯૦ કરોડ લોકો અત્યંત ગરીબીમાંથી બહાર નીકળ્યા છે.




### હવે દવા પણ બોલશે!!

# દવાના પેકિંગો લોકોને સ્પષ્ટ સમજાય શકે અને જાણી શકાય તે રીતે લગાવાશે

## દર્દીની સગવડતા, પારદર્શિતા લાવવા અને દર્દીની સલામતી માટે લેવાયો નિર્ણય

**અબતક, રાજકોટ**

દવાના સ્ટ્રીપ્સ પર આપવામાં આવેલી માહિતી વાંચવા અને સમજવાની મુશ્કેલીની ફરિયાદોને લઈને આ સમસ્યાના સમાધાન માટે એક સમિતિની રચના કરવામાં આવશે. તેમજ સામાન્ય જનતાને સમજી શકાય તેવા નવા નિયમો બનાવાશે. ભારતની નિયમનકારી સંસ્થાએ દવાઓના લેબલિંગને ફરીથી સુધારવા માટે એક નિષ્ણાત સમિતિની રચના કરી છે, જેથી તે સ્પષ્ટ અને વાંચવામાં સરળ બને. આ નિર્ણય ગ્રાહકો દ્વારા દવાની સ્ટ્રીપ્સ પરની એક્સપાયરી ડેટ વાંચવામાં મુશ્કેલી અને ચળકતી સપાટીને કારણે વિગતો વાંચી ન શકવા જેવી ફરિયાદો અને ચિંતાઓને પગલે લેવામાં આવ્યો છે.



આ મુદ્દાઓ પર ધ્યાન આપવું મહત્વપૂર્ણ છે, ખાસ કરીને કારણ કે ગ્રાહકોએ જેનેરિક દવાઓને બ્રાન્ડેડ દવાઓથી

(અનુ. આઠમા પાને)




આજે વિશ્વ સોશિયલ મીડિયા દિવસ

# વ્યક્તિગત ચેટથી લઈને શક્તિશાળી ઝુંબેશ સુધી: જોડાયેલા રહો, સર્જનાત્મક રહો

## આજના યુગમાં સામગ્રી આગ છે, તો સોશિયલ મીડિયા પેટ્રોલ છે, તેનો ઉપયોગ ઉત્થાન, શિક્ષિત અને પ્રેરણા આપવા માટે કરવો જોઈએ: બદલાતા યુગની અધૂરપને કારણે જ સોશિયલ મીડિયાનો ઉદય થયો હતો: આ વર્ષની ઉજવણી થીમ ''અવાજોનું સશક્તિકરણ, સમુદાયોનું નિર્માણ'' છે

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

સોશિયલ મીડિયાએ ઈન્ટ્રેક્ટિવ તકનિક છે, જે વર્ચ્યુઅલ સમુદાયો અને નેટવર્ક દ્વારા સમુદાયો અને નેટવર્ક દ્વારા માહિતી, વિચારો, રુચિઓ અને અભિવ્યક્તિના અન્ય સ્વરૂપોને બનાવવાની શેર કરવાની સુવિધા આપે છે. આદિકાળમાં અગ્નિ અને ચક્રની શોધ થયા બાદ ગુફાવાસીઓમાંથી માનવીએ પ્રગતિ કરી હતી. છેલ્લા દસ વર્ષમાં વિવિધ શોધ-સંશોધનો કારણે માનવીએ વિકાસ સાથે ભૌતિક સુવિધામાં વધારો કર્યો છે. હાલની ૨૧મી સદીમાં તો સોશિયલ મીડિયાના આવિષ્કારે તો દુનિયાની શકલ બદલાવી નાખી છે. જુના જમાનાના યુવા ધન અને આજના યુવાધનમાં ગજબનું પરિવર્તન જોવા મળે છે. ઈન્ફરમેશન ટેકનોલોજીના યુગમાં અત્યારે વિશ્વને સાવ નાનુ કરીને આંગળીના ટેરવે લાવી દીધું છે, આખી દુનિયામાં એક નાનું ગામડું બનાવી દીધું છે. આજે વૈશ્વિક સ્તરે વર્લ્ડ સોશિયલ મીડિયા દિવસ ઉજવાય રહ્યો છે. ત્યારે તે ભાવી પેઢી માટે ફાયદા કરતા નુકશાન તારક વધુ સાબિત થઈ રહ્યું છે. આ વર્ષની ઉજવણી થીમ ''અવાજોનું સશક્તિકરણ, સમુદાયનું નિર્માણ'' છે. દેશના તમામ સ્તરોમાં તેની અસર જોવા મળી રહી છે. ત્યારે આપણાં દેશના અંદાજે ૯૩ ટકા જેટલા યુવાનો ફેસબુક, વોટ્સએપ અને સોશિયલ મીડિયામાંમાં ગાળા ડુબ જોવા મળે છે. આપણા દેશમાં વિશ્વનો સૌથી વધુ સોશ્યિલ મીડિયાનો વપરાશ થઈ રહ્યો છે. વર્ષો પહેલા સંદેશા વ્યવહારમાં ક્રાંતિ થઈને સમાચારો મોકલવામાં વપરાશ થઈ રહ્યો છે. વર્ષો પહેલા સંદેશા વ્યવહારમાં ક્રાંતિ થઈને સમાચારો મોકલવામાં પણ તાર, ટપાલ રેડીયો જેવા સાધનો આવતા થોડો વિકાસ થયો પણ ઈન્ટરનેટના આગમને તો બીજી જ સેકન્ડમાં દુનિયાભરના સમાચારો મળવા લાગ્યા છે. ઓનલાઈન વ્યવહાર એક વિસ્તૃત અજનબીને કારણે વિશ્વની તમામ ઘટના જોઈ શકો છો. ઓનલાઈન વ્યવહાર એક વિસ્તૃત અજનબી વિશ્વને તમારો પરિવાર બનાવે છે, આ નેટવર્ક થકી તમે વિશ્વના કોઈપણ ખુણે માત્ર સેકન્ડમાં સંપર્ક કરી શકો છો. સોશિયલ મિડીયાએ સમાજ વ્યવસ્થા ઉપર ઘણી મોટી અસર કરે છે. આનો વધુ પડતો ઉપયોગ માનસ પટ પર અસર કરતું હોવાથી તે સમાજ માટે 'લાલબતી' સમાન છે.



આજના ઝડપી ઈન્ફમેશન ટેક્નોલોજીમાં આધુનિક સંશાધનો, મોબાઈલ, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, ટીવી, સીનેમા, ફેસબુક, વોટસઅપ, ટવીટર, ઈન્સ્ટ્રાગ્રામ વિગેરેમાં આજનો યુવાન ગળાડુબ જોવા મળે છે. આ ૨૧મી સદીની વિવિધ શોધો હવે દર વર્ષે નવી દુનિયામાં આપણને પગલાઓ પડાવશે. હમણાં હમણાં AI (આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ) આવ્યું છે, જે એક મહાન ક્રાંતિ લાવશે. આજે માનવીને ઈન્ટરનેટ વગર જીવન જીવવું મુશ્કેલી બની ગયું છે. ત્યારે બાળકોથી લઈને મોટેરા તમામ ઈલેકટ્રોનિક ગેઝેટોના ગુલામ બની ગયા છે. સોશિયલ મીડિયા ઉપર લોકો ખુશ દેખાય છે, પણ હોતા નથી જે એટલું જ નગ્ન સત્ય છે. આજથી બે અઢી દશકા પહેલા સોશિયલ મીડીયા જેવા પ્લેટ ફોર્મ વિશે કોઈ વિચારી શકતું ન હતું. આજે તેની અસરો, ટી.વી. ફિલ્મો, અખબારો જેવા વિવિધ ક્ષેત્રો ઉપર પડી છે. તમે તમારા જુના મિત્રોને કે જીવન સાથીને પણ આજ માધ્યમથી શોધી શકો છો. આ જ માધ્યમ વડે ફ્રોડ થતાં સાયબર ક્રાઈમ પણ વધવા લાગ્યા છે. સોશિયલ મીડીયા પ્લેટ ફોર્મનો ઈતિહાસ સરપ્રદ છે, સૌથી પહેલા ઓરકુટ કે ફેસબુક નહી પણ સિકસ ડિગ્રીથી નેટવર્કનો પ્રારંભ થયો હતો. પ્રથમ સોશ્યિલ મીડીયા નેટવર્ક ૧૯૯૭માં ન્યુયોર્કમાં લોન્ચ થયેલ જેમાં ૩૫ લાખથી વધુ લોકો જોડાયા હતા. ખાસ ગાળામાં આપણા દેશમાં સાદા મોબાઈલનો પ્રારંભ થયો અને ઈન કમીંગ કે આઉટ ગોઈંગના પણ પૈસા ચુકવવા પડતા હતા. ૨૦૦૨ માં સિકસ ડિગ્રી, ફ્રેન્ડ્સ્ટર, લિંકડઈન અને માય સ્પેસ જેવા પ્લેટ ફોર્મ શરુ થયેલા હતા. ૨૦૦૪માં હાઈ-ફાઈવ અને ફેસબુક આવતા મીડિયા પ્લેટ ફોર્મ વર્ચ્યુઅલ વર્લ્ડ બદલાય ગયું હતું. ફેસબુક કે દુનિયાની શિકલ ફેરવી નાખતા વોટસઅપ, યુ ટયુબ, ટવીટર, ઈન્સ્ટાગ્રામ વિગેરે પણ સૌથી મોટો નેટવર્ક તરીકે જાણીતા થયા હતા. આ નેટવર્ક ખુબ જ શકિતશાળી છે કે તમે એક બટન પર કિલક કરીને તમામ મિત્રો અને પરિવાર સાથે લાઈવ જોડાઈ શકો છો. આજે એક વ્યકિત સોશિયલ મીડિયા ઉપર દરરોજ ૩ થી ૪ કલાક સમય વિતાવે છે. ફેસબુક પર લોકો અઢી કલાક સમય બરબાદ કરે છે. આજે વિશ્વ આ નેટવર્ક થકી જશ્ન મનાવી રહી છે. આજે મનપસંદ ગીતો, ફિલ્મો, બધુ જ તમે ઓનલાઈન જોઈ શકો છો. દુનિયાના કોઈપણ ખુણે તમે લાઈવ વિડીયો કોલ માધ્યમથી નિયમિત કનેકટ રહી શકો છો. આજે સામાન્ય વ્યકિત પણ ઈન્ટરનેટ પાછળ માસિક રૂ. ૩૦૦ થી વધુ ખર્ચ કરે છે. આપણાં દેશમાં પરિવારનાં દરેક સભ્ય પોતાના મોબાઈલ અને પોતાનું સોશિયલ મીડિયા ગ્રુપ ધરાવે છે. આજે દુનિયા કોઈ માણસ એવો નહી હોય જે સોશિયલ મીડિયામાં જોડાયો નહી હોય.



સોશિયલ મીડિયાની તાકાત ગજબની છે, તે માનવીને રાતોરાત હિરો અને ઝીરો પણ બનાવી દે છે. જંગલના દવાનળ કરતા પણ ખુબ જ ઝડપી કોઈપણ વાત ફેલાવી શકે છે, ઘણીવાર અફવા પણ ફેલાય જાય છે. દુનિયામાં દોરડા વાળા ફોન સૌથી મોટુ પરિવર્તન હતું, બાદમાં ફેક્સ મશીન, પેજર અને કમ્યુનિકેશનમાં ક્રાંતિ આવતા મોબાઈલ આવ્યાને આજે તો સ્માર્ટ ફોન અને ૫-જી નેટવર્ક આવતા લોકોની જીવન શૈલી બદલતા ઊંઘ હરામ થઈ ગઈ છે. આ દિવસની ઉજવણી ૨૦૧૦ થી શરુ થઈ હતી. આજનું સોશિયલ મીડિયા એક ભયંકર વ્યસન છે, જે કયારેય છુટતુ નથી., છતાં તેનો દિન પ્રતિદિન વ્યાપ વધતો જ જોવા મળે છે. આજે તો ટીવી અખબારોના ન્યુઝ તરત જ આવી જતાં હોવાથી કોઈ ટીવી છાપા વાંચતા નથી.. મોબાઈલમાં આવેલી પીડીએફ કે લીંક ખોલીને જોઈલે છે. ૧૯૪૦માં પ્રથમ કોમ્પ્યુટરનો જન્મ થયો હતો, પછી ૧૯૯૭ માં પ્રથમ સામાજીક નેટવર્કનો ઉદય થયો હતો. ૨૦૦૪ ફેસબુકનો પ્રારંભ થતા જ દુનિયા નાની થઈ ગઈ હતી. ૨૦૦૫ માં યુ ટયુબ આવતા ટીવી - ફિલ્મોનો યુગ પણ પુરો થઈ ગયોને ઓટીટી પ્લેટફોર્મ ઉપર યુવા વર્ગ પોતાને જે જોવું છે તે આંગળીના ટેરવે લાવ્યોને સોશિયલ મીડિયા મોટુ થઈ ગયું ને માનવીની નશે-નશમાં ઉતરી ગયું. આ અદ્યતન ટેકનોલોજીને મેડિકલ શિક્ષણ, મુશ્કેલીમાં મદદ જેવા ઘણા સારા પાસાઓમાં પણ સફળ કાર્ય કરેલ છે. આજે જેમીની અને કોપાયલોટ જેવા નેટવર્ક તમે માંગો તે માહિતી તમને થોડીવારમાં વિસ્તૃત રીતે આપી શકે છે.

### સોશિયલ મીડિયા પર પ્રત્યેક ૬૦ સેકન્ડમાં શું થાય છે?

એક રિપોર્ટના આંકડા મુજબ પ્રત્યેક ૬૦ સેકન્ડમાં દુનિયામાં સોશિયલ મીડિયા પર શું શું થાય છે તેના આંકડા આપ્યા છે, તેમાં યુ ટયુબ પર પાંચ હજાર થી વધુ વિડીયો અપલોડ થાય છે. ઈન્સ્ટાગ્રામ પર દર મિનિટે ૨૫ હજારથી વધુ નવા ફોટા અપલોડ થાય છે. પિંટરેસ્ટ ઉપર ૬૦ સેકન્ડમાં ચાર હજાર ફોટા પીન થાય છે, અને ફેસબુક ઉપર અંદાજે ૩૦ લાખ કન્ટેન્ટ શેર થાય છે. દર મિનિટે સાડા ત્રણ લાખ જેટલા અંદાજે કન્ટેન્ટ ટવીટ થાય છે. સ્નેપચેટ ઉપર છ અબજથી વધુ વિડીયો જોવાય છે. દુનિયામાં સૌથી વધુ ઈન્ટરનેટનો ઉપયોગ આપણો દેશ કરી રહ્યું છે.

**૨૧ મી સદીની મહાન શોધ એટલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, જે માનવીને રાતો-રાત હિરો અને ઝીરો પણ બનાવી શકે: ઓનલાઈન વ્યવહાર એક વિસ્તૃત અજનબી વિશ્વને તમારો પરિવાર બનાવે છે: આ નેટવર્ક થકી વિશ્વના કોઈપણ ખુણે તમે સંપર્ક કરી શકો છો: વિશ્વમાં સૌથી વધુ સોશિયલ મીડિયામાં વ્યસ્ત રહેનાર દેશોમાં ભારત પ્રથમ નંબરે છે**

# ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમસ્ત દ્વારા ૨૧ સપ્ટેમ્બરે મેગા સરસ્વતી સન્માન સમારોહ


## આજથી ફોર્મ વિતરણ શરૂ: ૨૧ જુલાઈ સુધીમાં ભરી પરત આપવાના રહેશે

**અબતક,રાજકોટ**

શ્રી ગુ.ક્ષ.કડિયા જ્ઞાતિ સમસ્ત રાજકોટ દ્વારા પ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકી (નરેન્દ્રબાપુ ગુરુ શ્રી જીવરાજ બાપુ) ની અધ્યક્ષતામાં જ્ઞાતિ ના વિદ્યાર્થી દીકરા-દીકરીઓના હિતાર્થે મેગા શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સરસ્વતિ સન્માન સમારોહ તા.૨૧ સપ્ટેમ્બરે યોજાશે. શ્રી ગુર્જર ક્ષત્રીય કડિયા જ્ઞાતીના હોશીયાર વિદ્યાર્થીઓ, દીકરા - દીકરીઓને મદદ રૂપ થવાના શુભ આશય થી સંપૂર્ણ પણે વિના મુલ્યે પાકા પુઠાનો ૧૫૦ પેજનો ચોપડો એવા ૧૦ ચોપડાનું પેકીંગ એવા એક સેટનું વિતરણ દરેક ધોરણના વિદ્યાર્થીઓને આપવામાં આવશે સાથે સાથે સ્કુલ બેગ તથા દરેક વર્ગ માં પ્રથમ ૧ થી ૩ નંબર આવનાર વિદ્યાર્થીઓને શીલ્ડ આપી સન્માન કરવામા આવે છે. આ સરસ્વતી સન્માન સમારંભ માં દર વર્ષે ૨૫૦૦ થી ૩૦૦૦ વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓ પણ સાથે હાજર રહીને તાલીઓના ગડગડાટ વચ્ચે પોતાનુ શીલ્ડ અને સન્માન પત્ર મેળવે છે.

શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા જ્ઞાતી રાજકોટના પ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકી (નરેન્દ્ર બાપુ ગુરૂ શ્રી જીવરાજ બાપુ) દ્વારા મેગા સરસ્વતી સન્માન સમારોહ તા. ૨૧.૯ને રવિવાર યોજવામા આવી રહ્યો છે.

આ વિશાળ આયોજનને સફળ બનાવવા માટે નરેન્દ્રભાઈ સોલંકી તેમજ સમગ્ર સમાજના માર્ગદર્શન તેમજ રાહબરી નીચે કડિયા જ્ઞાતીના તમામ આગેવાનઓ તેમજ તમામ પ્રકારના કાર્યકર્તાઓ પણ ખુબજ આત્મીયતા પૂર્વક આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રયત્નશીલ છે.



જ્ઞાતી સમસ્ત રાજકોટ સાથે જોડાયેલ સંસ્થાઓમાં શ્રી ગુર્જર ક્ષત્રીય કડીયા જ્ઞાતી ટ્રસ્ટ, શ્યામ વાડી ટ્રસ્ટ રાજકોટ, શ્રી ગુર્જર ક્ષત્રીય કડીયા જ્ઞાતી વિદ્યાથી મંડળ, શ્રી ગુર્જર ક્ષત્રીય કડીયા જ્ઞાતી વિદ્યાથી બોર્ડીગ, શ્યામ મંદીર સમીતી રાજકોટ તેમજ અન્ય નાની સંસ્થાઓ તથા મંડળો પણ પોતપોતાની રીતે સહાયભુત થવા માટે પ્રયત્ન શીલ છે. આ તકે જ્ઞાતીની તમામ સંસ્થાઓ તથા મંડળોના દરેક હોદેદારો દ્વારા આ ભવ્ય આયોજનને સફળ બનાવવા તન-મન-ધન થી સહયોગ આપી રહયાં છે. હાલના સમય અને સંજોગો પ્રમાણે જ્યારે એકવીસમી સદી ચાલી રહી છે.

સરસ્વતી સન્માન સમારોહમાં ઉપસ્થિત રહેવા તથા પોતાના માટે ઈનામ, નોટ બુક્સ સેટ અને સ્કુલ બેગ મેળવવા માટે નાના બાળકો તથા તેમના વાલીઓ ખુબજ ઉત્સુખ છે કારણ કે તેમના દિકરા-દિકરીઓને જયારે ઈનામો મળતા હોય છે ત્યારે હજારો તાલીઓના ગળગળાટ થી દિકરા-દિકરીઓને પ્રોત્સાહન મળે છે જેથી દિકરા-દિકરીઓ ભણવામાં ખુબજ ઉત્સાહીત થાય છે. બાળકો ઈનામ મેળવીને આનંદની જે અનુભુતી મેળવે છે તે ખરેખર જોવા લાયક હોય છે. તેમની ખુશી જોઈને તેમના વાલીઓ પણ આનંદ અનુભવે છે તો હવે આપસૌ તાત્કાલીક આપના દિકરા-દિકરીઓના ફોર્મ ભરી અને પરત પહોંચાડશો જેથી જ્ઞાતિને ઈનામની વસ્તુઓ લેવામાં તેમજ સીલ્ડો બનાવવામાં પણ ખુબજ સમય જતો હોય છે જેથી વેહલામાં વહેલા આપણા દિકરા-દિકરીઓના ફોર્મ ભરી આપેલ તારીખ મુજબ પહોંચાવા જ્ઞાતિ સમસ્ત દ્વારા અપીલ કરવામાં આવે છે.

# પ્લેન દુર્ઘટનામાં તમામ ૨૪૧ પેસેન્જરોના ડીએનએ સેમ્પલ મેચ: પાર્થિવ દેહ સોંપી દેવાયા

## ૩૧ મૃતદેહો બાય એર જ્યારે ૨૨૯ પાર્થિવ દેહ બાય રોડ મોકલવામાં આવ્યા

**અબતક, રાજકોટ**

અમદાવાદ વિમાન દુર્ઘટનાના કુલ ૨૬૦ મૃતકોના પાર્થિવ દેહ સન્માનભેર પરિવારજનોને સોંપાયા છે. ફ્લાઈટના તમામ પેસેન્જરની ડીએનએ સેમ્પલની મદદથી ઓળખ થઈ અને તેમના મૃતદેહ સ્વજનોને સોંપાઈ ગયા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ૧૨ જુનના રોજ અમદાવાદમાં બનેલ વિમાન દુર્ઘટના તમામ પેસેન્જર અને ક્રૂ મેમ્બરના ડીએનએ મેચ થઈ ગયા છે અને આ તમામ ૨૪૧ મૃતકોના પાર્થિવ દેહ સન્માનપૂર્વક તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે.વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ડીએનએ ટેસ્ટથી ૨૫૪ અને ચહેરાથી ૬ એમ કુલ ૨૬૦ મૃતકોની ઓળખ થઈ ચુકી છે, જે તમામ પાર્થિવ દેહ પરિવારજનોને સોંપાવામાં આવ્યા છે.

મંત્રીએ આ ક્ષણે આ સમગ્ર ઘટના બાદની કામગીરી અને સુપેરે વ્યવસ્થાપન કરનાર આરોગ્ય કર્મીઓ, પોલીસ કર્મીઓ, એફએસએલ, એએમસીની ટીમ, સ્વયં સેવકો સહિતના તમામ લોકોનો આભાર માન્યો હતો.

આ તમામ વિભાગોના સંકલનના પગલે ડીએનએ મેચ અને પાર્થિવ દેહ સોંપણીની સમગ્ર પ્રક્રિયા ખૂબ જ ઝડપી થઈ શકી છે તેમ મંત્રીએ જણાવીને આ તમામ લોકોને અભિનંદન પણ પાઠવ્યા હતા.

વધુ વિગતો આપતા મંત્રીએ જણાવ્યું હતું કે, ઓળખાયેલા ૨૬૦ મૃતકોમાં ૧૮૧ ભારતના નાગરિક, ૭ પોર્ટુગલના, ૫૨(બાવન) બ્રિટિશ નાગરિક, એક કેનેડિયન તેમજ ૧૯ નોન પેસેન્જરનો સમાવેશ થાય છે.

૨૬૦ પાર્થિવ દેહમાંથી ૩૧ હવાઈ માર્ગે (બાય એર) અને ૨૨૯ રોડ માર્ગે (બાય રોડ) મોકલવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યુ કે, ૨૫૪ મૃતકોના ડીએનએ સેમ્પલ મેચ થયા, જેમાંથી ૨૪૧ પેસેન્જર અને ૧૩ નોન પેસેન્જર છે. કુલ ૧૯ નોન પેસેન્જરના પાર્થિવ દેહ સોંપાયા જેમાં ૧૩ની ઓળખ ડીએનએ રિપોર્ટથી અને ૬ ની ઓળખ ચેહેરાથી કરાઈ છે. સ્વજનોને સોંપવામાં આવેલા પાર્થિવ દેહોની વિગતો જોઈએ તો, ઉદયપુર ૭, વડોદરા ૨૪, ખેડા ૧૧, અમદાવાદ ૭૩, મહેસાણા ૭, બોટાદ ૧, જોધપુર ૧, અરવલ્લી ૨, આણંદ ૨૯, ભરૂચ ૭, સુરત ૧૨, પાલનપુર ૧, ગાંધીનગર ૭, મહારાષ્ટ્ર ૧૩, દીવ ૧૪, જુનાગઢ ૧, અમરેલી ૨, ગીર સોમનાથ ૫, મહીસાગર ૧, ભાવનગર ૩, લંડન ૧૩, પટના ૧, રાજકોટ ૩, રાજસ્થાન ૨, નડિયાદ ૧, બનાસકાંઠા ૨, જામનગર ૨, પાટણ ૪, દ્વારકા ૨ તેમજ સાબરકાંઠાના ૧, નાગાલેન્ડ ૧, મોડાસા ૧, કચ્છ ૧, ખંભાત ૨, મણિપુર ૧, કેરળ ૧ અને મધ્યપ્રદેશના ૧ એમ કૂલ ૨૬૦ પાર્થિવ દેહો સ્વજનોને સોંપવામાં આવ્યા હતા.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૩૦-૦૭-૨૦૨૫ સોમવાર**

- ૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (વાર તહેવાર)
- ૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાંધી)
- ૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પાણીપુરી)
- ૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
- ૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (સુજોક થેરાપી)
- ૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
- ૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ટુ ઈડિયટસ)
- ૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
- ૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
- ૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
- ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૧-૦૭-૨૦૨૫ મંગળવાર**

- ૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરી બાપુ)
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
- ૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૧-૭-૨૦૨૫ મંગળવાર

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ | શાલીવાહન શકિ: | ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ | | |
| તિથી | અષાઢ શુદ છઠ | | |
| નક્ષત્ર | પુવાફાલ્ગુની | | |
| યોગ | વ્યતિપાત | કરણ: | ગર |
| સુર્યોદય | ૬.૦૮ | સુર્યાસ્ત: | ૭.૩૪ |
| ચંદ્ર રાશી | સિંહ બપોરે ૩.૨૭થી કન્યા | | |
| રાશિ અક્ષર | મ.ટ/પ.ઠ.ણ | | |
| દિશાશૂળ | ઉત્તર દિશા તરફ | | |
| રાહુકાળ | બપોરે ૩ થી ૪.૩૦ | | |
| દિવસનાચોઘડીયા | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ | | |
| રાત્રીનાચોઘડીયા | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ | | |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૩ થી ૧.૧૭ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | ૫ | ૭ | ૩ | ૯ | | |
| ૯ | | | | | | | | |
| | | ૫ | | | | | ૧ | ૮ |
| | | | | ૩ | ૫ | ૨ | | |
| | | | | ૨ | | ૬ | ૫ | ૭ |
| ૫ | | | ૭ | | ૪ | ૧ | | ૯ |
| ૧ | | | | | | ૪ | | |
| ૬ | ૭ | | ૨ | | ૮ | | ૯ | ૫ |
| | ૫ | ૨ | | ૯ | | | ૭ | ૧ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૩૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૭ | ૪ | ૨ | ૬ | ૫ | ૩ | ૮ |
| ૮ | ૫ | ૪ | ૭ | ૩ | ૧ | ૯ | ૬ | ૨ |
| ૩ | ૨ | ૬ | ૫ | ૮ | ૯ | ૭ | ૧ | ૪ |
| ૭ | ૬ | ૨ | ૯ | ૧ | ૮ | ૩ | ૪ | ૫ |
| ૪ | ૯ | ૮ | ૩ | ૭ | ૫ | ૬ | ૨ | ૧ |
| ૧ | ૩ | ૫ | ૬ | ૪ | ૨ | ૮ | ૯ | ૭ |
| ૫ | ૭ | ૧ | ૨ | ૬ | ૩ | ૪ | ૮ | ૯ |
| ૨ | ૪ | ૩ | ૮ | ૯ | ૭ | ૧ | ૫ | ૬ |
| ૬ | ૮ | ૯ | ૧ | ૫ | ૪ | ૨ | ૭ | ૩ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧.૭.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, આષાઢ સુદ છઠ, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, વ્યતિપાત યોગ, ગર કરણ આજે બપોરે ૩.૨૨ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) ત્યારબાદ કન્યા (પ,ઠ,ણ)રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** સીધી સરળ વાતથી કાર્ય નહિ બને એ માટે કુટનિતિજ્ઞ રસ્તાઓ અપનાવવા પડે, બુદ્ધિપૂર્વક નિર્ણય લેવા.

**વૃષભ (બ,વ,ઉ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, લાગણીના સંબંધોમાં સારું રહે.

**મિથુન (ક,છ,ઘ) :** તમારા અંતરંગ શોખ માટે સમય કાઢી શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.

**કર્ક (ડ,હ) :** ગણતરીપૂર્વકના સાહસથી લાભ થશે, નવા કાર્યમાં આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો.

**સિંહ (મ,ટ) :** બેન્ક વીમા વિગેરે કાર્ય કરીશ શકો, આર્થિક બાબતોમાં મધ્યમ રહે, આવકના નવા સ્રોત્ર વિચારી શકો.

**કન્યા (પ,ઠ,ણ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવા વિચારોથી લાભ થાય, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**તુલા (ર,ત) :** દૂર દેશથી સારા સમાચાર મળે, નવા સંપર્કો સાથે વાત થાય, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** જીવનમાં પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, નવા વિચારથી મન સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** વેપારી વર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગે ઉપરી અધિકારીઓ સાથે મતભેદ નિવારવા સલાહ છે.

**મકર (ખ,જ) :** ગુરુકૃપાથી કાર્ય સિદ્ધ થાય, ધ્યાન-યોગ-મૌનથી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય, શુભ દિન.

**કુંભ (ગ,સ,શ) :** બધું મનનું ધાર્યું ના થાય, મિશ્ર અનુભવ આપતો દિવસ, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** પ્રણયમાર્ગે ચાલનારા માટે મધ્યમ કહી શકાય, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, સુંદર દિવસ.

### મુઠ્ઠી ઊંચેરા માનવી મનોહરસિંહજીની સાર્ધ પ્રતિમાનું અનાવરણ

# જાહેર જીવનમાં સંઘર્ષો વચ્ચે પણ 'દાદા' એ પોતાના અસ્તિત્વને ઉજાગર કર્યું: માંધાતાસિંહ જાડેજા

**અબતક, રાજકોટ**

અષાઢી બીજના પાવન પર્વે શ્રી હરભમજીરાજ ગરાસિયા છાત્રાલય પરિસરમાં રાજકોટના ઠાકોર સાહેબ, માનકુમારી દેવીજી તથા રાજકુમારી સાહેબ પ્રેમીલા કુંવરબાના કરકમલોથી સંપન્ન થયું હતું.

## મનોહરસિંહજી જાડેજા પાસેથી જાહેર જીવનના પાઠ શીખ્યો: રાજેન્દ્રસિંહ રાણા

## મનોહરસિંહજી સક્રિય રાજકારણમાં ક્યારેય કોઈની સાથે રાજકારણ રમવાનું પસંદ નહોતું કર્યું: રામભાઈ મોકરિયા







જાહેર જીવનના મોભી અને ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી મનોહરસિંહજી જાડેજાની સાર્ધ પ્રતિમાનું અનાવરણ

વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં રાજમાતા સાહેબ

અમદાવાદ વિમાન દુર્ઘટનાના દિવંગત આત્માઓ તથા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના આત્માની શાંતિ અર્થે મૌન શ્રદ્ધાંજલિ અર્પણ કરીને આત્મીયતાનું અનાવરણ

સમારોહમા સ્વાગત પ્રવચન કરતાં હરિશ્ચંદ્રસિંહજી જાડેજાએ જણાવ્યું હતું કે, આપણાં સહુના આત્માના અવાજ સાથે અત્યંત સ્નેહાળ નામ એટલે મનોહરસિંહજી જાડેજા એટલે એક એવું ધબકતું અસ્તિત્વ જેમણે મન, વચન, કર્મથી સર્વ સમાજની સેવા કરવાની એક અનોખી પરંપરા નિભાવી. શ્રી હરભમજીરાજ ગરાસિયા છાત્રાલયના આજીવન પ્રમુખ સ્વરૂપે કાર્યરત રહીને પુજ્ય દાદાએ દાખવેલી દીર્ઘદ્રષ્ટિના પરિણામ સ્વરૂપે છાત્રાલય પરિસરમાં ઉત્તમ કક્ષાની નિવાસ વ્યવસ્થાનો લાભ પ્રાપ્ત કરીને સમાજના ચારસો દિકરાઓ શિક્ષણની સાધના કરી રહ્યાં છે, પુજ્ય દાદા સાથેના

રામભાઈ મોકરિયાએ જણાવ્યું હતું કે, ઉત્તમ કક્ષાના ક્રિકેટર એવા પુજ્ય દાદાએ જાહેર જીવનમાં પણ ઉચ્ચ કોટીનું રાજકીય નેતૃત્વ કર્યું હતું. વાણી, વર્તન, વિચારમાં ભારોભાર વિનમ્રતા યુકત વ્યવહારના આગ્રહી મનોહરસિંહજી દાદાએ સક્રિય રાજકારણમાં પણ કયારેય કોઈની સાથે રાજકારણ રમવાનું પસંદ નહોતું કર્યું એ એમની વિશેષતા હતી.

પુજ્ય દાદા સાથેના રાજકીય સંસ્મરણો વાગોળતા પૂર્વ સાંસદ રાજેન્દ્રસિંહજી રાણાએ કહ્યું હતું કે, ગુજરાતની સામાજિક, સાંસ્કૃતિક, ભૌગોલિક, આર્થિક અને રાજકીય વિશેષતાઓની ઊંડાણભરી સૂઝ ધરાવતા મનોહરસિંહજી જાડેજા પાસેથી હું જાહેર જીવનના પાઠ શીખ્યો છું.

ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજાએ અધ્યક્ષીય ઉદ્બોધનમાં કહ્યું હતું કે, હૃદયને સ્પર્શી જતું હેતાળવું

### અનાવરણ સમારોહમાં ઉપસ્થિત મહેમાન



રાજકોટ રાજવી પરિવારનાં રાજમાતા માનકુમારી દેવીજી, રાજકુમારી પ્રેમીલા કુંવરબા, રાજકુમારી શાંતિદેવીજી, રાજકુમારી ઉમાદેવીજી, રાજકુમારી મૃદુલાદેવીજી, રાણી સાહેબ કાદમ્બરીદેવીજી, યુવરાજ સાહેબ જયદીપસિંહજી, યુવરાણી સાહેબ શિવાત્મિકાદેવીજી, ટીક્કાસાહેબ શિવાત્મજયસિંહજી, રાજકોટ કુમાર સાહેબ અંબિકાપ્રતાપસિંહજી, લાઠી ઠાકોર સાહેબ કીર્તિકુમારસિંહજી, લાઠી રાણીસાહેબ ઉમાદેવીજી, વિરપુર ઠાકોર સાહેબ દેવેન્દ્રસિંહજી, ગોંડલ કુમાર જ્યોતિર્મયસિંહજી, પાળ ઠાકોર સાહેબ અમરકુમારસિંહજી, રાજપરા ઠાકોર રાજવિજયસિંહજી અને કુમાર રાજેન્દ્રસિંહજી, ધ્રુવનગરના ગાયત્રીબા ધ્રુવકુમારસિંહજી જાડેજા, રુદ્રશક્તિ મહિલા મંડળના પ્રમુખ માયાબા જાડેજા, ઉષાબા જાડેજા, પૂર્વમંત્રી ધર્મેન્દ્રસિંહજી જાડેજા (હકુભા), ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ મેયર અશોકભાઈ ડાંગર, મનિષભાઈ રાડિયા, વિરેન્દ્રસિંહ ઝાલા, રાજુભાઈ ધ્રુવ, જયસિંહ પઢિયાર, નાથાભાઈ કિયાડા, આર્કિટેક્ટ સુરેશભાઈ સંઘવી, ગોહિલવાડ રાજપુત સમાજના પ્રમુખ વાસુદેવસિંહ ગોહિલ, ઝાલાવાડ રાજપૂત સમાજ પ્રમુખ પ્રદ્યુમનસિંહ રાણા, મોરબી રાજપુત સમાજ પ્રમુખ દશરથસિંહ ઝાલા ભરતસિંહ સરવૈયા, મયુરધ્વજસિંહ જાડેજા (જેએમજે ગૃપ), શિવરાજભાઈ નરેશભાઈ પટેલ ધારાશાસ્ત્રી પ્રવીણભાઈ વસાવડા, જીતુભાઈ ભટ્ટ, પિયુષ મહેતા, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજા, ટ્રસ્ટીગણ સર્વશ્રી હરિશ્ચંદ્રસિંહ જાડેજા, પરબતસિંહ જાડેજા, વનરાજસિંહ રાયજાદા, આર.એમ.જાડેજા, નિર્મલસિંહ સરવૈયા, યુવરાજસિંહ જાડેજા, દેવેન્દ્રસિંહ જાડેજા, દૈવતસિંહ જાડેજા, કોર્પોરેટર સુરેન્દ્રસિંહ વાળા, નિરુભા વાઘેલા, વિરેન્દ્રસિંહ ઝાલા, કિશોરભાઈ રાઠોડ, હિરેનભાઈ મહેતા, પરષોતમભાઈ પીપળીયા, તખુભા રાઠોડ, મહેશભાઈ ચૌહાણ, યજ્ઞેશ જોષી, દિગ્વિજયસિંહજી જાડેજા, અજીતસિંહ જાડેજા-ભૂણાવા, સત્યજીતસિંહજી જાડેજા( રીબડા), ઈન્દ્રસિંહ જાડેજા(રીબડા), આદિત્યસિંહ ગોહિલ, વિક્રમસિંહ જાડેજા - કાંગસયાળી, મનોહરભાઈ બાબરિયા, અલ્પનાબેન ત્રિવેદી, રાજભા જાડેજા(ચાંપાબેડા), ડોક્ટર મનોજભાઈ મહેતા, રાજુભાઈ વ્યાસ, રઘુભા જાડેજા, રાજુભાઈ ઝવેરી, વિપુલભાઈ કામદાર, વિનોદભાઈ અમલાની, પ્રશાંતભાઈ વોરા, હેમભા વિસામળ, જયપાલસિંહ સરવૈયા-લોધિકા, શક્તિસિંહ જાડેજા-ગોંડલ, દિનુમામાં, દેવેન્દ્રસિંહ( ટીકુભાઈ) જાડેજા, દેવેન્દ્રસિંહ ગોહિલ, નિવૃત પોલીસ અધિકારી ભાવતુભા ઝાલા, જે બી જાડેજા , રાજભા ગોહિલ, શિલ્પકાર રુદ્ર ઠાકર સહિત મોટી સંખ્યામાં પૂજ્ય દાદાના ચાહકો ઉપસ્થિત રહ્યાં હતાં.



પારિવારિક-સામાજિક-રાજકીય સ્મરણો વાગોળતા યુવરાજ સાહેબ જયદીપસિંહજી જાડેજાએ કહ્યું હતું કે, સનાતન ધર્મના પાયાગત સિદ્ધાંતોની સમજ મને પૂજ્ય દાદા પાસેથી પ્રાપ્ત થઈ છે. એમણે સેવાસાધનાની અનોખી વ્યસ્તતા વચ્ચે પણ પૂજ્ય દાદાએ એમનું પારિવારિક ઉત્તરદાયિત્વ નિભાવવાની દિશામાં પણ ક્યારેય પાછીપાની કરી નથી,

પ્રાસંગિક ઉદ્બોધન કરતાં ડો.



અમારો ને રાજકારણમાં થતી ઊઠા-પટકના દાવ-પેચ નહીં પરંતુ ભારતીય સનાતન ધર્મ અને હિન્દુ સંસ્કૃતિના આધ્યાત્મિક વૈભવ-વારસાની અદ્વિતીય અણમોલ ભેંટ આપી છે.

મનોહરસિંહજી જાડેજા પરત્વે પોતાના ભાવો વ્યક્ત કરતાં રાણી સાહેબ કાદમ્બરી દેવીજીએ જણાવ્યું હતું કે, જાહેર જીવનની

કલાધર આર્યએ કહ્યું હતું કે, પૂજ્ય દાદા એટલે એક એવું ધબકતું અસ્તિત્વ, જેમણે પોતાની આંતર ચેતનાને અવિરત પ્રજ્વલિત રાખીને, પ્રત્યેક વ્યક્તિને નિર્દોષભાવે ખુલ્લા મનથી, હૃદયના ઊંડાણથી આવકારીને હંમેશા કરૂણા યુક્ત સ્નેહ વર્ષા કરી હતી. દાદાએ સદૈવ સ્વનિર્મિત નિરાળાં પથ પર ચાલવાનું સાહસ કરીને પોતાની રાજકીય, સાહિત્યિક તેમજ સામાજિક સ્તરે સેવાકીય સાધના સંપન્ન કરી છે

રાજ્યસભાના સાંસદ હ

ઉપનામ જેમનાં માટે પ્રયોજવામાં આવતું હતું તેવા મુઠ્ઠીઊંચેરા માનવી પુજ્ય દાદાના સાર્ધ શિલ્પનું અનાવરણ સંપન્ન થયું છે. રાજકોટ રાજ પરિવારની અવિરત કાળજી લેનારા મારાં પિતા એ કયારેય પોતાના અસ્તિત્વને પરિવાર પુરતું જ સીમિત કર્યું નહોતું પરંતુ વૈશ્વિક ફલક સુધી વિસ્તૃત કર્યું હતું. અગણિત લોકોના જીવનમાં પ્રકાશ પાથરવાનું દૈવીકાર્ય કરનારા રાજકોટના ઠાકોર

(અનુ. આઠમા પાને)

# ખરીફ પાકના વાવેતરમાં ગત વર્ષ કરતા નોંધપાત્ર ૮૪ ટકાનો વધારો

### ગત વર્ષે આ સમયગાળામાં ગુજરાતમાં ચોમાસુ પાકનું કુલ વાવેતર ૯,૯૩,૬૦૬ હેકટરમાં થયું હતુ તે આ વર્ષે વધીને ૧૮,૨૯,૫૯૭ હેકટર થઇ ગયું

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આ વર્ષે ૧૫ જૂનથી ચોમાસાના પ્રથમ તબક્કામાં ધોધમાર અને સાર્વત્રિક મેઘમહેર વરસી રહી છે. ત્યારે આ ચોમાસુ પણ સારૂ રહેશે તે આશાએ ખરીફ પાકના વાવેતરમાં ગત વર્ષની તુલનામાં આ વર્ષે ૮૪.૧૪ ટકાનો વધારો થયો છે. ગત વર્ષે આ સમયગાળામાં ગુજરાતમાં ચોમાસુ પાકનું કુલ વાવેતર ૯,૯૩,૬૦૬ હેકટરમાં થયું હતુ તે આ વર્ષે વધીને ૧૮,૨૯,૫૯૭ હેકટર થઇ ગયું છે.

હવે ધરતીપુત્રો માટે શ્રીકાર વર્ષા બાદ હાલ ધીમી ધારે પડતો વરસાદ પાક માટે ખૂબ જ ફાયદાકારક છે. હજી ગત સપ્તાહે જ સૌરાષ્ટ્રમાં મોટા પાયે વાવેતર થયું છે. વરસાદના રૂપમાં ખરીફ પાક પર કાચું સોનું વરસી રહ્યું છે તેમ ખેડૂતો જણાવી રહ્યાં છે. ગુજરાતમાં ગત વર્ષે ૨૪ જૂન સુધીમાં ખરીફ પાકનું કુલ વાવેતર ૯,૯૩,૬૦૬ હેકટરમાં થયું હતુ તે આ વર્ષે ૮૪.૧૪ ટકા વધીને ૧૮,૨૯,૫૯૭ હેકટરના આંકને આંબી ગયુ છે. આંકડાકીય રીતે ખરીફ પાકના વાવેતરમાં જૂનની ૨૩મી તારીખ સુધીમાં ગત વર્ષની તુલનાએ ૮,૩૫,૯૯૧ હેકટરનો વધારો થયો છે. જેમાં મગફળીનું વાવેતર સૌથી વધુ છે. મગફળીનું કુલ વાવેતર ૯,૦૬,૦૧૯ હેકટરમાં થયું છે જ્યારે સફેદ સોનુ ગણાતા કપાસનું વાવેતર ૭,૫૭,૮૪૨ હેકટરમાં થયું છે. દર વર્ષે કપાસનું કુલ એવરેજ વાવેતર રાજ્યમાં ૨૫,૩૪,૩૪૨ હેકટરમાં થાય છે અને તે પૈકી ૭,૫૭,૮૪૨ હેકટરમાં વાવણી થઈ ગઈ હોય ૨૯.૯૦ ટકા વાવેતર થઈ ગયું છે. ભાવનગર સહિત રાજ્યભરમાં સમયસરના ચોમાસાના આરંભથી વાવેતરમાં નોંધપાત્ર પ્રમાણમાં વૃદ્ધિ આ વર્ષે જોવા મળી છે. આ વર્ષે મગફળીના વાવેતરમાં ઘટાડો થયો છે. ગુજરાતમાં ગત વર્ષે ૨૩ જૂન સુધીમાં મગફળીનું કુલ વાવેતર ૩,૨૩,૬૮૭ હેક્ટરમાં થયું હતુ તે આ વર્ષે વધીને ૯,૦૬,૦૧૯ થઈ ગયુ છે. એટલે કે આ વર્ષે અત્યાર સુધીમાં મગફળીના વાવેતરમાં ૨૮૦ ટકાનો વધારો થયો છે.

**રાજ્યમાં ગત ચાર વર્ષનું ખરીફ વાવેતર**

| વર્ષ | વાવેતર |
|---|---|
| ૨૦૨૧ | ૮૪,૯૨,૭૦૧ |
| ૨૦૨૨ | ૮૫,૭૪,૪૯૬ |
| ૨૦૨૩ | ૮૬,૦૯,૨૪૯ |
| ૨૦૨૪ | ૮૪,૮૮,૭૮૪ |




# લીવરની બિમારીમાં ગુજરાત પાંચમા ક્રમે: માંસાહાર અને દારૂનું સેવન જીવલેણ પુરવાર

## માંસાહાર, દારૂનું સેવન અને બદલાયેલી જીવનશૈલી બની જીવલેણ: યુવાનો સૌથી વધુ ભોગ બન્યાં

**અબતક, રાજકોટ**

ગુજરાત, જે તેની દારૂબંધી માટે જાણીતું છે, ત્યાં હવે લીવર સંબંધિત બિમારીઓનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS) ના



મૃત્યુનો દર ૪.૨% પર પહોંચ્યો છે, જે રાજ્યને સમગ્ર દેશમાં પાંચમા ક્રમે

તાજેતરના અહેવાલે સૌને ચોંકાવી દીધા છે. આ સર્વે મુજબ, ગુજરાતમાં લીવર ડેમેજથી થતાં મૂકે છે. એક સમયે ભાગ્યે જ જોવા મળતા લીવર સંબંધિત રોગો હવે એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા તરીકે ઉભરી રહ્યા છે.

### રાજ્યવાર લીવર સંબંધિત બીમારીનું પ્રમાણ

NFHS ના સર્વે મુજબ, લીવર ડેમેજથી થતા મૃત્યુના પ્રમાણમાં સિક્કિમ ૧૯.૭% સાથે ટોચ પર છે, જ્યાં માંસાહાર અને દારૂનું સેવન વધુ પ્રમાણમાં થાય છે. ત્યારબાદ મિઝોરમ (૧૭.૯%), મણિપુર (૧૬.૧%), અને મેઘાલય (૧૩.૬%) જેવા પૂર્વોત્તર રાજ્યો આવે છે, જ્યાં પણ સમાન જીવનશૈલી જોવા મળે છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે એક તરફ બધાં જ પૂર્વીય રાજ્યો છે, તો બીજી તરફ પશ્ચિમ ભારતમાં એકલા ગુજરાતમાં ખાનપાન અને વ્યસનની ખોટી તાસીરનો ઉમેરો થતાં લીવરને લગતાં રોગોનું પ્રમાણ વધ્યું છે. જ્યાં ખોરાકની પરંપરામાં નૂડલ્સ અને મોમોઝ જેવી ફાસ્ટ ફૂડ આઈટમ્સનું ચલણ વધુ છે, તેવા રાજ્યોમાં પણ લીવરથી થતા મૃત્યુનું પ્રમાણ વધુ જોવા મળે છે, જે બદલાતી આહારશૈલીની નકારાત્મક અસર દર્શાવે છે.

NFHS દ્વારા ૨૦૧૨ થી ૨૦૨૨ દરમિયાન હાથ ધરવામાં આવેલા એક વ્યાપક સર્વેક્ષણમાં લીવર સંબંધિત મૃત્યુના આંકડાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જેમાં મહિલાઓ, પુરુષો અને રાજ્યવાર સ્થિતિ દર્શાવવામાં આવી હતી. આ સર્વેના આંકડા ખૂબ જ ગંભીર ચિત્ર રજૂ કરે છે: મહિલાઓ કરતાં પુરુષોમાં લીવર સંબંધિત મૃત્યુનું પ્રમાણ સાડા ત્રણ ગણું વધારે છે. સંશોધન દર્શાવે છે કે ૧૯% પુરુષો આલ્કોહોલનું સેવન કરે છે, જ્યારે તેની સામે માત્ર ૧% મહિલાઓ આલ્કોહોલનું સેવન કરે છે. આ તફાવત પુરુષોમાં મૃત્યુદર વધુ હોવાનું મુખ્ય કારણ છે.


### મોટાભાગના ૪૫ થી ૫૪ વર્ષના મૃત્યુ દર વધ્યો

યુવાનો જોખમમાં: આ સર્વેમાં મૃત્યુ પામનારા લોકોની વયજૂથનો પણ અભ્યાસ કરવામાં આવ્યો હતો. મોટાભાગના મૃત્યુ ૪૫ થી ૫૪ વર્ષના વયજૂથના લોકોમાં થયા છે, અને બીજા ક્રમે ૩૫ થી ૪૪ વર્ષના લોકોનો સમાવેશ થાય છે. આ આંકડા સૂચવે છે કે પુરુષોની કમાણી અને જવાબદારીની ઉંમરે જ લીવરના રોગો માથું ઊંચકી રહ્યા છે અને પ્રાણઘાતક સાબિત થઈ રહ્યા છે.



ડોકટરો અને સંશોધકોના મતે, પેટની સમસ્યાઓમાં લીવર દ્વારા થતી બિમારીઓ સૌથી પ્રાણઘાતક હોય છે. મોટાભાગના મૃત્યુમાં દારૂનું સેવન અને માંસાહારને જવાબદાર ગણવામાં આવ્યા છે. દસ વર્ષ પહેલાં ગુજરાતમાં લીવર સંબંધિત મૃત્યુનું પ્રમાણ ઘણું ઓછું હતું, પરંતુ હવે તે દેશના એવા રાજ્યોની હરોળમાં આવી ગયું છે જ્યાં દારૂનું સેવન વ્યાપક છે.આરોગ્ય નિષ્ણાતો માને છે કે ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં, ગેરકાયદેસર દારૂનું સેવન અને વધતા ચલણ લીવરના રોગોમાં વૃદ્ધિનું મુખ્ય કારણ છે. ઉપરાંત, અનિયમિત જીવનશૈલી, જંક ફૂડનું સેવન અને વ્યાયામનો અભાવ પણ લીવર પર નકારાત્મક અસર કરી રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લેતા, સરકારે અને સમાજે લીવરના આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધારવા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે તાત્કાલિક પગલાં ભરવા અનિવાર્ય છે.

આ આંકડા ગુજરાતના આરોગ્ય તંત્ર માટે એક મોટી ચેતવણી સમાન છે. જો આ વલણ ચાલુ રહેશે તો ભવિષ્યમાં લીવર સંબંધિત બિમારીઓ વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે.



## પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટના 'સુપર ૪૦' પ્રોજેક્ટનો ડંકો

# પ્રથમ બેચના ૪ વિદ્યાર્થીઓએ જેઈઈ એડવાન્સમાં મેળવી ઝળહળતી સફળતા

### ચેરમેન સ્વ. વિજયભાઈ રૂપાણી અને ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીના નેતૃત્વ હેઠળ સુપર ૪૦' પ્રોજેક્ટના પહેલનું પરિણામ



### અબતકની શુભેચ્છા મુલાકાતમાં પુજિત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટના સભ્યોએ માહિતી આપી

**અબતક, રાજકોટ**

રાજકોટ સ્થિત પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ૨૦૨૩ માં શરૂ કરાયેલા મહત્વાકાંક્ષી 'સુપર ૪૦' પ્રોજેક્ટના પ્રથમ બેચના વિદ્યાર્થીઓએ અસાધારણ સફળતા હાંસલ કરી છે. ૨૦૨૫ માં લેવાયેલી JEE (એડવાન્સ્ડ) પરીક્ષામાં આ પ્રોજેક્ટના ૪ બાળકો ઉત્તીર્ણ થયા છે, જેણે ટ્રસ્ટના સેવાભાવી પ્રયાસો અને વિદ્યાર્થીઓની સખત મહેનતને ઉજાગર કરી છે.

પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ, જે ૧૯૯૯ થી 'જ્ઞાન પ્રબોધિની પ્રોજેક્ટ' ચલાવી રહ્યું છે, તેણે ભણવામાં હોશિયાર પરંતુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને મદદ કરવાના ઉદ્દેશ્યથી ૨૦૨૩ માં 'સુપર ૪૦' પ્રોજેક્ટનો પ્રારંભ કર્યો હતો. બિહારના જાણીતા 'આનંદ કુમાર પ્રોજેક્ટ'થી પ્રેરિત થઈને, ટ્રસ્ટના ચેરમેન સ્વ વિજયભાઈ રૂપાણી અને ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીના નેતૃત્વ હેઠળ આ પહેલ શરૂ કરવામાં આવી હતી.

આ પ્રોજેક્ટ અંતર્ગત દર વર્ષે એન્જિનિયરિંગ અને મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા ધોરણ ૧૦ પછીના કુલ ૪૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવે છે. ૨૦૨૩ માં, રાજકોટના ૨૩ બાળકોને JEE (એન્જિનિયરિંગ) માટે અને ૧૭ બાળકોને NEET (મેડિકલ) માટે પસંદ કરવામાં આવ્યા હતા. ટ્રસ્ટ આ બાળકોના સંપૂર્ણ શૈક્ષણિક ખર્ચનું વહન કરે છે અને તેમને સઘન તૈયારી કરાવે છે. ગુજરાત સ્કૂલ ઓફ એક્સલન્સ દ્વારા તેમને સંપૂર્ણ શૈક્ષણિક અને શાળાકીય વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. આ સફળતા પાછળ ટ્રસ્ટી ડૉ. મેહુલભાઈ રૂપાણી, અમીનેશભાઈ રૂપાણી, મહેશભાઈ ભદ, જયેશભાઈ ભટ્ટ, હિંમતભાઈ માલવિયા, મીરાબેન મહેતા, ગીતાબેન તક્ક્ષા, હસુભાઈ ગણાત્રા, રાજેશભાઈ શેઠ વગેરેનો અથાગ પરિશ્રમ રહેલો છે. શૈક્ષણિક રીતે, ભાવિનભાઈ ભટ્ટ અને હર્ષદભાઈ પરમારના નેતૃત્વ હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્તમ તૈયારી કરી હતી. આ પ્રોજેક્ટ વિશે વધુ માહિતી માટે, ટ્રસ્ટના મુખ્ય ભવન ''કિલ્લોલ'', ૧-મયુર નગર, રાજકોટ મહાનગર પાલિકા પૂર્વઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ - ૩૬૦૦૦૩ નો ફોન નં. ૦૨૮૧-૨૭૦૪૫૪૫ પર સંપર્ક કરી શકો છો.

રાજકોટ માટે આ ગૌરવની વાત છે કે 'સુપર ૪૦' ની પહેલી બેચે આ શ્રેષ્ઠ પરિણામ સાથે પહેલો માઈલસ્ટોન હાંસલ કર્યો છે.

### સ્વ.વિજયભાઈ રૂપાણીનું સપનું આ બાળકોએ પૂરું કર્યું છે: ભાવિનભાઈ ભટ્ટ

અબતક સાથેની વાતચીતમાં પૂજિત રૂપાણી ટ્રસ્ટના ભાવિનભાઈ ભટ્ટ જણાવ્યું હતું કે તાજેતરમાં જાહેર થયેલા JEE (એડવાન્સ્ડ) પરીક્ષાના પરિણામોમાં, 'સુપર ૪૦' પ્રોજેક્ટના ૪ વિદ્યાર્થીઓએ કલ્પનાતીત સફળતા મેળવી છે. JEE મેઈન્સમાં ૧૯ બાળકો ઉત્તીર્ણ થયા બાદ, પ્રયાગરાજ ચુડાસમા, જીનીલ માંડવીયા, વૈશાલી સરવૈયા અને માનાણી જીત - આ ચાર વિદ્યાર્થીઓએ JEE (એડવાન્સ્ડ)માં ક્વોલિફાય કરીને IITમાં પ્રવેશ મેળવવાની દિશામાં મોટું પગલું ભર્યું છે. બાકીના વિદ્યાર્થીઓ પણ દેશની ટોચની યુનિવર્સિટીઓ જેવી કે NIITમાં એન્જિનિયરિંગ કરવા માટે પસંદ થયા છે. આજે પૂર્વ મુખ્યમંત્રી તેમજ પૂજિત રૂપાણી ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણીનું સપનું આ બાળકોએ પૂરું કર્યું છે.

### 'સુપર ૪૦' પ્રવેશ પરીક્ષા: એક અનેરી તક

પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ ધોરણ ૧૦ના હોશિયાર અને અભ્યાસમાં ઉત્સુક એવા બાળકોને હંમેશા આવકારે છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજકોટના ધોરણ ૧૦ SSC બોર્ડમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેઓ ભવિષ્યમાં સાયન્સ સ્ટ્રીમ પસંદ કરી NIIT માંથી ડોક્ટર અને IITમાંથી એન્જિનિયર બનવાનું સ્વપન જોવે છે, તેવા તમામ આર્થિક રીતે ચિંતિત, પરંતુ ભણવામાં હોશિયાર ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ 'સુપર ૪૦' ની પરીક્ષા આપી શકે છે. દર વર્ષે ડિસેમ્બર મહિનામાં પરીક્ષાના ફોર્મ ભરાવાના શરૂ થાય છે અને જાન્યુઆરીમાં રાજકોટ અને સૌરાષ્ટ્રના ૨૦ થી વધુ સેન્ટર પર પરીક્ષા લેવાય છે. માર્ચમાં ટોચના ૪૦ વિદ્યાર્થીઓની પસંદગી કરીને 'સુપર ૪૦' નું ગઠન કરવામાં આવે છે. પ્રવેશ પરીક્ષામાં કુલ ૧૦૦ ગુણના ૧૦૦ MCQ પ્રશ્નો પૂછવામાં આવે છે, જેમાં ગણિત (૪૦ MCQ), બાયોલોજી (૨૦ MCQ), ફિઝિક્સ (૧૫ MCQ), કેમિસ્ટ્રી (૧૫ MCQ), અને અંગ્રેજી (૧૦ MCQ) નો સમાવેશ થાય છે. ગણિત અને વિજ્ઞાન માટે જીએસઈબી બોર્ડ આધારિત સિલેબસ અને અંગ્રેજી માટે જી.એસ.ઈ.બી બોર્ડ સેકન્ડ લેંગ્વેજ આધારિત સિલેબસ રહે છે.

### ટ્રસ્ટ દ્વારા અમારી કારકિર્દીની સતત ચિંતા કરાય છે: પ્રયાગરાજ ચુડાસમા

પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટના 'સુપર ૪૦' પ્રોજેક્ટના પ્રથમ બેચના વિદ્યાર્થી અને તાજેતરમાં જ JEE (એડવાન્સ્ડ) માં ઝળહળતી સફળતા મેળવનાર પ્રયાગરાજ ચુડાસમાએ 'અબતક' સાથેની વાતચીતમાં પોતાનો અપાર આનંદ વ્યક્ત કર્યો હતો. તેણે જણાવ્યું કે ટ્રસ્ટ દ્વારા તેમને તેમની શ્રેષ્ઠ કારકિર્દી માટે સતત ચિંતા અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ ભણવામાં હોશિયાર, પરંતુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ઉચ્ચ સ્તરીય શિક્ષણ અને તાલીમ આપીને એન્જિનિયરિંગ અને મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે મદદ કરે છે. અમારી સફળતામાં ટ્રસ્ટના સમર્પણ અને સખત મહેનતનું પરિણામ છે. તેણે પોતાની સફળતાનો શ્રેય ટ્રસ્ટને આપતા કહ્યું, અમને અભ્યાસ માટે ઉત્તમ વાતાવરણ અને જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી. શિક્ષકોની મહેનત અને ટ્રસ્ટીઓની સતત દેખરેખને કારણે જ અમે આ સિદ્ધિ હાંસલ કરી શક્યા છીએ. આર્થિક બોજની ચિંતા વિના માત્ર અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી અમને ઘણો ફાયદો થયો.

## સીબીએસઈ ધોરણ:૧૦-૧૨ની પૂરક પરીક્ષા ૧૫મીથી શરૂ થશે

### પૂરક પરીક્ષા પૂર્ણ થયા બાદ વહેલી તકે પરિણામ જાહેર કરાશે, જેથી પાસ થયેલા વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે જ આગળના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે

**અબતક, રાજકોટ**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો છે. જેમાં ધોરણ-૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા ૧૫ જુલાઈથી શરૂ કરવાનું નક્કી કરાયું છે. આ પૂરક પરીક્ષા ૨૨ જુલાઈના રોજ પૂર્ણ થશે. બોર્ડની મુખ્ય પરીક્ષામાં નાપાસ થયા હોય અથવા તો જે વિદ્યાર્થીઓ પોતાના



પરિણામ સુધારવા માગતા હોય તેઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. પૂરક પરીક્ષા પૂર્ણ થયા બાદ વહેલી તકે પરિણામ જાહેર કરાશે, જેથી પાસ થયેલા વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે જ આગળના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે.પ્રાપ્ત માહિતી અનુસાર, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી ધોરણ-

(અનુ. આઠમા પાને)

## ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસ અંતર્ગત ભાજપ આયોજિત રક્તદાન કેમ્પને બહોળો પ્રતિસાદ

### જીવનદીપ બ્લડ બેંક, ફીલ્ડમાર્શલ બ્લડ બેંક, નાથાણી બ્લડ બેંક, સિવિલ બ્લડ બેંકનો સહયોગ પ્રાપ્ત થયો

**અબતક, રાજકોટ**

જનસંઘના સ્થાપક પ્રમુખ અને ભારતીય જનતા પાર્ટીના માર્ગદર્શક રાષ્ટ્રને સમર્પિત એવા પ્રખર રાષ્ટ્રભક્ત ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીનો બલિદાન દિવસ ભારતીય જનતા પાર્ટી દ્વારા સેવાકીય પ્રવૃતિઓ કરી ઉજવવામાં આવે છે. આ અંતર્ગત ભાજપ પ્રમુખ ડૉ. માધવ દવે અને પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડૉ. પ્રશાંતભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ રાજકોટના તમામ વૉર્ડમાં મેગા રકતદાન કેમ્પનું આયોજન શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશનભાઈ ટીલવા, મહામંત્રી મિલન લીંબાશીયા, સહદેવ

(અનુ. આઠમા પાને)



## ''અબતક'' પરિવારના તેજસ્વી તોખાર દીપક ત્રિવેદીનો આજે જન્મદિવસ

''અબતક'' પરિવારના પાયાના પથ્થર સમાન એવા દીપકભાઈ ત્રિવેદીનો આજે જન્મદિવસ છે. સમગ્ર મીડિયા જગતમાં પોતાનું આગૂસ સ્થાન ધરાવે છે મળતા લવડા સ્વભાવ અને તરીઆાવે શકિત ધરાવતા અને પોતાની કામ પ્રત્યેની નિષ્ઠા જ દીપકભાઈ ત્રિવેદી અલગ છે,દીપકભાઈ ત્રિવેદીઝડપી વિચારસરણી અને વિશ્લેષણ પોતાના વિષય પર ઊંડી પકડ,કાર્યક્ષેત્રમાં હંમેશા ઉત્સાહ ગતિશીલતા જાળવી રાખતા, પરંપરાગત રીતોથી અલગ હટીને કંઈક નવું કરવાનો પ્રયાસ કરતા પોતાની કાર્યશૈલી અને વ્યક્તિત્વને કારણે લોકોમાં જાણીતા ટીમને માર્ગદર્શન આપવાની અને આગળ વધારવાની ક્ષમતા ધરાવે છે. દીપકભાઈ રાજકીય સામાજિક આગેવાનો સાથે સુમેળભર્યા સંબંધ ધરાવે છે અને સમાજમાં પણ તેનું ખાસ સ્થાન છે મીડિયામાં પોતાનું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક કામ કરી તેઓ એક વિશેષ લોકશાહના ધરાવે છે આજે તેમના જન્મદિવસ જન્મદિવસ નિમિત્તે અબતક પરિવાર ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે અને તેઓ જીવનમાં ઉતરોતર પ્રગતિ કરે તેવા સુભાષિશઆપે છે,આજે તેમના જન્મદિવસ નિમિત્તે મિત્ર વર્તુળ અને સ્નેહીજનો તરફથી તેમના મોબાઈલ નંબર ૯૩૭૪૮૨૪૦૭૪ પર શુભેચ્છા વર્ષા નો ધોધ વરસી રહ્યો છે.




## ''અબતક'' મીડિયાના પાયાના પથ્થર એવા ચેતન દવેનો આજે જન્મદિવસ

''અબતક'' મીડિયાના પાયાના પથ્થર એવા ચેતન દવેનું આજે જન્મદિવસ છે તેઓ અબતક મીડિયામાં હેડ ઓફ કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટ લની કામગીરી સંભાળી રહ્યા છે, તેઓ અબતક મીડિયા સાથે છેલ્લા ૧૪ વર્ષથી જોડાયેલા છે, ચેતન દવે કર્મનિષ્ઠાને કારણે તેઓ પોતાનું આગવુ સ્થાન ધરાવે છે,કર્મનિષ્ઠા, આત્મીયતા અને સામાજિક ચેતના ખરેખર પ્રેરણાદાયક છે. ગુરુ પ્રત્યેનો સમર્પણ ભાવ તમને એક અનોખું વ્યક્તિત્વ પ્રદાન કરે છે. સંતોનો સત્સંગ, ધર્મ કાર્યો અને ગુરુમાં શ્રદ્ધા વ્યક્તિત્વને વધુ ઉજ્જ્વળ બનાવે છે હંમેશા આત્મીય ચેતનાને ઉજાગર રાખી, સંતોનો સત્સંગ, ધર્મ કાર્યો અને ગુરુને જીવનનો અભિન્ન અંગ બનાવ્યા છે. સંબંધોમાં નિસ્વાર્થ ભાવના અને સમર્પણની ભાવના તમને સાચા અર્થમાં 'સામાજિક ચેતનાના પર્યાય' બનાવે છે.

ચેતનભાઈ દવે આત્મીય ચેતનાને સતત ઉજાગર રાખવા કર્મનિષ્ઠા સાથે સાથે સંતોનો સત્સંગ ધર્મ કાર્યો અને ગુરુને સતત નજર સમક્ષ રાખીને જીવન સાથે કર્મ અને કર્તવ્ય માને છે સંબંધોમાં નિસ્વાર્થ ભાવ અને સમર્પણની ભાવનાથી અબતક પરિવારના ચેતન દવે ખરા અર્થમાં સામાજિક ચેતનાના પર્યાય બની ગયા છે આજે તેમના જન્મદિવસે અનરાધાર શુભેચ્છા વર્ષા વરસી રહી છે

૯૫ાર જન્મદિવસે સગા સ્નેહી મિત્રો વર્તુળ દ્વારા તેમના મો. નં ૯૪૨૮૬ ૦૬૦૪૨ પર શુભેચ્છા વર્ષા વરસી રહી છે



## ગુજરાત ખેતી બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાનો આજે જન્મદિવસ

### સહકારી ક્ષેત્ર, રાજકારણ અને સમાજ સેવાની જવાબદારી નિભાવવામાં ડોલરભાઈ કોટેચાનું નેતૃત્વ બેનમૂન



ગુજરાત ખેતી બેંકના ચેરમેન સહકારી ક્ષેત્રના મોભી અને જુનાગઢ કોકો બેંક ના પૂર્વ ચેરમેન ડોલરભાઈ કોટેચા નો આજે જન્મદિવસ છે,દાયકાઓના જાહેર જીવન અને ખાસ કરીને સહકારી ક્ષેત્રને કાર્યકુશળતા અને પોતાની રાજકીય કુનેહ થી નવી દિશા આપનાર ડોલરભાઈ કોટેચા સોપાયેલી જવાબદારી નિષ્ઠાપૂર્વક અદા કરવા માટે જાણીતા છે. ગુજરાત રાજ્ય ખેતી બેંકના ચેરમેન તરીકેની કામગીરી દરમિયાન ગુજરાત ખેતી બેંકને અનેક નવા કીર્તિમાનો અપાવવાનો યશ ડોલર ભાઈને ફાળે જાય છે, જુનાગઢ કોકો બેક ના ચેરમેન તરીકે ડોલર ભાઈ કોટેચા ના નેતૃત્વમાં કોકો બેંક એ સહકારી બેંક ની તવારીખ માં એક આગવી ઓળખ ઉભી કરી હતી, જુનાગઢ કોકો બેંક સહકારી બેંક હોવા છતાં રાષ્ટ્રીયકૃત બેંકો જેવી સુવિધા, અને સતત પણે નવી નવી શાખાઓના વિસ્તાર અપાવવામાં ડોલર ભાઈ નું નેતૃત્વ હંમેશા યાદ રહેશે, સહકારી અને રાજકીય ક્ષેત્ર ઉપરાંત જ્ઞાતિ સમાજના સંગઠનમાં પણ ડોલરભાઈએ તેમના નેતૃત્વની સુવાસ ફેલાવી છે વિશ્વ લોહાણા મહા પરિષદના સલાહકાર બોર્ડના સભ્ય સહિતની જવાબદારીઓ ને ખૂબ જ ન્યાયપૂર્વક નિભાવવા માં ડોલરભાઈ કોટેચા નું નેતૃત્વ બેનમૂન રહ્યું છે આજે તેમના જન્મદિવસે શુભેચ્છાઓનો વરસાદ વરસી રહ્યો છે.


## રંગીલા રાજકોટના સાહસિકોની મનાલી-લેહ-કારગિલ ૫૦૦ કિમી સાયકલિંગ

### અબતકની શુભેચ્છા મુલાકાતમાં પાર્થ મહેતાએ મનાલી લેહ કારગીલ સાયકલિંગ અંગેની આપી માહિતી

**અબતક, રાજકોટ**

રંગીલા રાજકોટના સાહસિકો ફરી એકવાર અનોખો પડકાર ઝીલવા સજ્જ બન્યા છે. શહેરના સાયકલિંગ ઉત્સાહીઓનું એક મિત્રવર્તુળ આગામી ૯ જુલાઈથી મનાલી-લેહ-કારગિલ સાયકલિંગ યાત્રા પર નીકળશે. આ ગ્રુપ ૫૦૦ કિલોમીટરનું કપરૂ અંતર સાયકલ પર કાપશે, જેમાં તેઓ મનાલીથી લેહ અને ત્યાંથી કારગિલ સુધીનો પ્રવાસ કરશે.

રાજકોટની વાત જ કંઈક અલગ છે, જ્યાં કેટલાક લોકો મોડી રાત સુધી ધંધા-રોજગારમાં વ્યસ્ત રહી સવારે મોડા ઉઠે છે, તો ઘણાં લોકો વહેલી સવારથી જ પોતાના સ્વાસ્થ્ય માટે દોડવા કે સાયકલિંગ કરવા નીકળી પડે છે. આવા જ સાયકલિંગ પ્રેમીઓનું આ મિત્રવર્તુળ હવે એક અદભુત સાહસ



ખેડવા જઈ રહ્યું છે.

આ ૫૦૦ કિમીની યાત્રામાં સાયકલ સવારોને માત્ર લાંબા અંતરનો જ નહીં, પરંતુ હિમાલયની કઠિન ભૌગોલિક પરિસ્થિતિઓનો પણ સામનો કરવો પડશે. ટાઢ, તાપ, વરસાદ અને સૌથી મહત્ત્વનું તો ઓછા ઓક્સિજન સ્તર વચ્ચે તેઓ દરરોજ ૪૦ થી ૫૦ કિલોમીટરનું સાયકલિંગ કરશે. આ રસ્તો ખૂબ જ કઠિન છે, જેમાં ઊંચા-ઊંચા ઢાળ ચડવાનો પડકાર પણ સામેલ છે. આ સાહસ માટે આ મિત્રવર્તુળે મહિનાઓ અગાઉથી જ કમર કસી લીધી છે. રાજકોટના માધાપર ચોકડીથી ગોંડલ ચોકડી સુધીના પુલો પર, ભીચરી માતાજીના મંદિર પાસેના હિલી વિસ્તારમાં અને રાજકોટથી દ્વારકા, સાળંગપુર, જૂનાગઢ, જામનગર સુધી લાંબા અંતરનું સાયકલિંગ કરીને તેમણે પોતાની તૈયારીઓને આખરી ઓપ આપ્યો છે.

આ સાહસિક મનાલી-લેહ-કારગિલ સાયકલિંગમાં રાજકોટના કુલ ૧૦ સાહસિકો ભાગ લઈ રહ્યા છે. જેમાં અમિત ટાંક, પાર્થ મહેતા (વાઘર), ભાવિન મચ્છર, સાહિલ લાખાણી, નિલેશ સચદેવ, મહેન્દ્ર કનેરિયા, હર્ષ મણવર, રિયા મણવર, રમેશ કાનાણી અને જય માનસુરીયા નો સમાવેશ થાય છે.

### 'અબતક' ના ડિજિટલ અને ચેનલ પર સાહસિકોની યાત્રાનો વિશેષ રોમાંચક ઝલક નિહાળો

સાહસ અને દ્રઢ નિશ્ચયની અનોખી ગાથા રજૂ કરતા રંગીલા રાજકોટના ૧૦ સાયકલિંગ વીરો દ્વારા તાજેતરમાં જ સંપન્ન થયેલી મનાલી-લેહ-કારગિલ સાયકલિંગ યાત્રા પર એક વિશેષ કાર્યક્રમ 'અબ તક' ચેનલ અને ડિજિટલ મીડિયા પર પ્રસારિત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં રાજકોટના આ સાહસિકોએ કેવી રીતે ૫૦૦ કિલોમીટરનું કપરૂ અંતર કાપી, હિમાલયની કઠિન પરિસ્થિતિઓ જેવી કે ટાઢ, તાપ, વરસાદ અને ઓછા ઓક્સિજન સ્તરનો સામનો કર્યો તેની રોમાંચક ઝલક જોવા મળશે.

## ક્રિસ્ટલ સ્કુલની વિદ્યાર્થીની શિવાની ગુજરાત સરકારની સ્કોલરશીપ મેળવશે

**અબતક, રાજકોટ**

તાજેતરમાં જાહેર થયેલ ધો. ૧૨ સામાન્ય તેમજ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા રુપે જીલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને જીલ્લા નાયબ નિયામક કચેરી રાજકોટ દ્વારા પ્રોત્સાહન આપવા માટે સ્કોલરશીપની જાહેરાત થયેલ છે. જેમાં જીલ્લાની તમામ શાળાઓમાંથી પ્રથમ નંબરે બી ગ્રુપમાં ક્રિસ્ટલ સ્કૂલ્સની વિદ્યાર્થીની રામ શિવાની તેમજ એ ગ્રુપમાં મોદી સ્કૂલ્સનો વિદ્યાથી વ્યાસ તિર્થ તેમજ બીજા અને ત્રીજા નંબરે ડ્રિમ સ્કુલની વિદ્યાર્થીની કામલીયા મનાલી તેમજ મોદી સ્કૂલ્સની વિદ્યાર્થીની જેઠવા જાનવી વગેરેના નામની અખબારી યાદી જાહેર કરી શાળાઓને સુચિત કરી વિદ્યાર્થીઓની ખાતા નંબર સાથેની માહીતી મંગાવવામાં આવી છે.

ગુજરાત સરકાર નિયામક કચેરીના આ આયોજનથી બાળકોમાં અભ્યાસ પ્રત્યેનો અભિગમ બદલશે અને તેમનો ઉત્સાહ વધશે અને ગુજરાતના વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરશે.

# પ્ર.નગર પોલીસે ચોરીના કેસમાં કબ્જે કરેલો સોનાનો ઢાળિયો એએસઆઈએ ગાયબ કરી દીધો

## વર્ષ ૧૯૯૪ના ગુનામાં મુદ્દામાલ પરત કરવા કોર્ટે હુકમ કરતા ઢાળિયો ગાયબ થઈ ગયાનો ઘટસ્ફોટ થયો'તો

**અબતક, રાજકોટ**

રાજકોટના પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં અગાઉ ફરજ બજાવતા અને હાલ નિવૃત થઈ ગયેલા તત્કાલીન એસઆઈ વિરુદ્ધ રૂ. ૬૫,૦૦૦ નો સોનાનો ઢાળિયો ઓળવી જવા અંગે પ્ર.નગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. વર્ષ ૧૯૯૪ માં ચોરીના કેસમાં વર્ષ ૧૯૯૮માં પોલીસે સોનાનો ઢાળિયો કબજે કર્યો હતો અને તે અહીં પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યો હતો. દરમિયાન આરોપી મુદ્દામાલ રાઈટર હેડે વર્ષ ૨૦૦૦ માં ચાર્જ અન્યને સોંપ્યો ત્યારે મુદ્દામાલમાં ઢાળિયા સોંપ્યો ન હતો. દરમિયાન આ કેસમાં કોર્ટે મુદ્દામાલ માલિકને પરત કરવાના હુકમ કરતા પોલીસ સ્ટેશનમાંથી સોનાનો ઢાળિયો ગાયબ થયો હોવાનું માલુમ પડ્યું હતું અને ત્યારબાદ તપાસના અંતે તત્કાલિન એ.એસ.આઈ એન.બી. ભટ્ટ વિરુદ્ધ આ ગુનો નોંધાયો છે.

જાણવા મળતી વિગતો મુજબ, પ્ર.નગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.કે. ગોહિલ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પ્ર.નગર પોલીસ સ્ટેશનના તત્કાલીન એએસઆઈ નવીનચંદ્ર બાલાશંકર ભટ્ટ (ઉ.વ ૬૦) નું નામ આપવામાં આવ્યું છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે,

### પ્ર.નગર પોલીસ મથકના પીએસઆઈએ તત્કાલીન એએસઆઈ એન બી ભટ્ટ વિરુદ્ધ ફરીયાદ નોંધાવી

પ્ર.નગરમાં થયેલી જાણવાજોગ એન્ટ્રીની તપાસ પી.એસ.આઈ બેલીમ ચલાવતા હોય તેની બદલી થતાં આ તપાસ ફરિયાદીને સોંપવામાં આવી હતી. જે અરજીમાં વર્ષ ૧૯૯૪માં થયેલી ચોરીમાં ૯/૧૦/૧૯૯૮ ના રૂ. ૬૫,૦૦૦ ની કિંમતનો સોનાનો ઢાળિયો કબજે કરવામાં આવ્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતા ગત તા. ૧૮/૫/૨૦૨૪ ના કોર્ટ દ્વારા આ મુદ્દામાલ તેના માલિક મૃદુલાબેન અરવિંદભાઈ ઠાકરને પરત સોંપવા હુકમ કર્યો હતો. જેથી તેઓ અહીં પોલીસ સ્ટેશનને આવ્યા હતાં. દરમિયાન પોલીસ સ્ટેશનને જે કબાટમાં મુદ્દામાલ રાખવામાં આવે છે તેમાં તપાસ કરતા સોનાનો ઢાળીયો મળી આવ્યો ન હતો.

જેથી આ બાબતે જાણવા જોગ દાખલ કરી તપાસ કરતા ૧૯૯૮ માં પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલ રાઈટર હેડ તરીકે એએસઆઈ નવીનચંદ્ર બાલાશંકર ભટ્ટ ફરજ બજાવતા હતા. પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલ રાઈટર હેડ તરીકે તેમની ફરજ દરમિયાન તેમણે પોલીસ સ્ટેશનમાં જમા કરવામાં આવેલ મુદ્દામાલની દેખભાળ અને સાચવણીની જવાબદારી રાખવાની હોય છે. વર્ષ ૧૯૯૮ માં સોનાનો ઢાળિયો તેમણે મુદ્દામાં રાઈડર હેડ તરીકે સંભાળ્યા બાદ વર્ષ ૨૦૦૦ ની સાલમાં તેમના કબજામાં રહેલ તમામ મુદ્દામાલનું ચાર્જ લિસ્ટ અને મુદ્દામાલનો ચાર્જ અન્ય રાઈટરને સોપ્યો હતો તે સમયે તેમણે સોનાનો ઢાળિયો સોંપ્યો ન હોય જે તપાસ દરમિયાન બહાર આવતા તત્કાલીન એએસઆઈ એન.બી.ભટ્ટ વિરુદ્ધ આઈપીસી આઈપીસીની કલમ ૪૦૯ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# મહીકા ગામે ભાભી પર દિયરનો છરી વડે હુમલો

### માતા સાથે ફોન પર વાત કર્યાનું નહિ ગમતા પતિએ ઝગડો કર્યો : માવતરે મુકવા જતાં રસ્તામાં દિયરે છરી હુલાવી

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ મહીકા ગામે માતા સાથે વાત કરતી પત્ની સાથે પતિએ ઝગડો કર્યા બાદ દિયરે છરી હુલાવ્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. મામલામાં આજીડેમ પોલીસમાં પતિ અને દિયર વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

રાજકોટ શહેરની ભાગોળે આવેલ મહીકા ગામે રાધિકા સોસાયટીની સામે રહેતી ૩૫ વર્ષીય પરિણીતા અરુણાબેન મહેશભાઈ સોલંકીએ આજીડેમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં પતિ મહેશ બાબુ સોલંકી અને દિયર સંજય બાબુ સોલંકીનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારા પતિ મહેશભાઈ સાથે તેર વર્ષનો લગ્નગાળો છે. દરમિયાન મારે સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. ગઈ તા.૨૯/૦૬/૨૦૨૫ ના રોજ રાત્રિના આઠેક વાગ્યાના અરસામાં અમારા ઘરે મારા પતિ તથા મારા સંતાનો હાજર હતા. ત્યારે હું મારા માતા પાંચીબેન સાથે ફોનમાં વાત કરતી હતી. જે મારા પતિ મહેશને ગમ્યું નહીં જેથી મારી સાથે બોલાચાલી કરવા લાગેલ હતો. ત્યારબાદ પતિએ કહેલ કે, હાલ તને તથા બાળકોને તારા પિતાના ઘરે મૂકી જાવ તેમ કહી મને તથા મારા બંને બાળકોને રીક્ષામાં બેસાડીને મારા પિતાના ઘરે આવવા નીકળેલ હતા. દરમિયાન આશરે દસેક વાગ્યે મહીકાના પાટીએ પહોંચતા ત્યાં મારો દિયર સંજય સોલંકી ઉભો હોય પતિએ રીક્ષા ઉભી રાખી અને મને નીચે ઉતારેલ હતી. ત્યારબાદ મારા પતિ મને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલ હતો. મે ગાળો બોલવાની ના પાડતા મારા પતિ મને ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો. જેથી મેં તેમના મારથી બચવાની કોશિશ કરતા ત્યાં બાજુમાં ઊભેલ મારા દિયર સંજયએ મને ગાળો આપી તેના પેન્ટના નેફામાંથી છરી કાઢી મને પેટના ભાગે એક ઘા મારી દીધેલ હતો. ત્યારબાદ બીજો ઘા મારવા જતા મે મારો ડાબો હાથ આડો રાખતા બાવડાના ભાગે સામાન્ય ઈજા થયેલ હતી. બાદમાં સ્થાનિકો એકત્રિત થઈ જતાં દિયર ત્યાંથી ભાગી ગયેલ હતો. જે બાદ કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફોન કરીને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડી હતી. મામલામાં પરિણીતાએ હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ નોંધાવતા આજીડેમ પોલીસે બીએનએસની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રદ્યુમન પોલીસે ખોવાયેલા ૧૭ મોબાઈલ મૂળ માલિકોને પરત સોંપ્યા

### રૂ.૨,૬૨,૪૦૦ ની કિંમતની મતા પાછી મેળવી અરજદારો થયા ભાવુક



**અબતક, રાજકોટ**

પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ૨,૬૨,૪૦૦ની કિંમતના ૧૭ મોબાઈલ ફોન મૂળ માલિકોને પરત અપાવતા અરજદારો ભાવુક બન્યા હતા.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ તેરા તુજકો અર્પણ અંતર્ગત પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન દ્વારા ગુમ થયેલ મોબાઈલની માહિતી સીઈઆઈ આર પોર્ટલ અને ટેકનિકલ એનાલિસિસ દ્વારા ૧૭અલગ અલગ કંપનીના મોબાઈલ ૨,૬૨,૪૦૦ માલિકોને પરત કરાવ્યા હતા આ કામગીરીમાં પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.આર કે ગોહિલ, ટીમના મહેન્દ્રભાઈ વાળા, અરવિંદભાઈ ઝાપડિયા, જેસલ બેન મોરી, વૈશાલીબેન ઘરસેંડા, અને રીટાબેન દેવાયતકા એ જહેમત ઉઠાવી હતી

# નાનાભાઈની કેન્સરની બીમારીના ફફડાટથી યુવાનનો આપઘાત

### યુવાને ભરેલા પગલાથી પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી

**અબતક, રાજકોટ**


રાજકોટમાં ઈમિટેશનના કારીગર આશાસ્પદ યુવાને ભાઈની કેન્સરની બીમારી જોયા પછી ભયભીત બની આત્મહત્યા કરી લીધાનો કરુણ બનાવ નોંધાયો છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ બી ડિવિઝન પોલીસ મથકમાં આવેલ સામાકાંઠા વિસ્તારના પેડક રોડ પાસે વાલ્મિકી વાસ નજીક રહેતા જીતેશભાઈ ઘનશ્યામભાઈ ઝીંઝુવાડીયા એ ગઈકાલે પોતાના ઘરના રૂમમાં લોખંડના એંગલ માં દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો, પરિવારજનોએ બંધ રૂમનો દરવાજો તોડી યુવક ને નીચે ઉતારી દવાખાને ખસેડવામાં આવતા સારવાર મળે તે પહેલા તેનું મોત નિપજ્યું હતું. અંગે પોલીસની પ્રાથમિક તપાસમાં આપઘાત ના કારણોમાં જીતેશભાઈ ઘનશ્યામભાઈ ઝીંઝુવાડીયા ના નાના ભાઈને કેન્સરની બીમારી હોય અને જીતેશ ભાઈ તેને સારવાર માટે દવાખાને લઈ જતા હોય ...તે કેન્સર ની બીમારીથી ડરી ગયો હોય, અને તમાકુનું વ્યસન મૂકી દીધા છતાં ,તે ગુમશુમ રહેતો હતો અને બીમારીના ડરથી તેને આ પગલું ભરી દીધું હોવાનુ બહાર આવ્યું છે .જીતેશ ઈમિટેશન નું કામ કરે છે અને ચાર ભાઈઓમાં વચ્ચેટ હતો અને તેના મોત થી એક પુત્ર એ પિતાની છાયા ગુમાવી છે આ અંગેએ એસ આઈ જયપાલસિંહ એ તપાસ હાથ ધરી છે

# હળવદ નજીકથી રૂ.૧૮.૨૫ લાખનું બિયર ભરેલો ટ્રક ઝડપાયો

### બટેકાની આડમાં લવાયેલા બિયરના ૮૨૯૮ ટીન, ટ્રક, મોબાઈલ મળી કુલ રૂ. ૨૮.૩૭ લાખના મુદ્દામાલ સાથે ચાલકની ધરપકડ

### સપ્લાયર-રીસીવર સહિત છ શખ્સોની શોધખોળ : એસએમસી પીઆઈ પી પી બ્રહ્મભટ્ટ ટીમનો દરોડો



**અબતક, રાજકોટ**

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે મોરબી જિલ્લાના હળવદ-માળીયા હાઈવે પર દેવરીયા નજીકથી બીયર ભરેલો ટ્રક ઝડપી લીધો છે. એસ.એમ.સી. ટીમે બટેકાની આડમાં લવાયેલો રૂ.૧૮.૨૫ લાખની કિંમતના ૮૨૯૮ બિયરના ટીન, ટ્રક, મોબાઈલ મળી રૂ. ૨૮.૩૭ લાખના મુદ્દામાલ સાથે રાજસ્થાની ટ્રક ચાલકની ધરપકડ કરી છે. જ્યારે બિયરના સપ્લાયર - રીસીવર સહિત કુલ છ શખ્સોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર સ્ટેટ મોનિટરિંગ સેલના પીઆઈ પી પી બ્રહ્મભટ્ટની ટીમને બાતમી મળી હતી કે, બિયરનો જથ્થો ભરી એક ટ્રક હળવદ - માળીયા હાઈવે પર દેવરીયા ગામ નજીકથી પસાર થનાર છે. જે બાતમીના આધારે એસએમસી ટીમે દેવરીયા ગામ નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી વાળો ટ્રક જેના નંબર જીજે-૧૬-ઝેડ-૧૯૦૩ પસાર થતા તેને અટકાવી, કોર્ડન કરી એસએમસી ટીમે ઝડતી કરતા બટાકાની આડમાં છુપાવેલ રૂ. ૧૮,૨૫,૫૬૦ ની કિંમતની ૮૨૯૮ બિયરના ટીન મળી આવ્યા હતા. એસએમસી ટીમે બીયર, મોબાઈલ, રોકડ મળી કુલ રૂ. ૨૮,૩૭,૪૬૦ નો મુદ્દામાલ કબજે કરી રાજસ્થાનના જાલોર જિલ્લાના વતની ટ્રક ડ્રાઈવર મુકેશ પુનામારામ જંગુની ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે ઝડપાયેલ ટ્રક ચાલક વિરુદ્ધ લોધિકા અને ટંકારા પોલીસ મથકમાં અગાઉ પણ દારૂના બે ગુના નોંધાઈ ચૂક્યા છે.

એસએમસીની પ્રાથમિક પૂછપરછમાં ચાલકે કેફિયત આપી હતી કે, ડી.એસ જાસોલ નામના શખ્સે બિયરનો જથ્થો મોકલાવ્યો છે. જેથી એસએમસી ટીમે સપ્લાયર ડી એસ જાસોલ, ટ્રક માલિક, ફાસ્ટટેગ હોલ્ડર અને બિયરનો જથ્થો મગાવનાર સહિત કુલ છ શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

# હોર્ન કેમ વગાડે છે ? કહી ખોખળદળ ગામ નજીક પિતા-પુત્ર અને ગર્ભવતી પત્ની પર હુમલો

### ચાર શખ્સો ધોકા, પાઈપ અને ચાના ડોયા વડે તૂટી પડ્યા : આજીડેમ પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ ખોખળદળ ગામ નજીક હોર્ન વગાડવા બાબતે ચાર શખ્સોએ પિતા-પુત્ર અને પત્નીને લાકડાના ધોકા, લોખંડનો પાઈપ અને ચાના ડોયા વડે માર માર્યાનો બનાવ આજીડેમ પોલીસના ચોપડે નોંધાયો છે.

ખોખળ દળ ગામે રહેતા ૨૫ વર્ષીય યુવાન વેપારી દર્શનભાઈ નિતેશભાઈ કોરાટે આજીડેમ પોલીસમાં નોંધાવેલી ફરીયાદમાં ચાર અજાણ્યા શખ્સોનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું પડવલા ગામ ખાતે પ્રણામ ટુલ્સ નામે હાર્ડવેરની દુકાન ચલાવું છું. ગત તા. ૨૮/૦૬/૨૦૨૫ રાત્રિના આશરે પોણા આઠ વાગ્યે હું મારી કિયા ગાડી જેના નંબર જીજે-૦૩-એલએમ-૧૦૯૭ લઈ મારી દુકાનેથી ઘરે ખોખળદળ જતો હતો. ત્યારે વરુણ કાસ્ટીંગ પાસે ખોખળદળ જવાના રસ્તે પહોંચતા રોડ પર એક ભાઈ રોડ ક્રોસ કરતા હતા. જેથી મે હોર્ન વગાડેલ હતું. તેથી તે ભાઈ મને ગાળો બોલી કેમ હોર્ન વગાડે છે તેમ કેહવા લાગેલ હતો. પરંતુ હું ત્યાંથી આગળ જવા લાગેલ હતો. ત્યારે તે શખ્સે પાછળથી પથ્થરનો ઘા કરી ગાડીના પાછળના ભાગનો કાચ તોડી નાખેલ હતો.

બાદ હુ મારી ફોરવ્હીલ ઉભી રાખી નિચે ઉતરેલ હતો. દરમિયાન અજાણ્યો શખ્સ મારી પાસે આવી ગયેલ અને મારો કોલર પકડી મને ગાળો આપવા લાગેલ હતો. બાદ તેની પાસે રહેલ ચાવી વડે મને ખભાના ભાગે જેમ ફાવે તેમ મારવા લાગેલ હતો. બાદ ધક્કો દઈ ઢીકા-પાટુનો માર મારવા લાગેલ હતો. જેથી મે ફોન કરી મારા પિતા મારા નિતેશભાઈને બોલાવેલ હતા. બાદ થોડી વારમા ત્યા બાજુની દુકાનમાથી બીજા ત્રણ અજાણ્યા શખ્સો આવી ગયેલ હતા. જેમા એકના હાથમાં લાકડાનો ધોકો હતો, બિજાના હાથમા લોખંડનો પાઈપ હતો તથા ત્રીજાના હાથમા ચાનો ડોયો હતો. તેમાથી એક શખ્સ લાકડાનો ધોકો મને જમણા પગે મારવા લાગેલ હતો. જયારે અન્ય બે શખ્સો લોખંડનો પાઈપ અને ચાનો ડોયો પગના ભાગે મારવા લાગેલ હતા. દરમિયાન મારા પિતા ત્યા આવી ગયેલા અને તેઓ વચ્ચે છોડાવવા પડતા ચારેય શખ્સોએ મારા પિતાને ગાળો આપી ધોકા-પાઈપ વડે બન્ને હાથના ભાગે માર મારવા લાગેલ હતા. ત્યા મારા માતા જોશનાબેન તથા મારા પ્રેગનેંટ પત્ની નિકિતાબેન પણ મારા પીતા પાછળ પાછળ એક્ટીવા લઈ આવી ગયેલા હતા. મારા પત્ની નિકિતાબેન પણ વચ્ચે છોડાવવા પડતા એક અજાણ્યો શખ્સ પત્નીને લાકડાનો ધોકો મારવા જતાં માતા જોશનાબેન વચ્ચે પડતા તે મારી માતાને ધક્કો દઈ મારી પત્નીને પણ શરીરના ભાગે ધોકો મારી દીધેલ હતો. દરમિયાન સ્થાનિકો એકત્રિત થઈ જતાં કોઈએ ૧૦૮ એમબ્યુલસમા ફોન કરેલ હોઈ જેથી મને અને પિતાને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યા મને મૂઢ ઈજાઓ જયારે પિતાને કાંડાના ભાગે ફ્રેક્ચર થયાનું જાહેર થયું હતું. મામલામાં યુવકે ફરિયાદ નોંધાવતા આજીડેમ પોલીસે ચાર અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી સીસીટીવીના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

# ભવાનીનગરમાં મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

### શરાબની ૨૮ બોટલ સાથે બે શખ્સોની ક્રાઈમ બ્રાન્ચે કરી ધરપકડઃ એકની શોધખોળ



**અબતક, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ નજીક ભવાની નગરમાં મકાનમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે વિદેશી દારૂનો દરોડો પાડી, શરાબની ૨૮ બોટલ સાથે બે શખ્સોની ધરપકડ કરી છે. જ્યારે એક શખ્સ નું નામ ખુલતા, તેને શોધ કોરા હાથ ધરી છે. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ એ એન પરમારની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, આસ્થા રેસીડેન્સની બાજુમાં આવેલા ભવાની નગરમાં રહેતો કાળુ બીજલભાઈ રાતડીયા નામના શખ્સે તેના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો છે.ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે મકાનમાં દરોડો પાડી, શરાબની ૨૮ બોટલ અને બે મોબાઈલ મળી, રૂ.૬૩ હજારની કિંમતના મુદ્દા માલ સાથે કાળુ બીજલભાઈ રાતડીયા અને પુનિતનગરનો અજય ખીમજીભાઈ ભેડા નામના બુટલેગરોને ઝડપી લીધા છે. જ્યારે ઝડપાયેલા શખ્સોની દારૂ અંગે પૂછપરછ કરતા તેની સાથે રાજકોટનો સુનિલ ચંદુભાઈ ડાંગરના શખ્સની સંડોવણી હોવાની કબૂલાત આપતા પોલીસે સુનિલ ડાંગરની શોધ ખોળ હાથ ધરી છે. આ દરોડાની કામગીરી, ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમઆર ગોંડલીયા, એમ એલ ડામોર, સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ એ એન પરમાર, એ.એસ.આઈ હિતેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ હરસુખભાઈ સબાડ, કૃષ્ણદેવસિંહ ઝાલા, જયદેવસિંહ પરમાર, અર્જુનભાઈ ડવ અને ગોપાલભાઈ પાટીલ સહિતના સ્ટાફે બજાવી છે.

# માલીયાસણમાં પ્રસુતિના બીજા દિવસે જ બેભાન અવસ્થામાં મહિલાનું મોત

### સિઝેરિયન બાદ ઘેર આવ્યા અને મહિલા રાત્રે સુતા બાદ સવારે ઉઠ્યા જ નહીં

**અબતક, રાજકોટ**

શહેરના માલિયાસણ ગામ ની મહિલા નું ખાનગી હોસ્પિટલમાં પ્રસુતિ બાદ ઘેર આરામ દરમિયાન બીજા દિવસે જ બેભાન થયા બાદ મોત નિપજ્યું હતું

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ કુવાડવા પોલીસ મથકની હદમાં રાજકોટના માલિયાસણ ગામના હેતલબેન ભાર્ગવભાઈ હાપલિયા ૩૫ આજે સવારે પોતાના ઘેર હતા ત્યારે પરિવારજનોએ સવારે ઉઠાડવાનો પ્રયત્ન કરતા જવાબ ન આપતા, બેભાન હાલતમાં તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવતા તબીબો એ તપાસતા તેમનું મોત નીપજ્યું હોવાનું જણાવ્યું હતું.

આ અંગે મરનારના પતિ ભાર્ગવભાઈએ જણાવ્યું હતું કે તેમના પત્ની હેતલબેન ને શુક્રવારે નાના મવા રોડ પર આવેલ માધવ મેટરનીટી હોમમાં સિઝેરિયન થી બાબાનો જન્મ કરાવ્યો હતો ત્યારબાદ રજા લઈને ઘેર આવ્યા બાદ ગઈકાલે રાત્રે સુતા બાદ સવારે ન ઉઠતા પરિવારજનોએ હેતલબેન ને ઉઠાવવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ ઉઠ્યા ન હતા ત્રણ વર્ષની દીકરી બાદ કુદરતે શુક્રવારે પુત્ર આપ્યો હતો, હેતલબેન ના પતિ ભાર્ગવભાઈ કારખાનામાં કામ કરે છે અને તેમના સાસુ સસરા સંત કબીર રોડ પર રહેતા હોવાનું જાણવા મળ્યું છે, પ્રસુતિ બાદ બીજા દિવસે જ હેતલબેન ના મૂર્તિથી નવજાત બાળક જન્મતા વેત જ માતાની હૂંફ થી વંચિત બની ગયું હોવાના બનાવે પરિવારજનોમાં ભારે ગમગીની ફેલાવી છે

# ઉદયનગરમાં ગોડાઉનમાંથી જુગારધામ ઝડપાયું

### રૂ.૧૮ હજારની રોકડ સાથે, છ શખ્સોની ધરપકડ

**અબતક, રાજકોટ**

શહેરના મવડી પ્લોટમાં આવેલા ઉદયનગરમાં ગોડાઉનમાં ચાલતા જુગારધામ પર માલવયા નગર પોલીસની ટીમે જુગાર નો દરોડો પાડી, જુગાર રમતા છ શખ્સોને ઝડપી લઇ, જુગારના પટમાથી રૂ ૧૮ હજારની રોકડ કબ્જે કરી છે.પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, માલવિયા નગર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, ઉદયનગર ૧ , ગરબી ચોક પાસે આવેલા પટેલ બેગ નામના ગોડાઉનમાં જુગારધામ ધમ ધમી રહ્યું છે. બાકીના આધારે પોલીસે ગોડાઉનમાં જુગારનો દરોડો પાડી, જુગાર રમતા ગોડાઉન સંચાલક મનોહરસિંહ વચનસિંહ રાજપુત, નવલ નગરનો દિનેશભરતી કિશોરભરતી ગૌસ્વામી , ગોપાલ પાર્કનો દિવ્યેશ ભીખુભાઈ ગૌસ્વામી, ન્યુ આકાશદીપ સોસાયટીનો રમેશ વાઘજીભાઈ ગૌસ્વામી, નારાયણ નગરનો નિલેશ રમેશભાઈ પીઠડીયા અને પંચશીલ સોસાયટીમાં રહેતો રામબાબુ નથુની શાહ નામના શખ્સોને ઝડપી લઈ, જુગાર ના પટમાંથી રૂ ૧૮ હજારની રોકડ કબ્જે કરી છે. આ દરોડાની કામગીરી માલવયા નગર પી એસ આઈ એમ જે ધાધલ, હેડ કોન્સ્ટેબલ ચિત્રકેતુસિંહ ઝાલા, કોન્સ્ટેબલ મનીષભાઈ સોઢીયા, બની મયુરદાન બાટી અને ભાવેશભાઈ ગઢવી છે.

# તે મારી માતાને ફોન કેમ કર્યો ? કહી યુવાન પર મિત્ર સહિતની ટોળકીનો હુમલો

### છરી બતાવી પ્લોટમાં પડેલા સામાનમાં તોડફોડ કરનાર ત્રિપુટી વિરુદ્ધ ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર ઘંટેશ્વર પાસે રહેતા યુવાને યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં મિત્ર સહિત ત્રણ શખસો સામે માર મારી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. યુવાનના મિત્રએ તેના જુના મિત્રની માતા પાસેથી તેનો મોબાઈલ પરત લેવા ફોન કર્યો હતો. જે બાબતનો ખાર રાખી તેને મારમાર્યો હતો.

જાણવા મળતી વિગત મુજબ, ઘંટેશ્વર પાસે વર્ધમાનનગરમાં રહેતા અમિત પ્રીતિચંદ રાણા (ઉં.વ.૪૦) એ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે એ જ વિસ્તારમાં રહેતા તેના જૂના મિત્ર દિવ્યેશ હરિભાઈ સોલંકી, ભૂરો અને અજાણ્યા શખસનું નામ આપ્યું છે. ફરિયાદ જણાવ્યું હતું યુવાન ગત રાત્રિના આશરે સવા બારેક વાગ્યે પ્રવિણસિંહ ઝાલાના પ્લોટની દેખરેખ માટે ફરજમાં હતો. ત્યારે તેનો દિવ્યેશ , ભૂરો અને અજાણ્યો શખસ તેની પાસે આવીને કહ્યું કે તારા ફોનમાંથી તે કેમ મારી માતા ને ફોન કર્યો હતો.

યુવાને કહ્યું કે, તેના મિત્ર જયંતીભાઈનો ફોન દિવ્યેશની માતા પાસે હતો તેથી જેન્તીભાઈને તેની માતા પાસેથી ફોન પરત મેળવવા માટે યુવાનના ફોનમાંથી ફોન કર્યો હતો. આટલું કહેતા આરોપી દિવ્યેશ ઉશ્કેરાઈને ગાળો આપી પ્લોટમાં રાખેલ ખુરશીઓ અને ગ્રાઈન્ડરમાં તોડફોડ કરી હતી. સાથે આવેલ અજાણ્યા શખસે છરી બતાવી હતી. દિવ્યેશે હવે મારી માતાને ફોન કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. ત્રણેય શખસોએ યુવાનને ઢીકાપાટુનો માર મારતા તેણે બુમાબુમ કરતા ત્રણેય શખસો નાસી ગયા હતા.

બાદમાં યુવાને યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ત્રણેય શખસો વિરુદ્ધ તોડફોડ કરી, માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે ફરિયાદ નોંધાવી છે.

તંત્રી લેખ

# સોશિયલ મીડિયાઃ પરિવર્તન થકી પ્રગતિ તરફ પ્રયાણ

સોશિયલ મીડિયા સામાજિક અવરોધો ઘટાડે છે તેમજ તે ઓળખના આધારે નહીં પરંતુ, માનવીય મૂલ્યોના બળ આધારે લોકો સાથે જોડે છે.દેશમાં ડિજિટલ ક્ષેત્રે આમૂલ પરિવર્તન જોવા મળ્યું છે, આજે ખૂબ ઓછી કિંમતે ઉપલબ્ધ ઈન્ટરનેટ ડેટા પ્લાનના કારણે સ્માર્ટફોન્સના વપરાશકર્તાઓ મોટાપાયે વધ્યા છે. ખાસ કરીને જાહેર સેવામાં સોશિયલ મીડિયા કમ્યુનિકેશન ના એક મહત્ત્વના માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે.

ગુજરાતમાં સોશિયલ મીડિયાના ઉપયોગ પર એક નજર કરીએ તો તાજેતરના એક સર્વે મુજબ, ભારતમાં વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં અંદાજે ૪૯.૧ કરોડ સક્રિય સોશિયલ મીડિયા વપરાશકર્તા નોંધાયા છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા ના એપ્રિલ ૨૦૨૫ના આંકડા મુજબ, ઈન્ટરનેટ વપરાશ કર્તાઓનો આંકડો ૯૪.૩ કરોડને વટાવી ગયો છે. આ વૃદ્ધિમાં મોટાભાગનો હિસ્સો ગ્રામીણ વિસ્તારોમાંથી આવેલ છે, જ્યાં સસ્તા ડેટા પ્લાનો જે ગ્રામ્યસ્તરે પણ સ્માર્ટફોનનો વધતો વ્યાપ દર્શાવે છે.

ગ્લોબલ ડિજિટલ રિપોર્ટ ૨૦૨૫ અનુસાર, ભારતીયો દિવસનો સરેરાશ ૨ કલાક ૫૦ મિનિટ જેટલો સમય પોતાના મોબાઈલમાં સોશિયલ મીડિયા પર પસાર કરે છે. ખાસ કરીને યુવાનોમાં સોશિયલ મીડિયાનો ક્રેઝ વધુ જોવા મળી રહ્યો છે, ૧૮થી ૩૫ની વયના લોકોમાં ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પ્રચલિત છે. આ ડિજિટલ ક્રાંતિ જોતાં એવું કહી શકાય કે સોશિયલ મીડિયાએ પારદર્શકતા, સમાવિષ્ટતા અને નાગરિક કેન્દ્રિત માધ્યમ તરીકે સ્થાન જમાવ્યું છે.

સોશિયલ મીડિયા આજે જાહેર ક્ષેત્રે કમ્યુનિકેશનના એક પરિવર્તનકારી ટૂલ તરીકે ઉભરી આવ્યું છે, જેના દ્વારા નાગરિકો સાથે સરકાર સીધું, ઝડપી અને પારદર્શક જોડાણ સાધી શકે છે.જે માધ્યમથી તેઓ લોકો સાથે અર્થસભર અને સીધું જોડાણ જાળવી રાખે છે. જે સોશિયલ મીડિયા ક્ષેત્રે સરકારના બહુપક્ષીય અભિગમની પુષ્ટિ કરાવે છે. ગુજરાત સરકારની સોશિયલ મીડિયા વ્યૂહરચના પણ બહુપક્ષીય અભિગમ પર રચાયેલી છે જે કમ્યુનિકેશન, લોકો સાથેનું જોડાણ તેમજ પ્રતિભાવોની જાણકારી ને અસરકારક રીતે કેળવવાનો પ્રયત્ન કરે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ થકી માહિતીનો પ્રસાર, વિવિધ વિષયો પર જાગૃતિ અભિયાન, ખોટી માહિતી ફેલાય નહીં તે માટે ફેક્ટ-ચેકિંગ તેમજ ફરિયાદ નિવારણ માટેની પદ્ધતિ પણ વિકસાવવામાં આવી રહી છે. આ મોડેલ ડિજિટલ ચેનલ દ્વારા સતત લોકો સુધી પહોંચી, પારદર્શકતા તેમજ સર્વ સમાવેશી અભિગમને સમર્થન આપી રહ્યું છે.

સોશિયલ મીડિયા તેમજ ડિજિટલ મીડિયાના સચોટ ઉપયોગ થકી સરકારી સંચારને વિસ્તારવામાં મહત્વનો ભાગ ભજવે છે. સર્વસમાવેશી તેમજ લોકો-કેન્દ્રિત અભિગમ અપનાવી સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ્સ દ્વારા સમાજના દરેક સ્તરે સમયસર, ચોક્કસ અને જરૂરી માહિતી પહોંચાડે છે.

## ધારાશાસ્ત્રી રવિન્દ્ર ગોહેલનો જન્મદિવસ



મોટર એક્સિડન્ટ ક્ષેત્રના યુવા વકીલ રવિન્દ્ર ગોહેલનો આજે જન્મદિવસ છે. જીવનમાં પ્રવેશેલા રવીન્દ્રભાઈએ વકીલાતના ૨૦ વર્ષ પૂર્ણ કર્યા છે. કાનૂની સ્નાતક બન્યા બાદ ૨૦૦૫થી વકીલાત શરૂ કરનાર સિનિયર એડવોકેટ એમ. એ. સુરૈયાના મદદનીશ તરીકે નિપુણ થયા બાદ ૨૦૧૨થી મોટર એક્સિડન્ટ ક્લેઈમ ક્ષેત્રે નિષ્ણાંત તરીકે સ્વતંત્ર પ્રેક્ટિસ શરૂ કરી હતી. તેમણે પ્રેક્ટિસ દરમિયાન અકસ્માત મૃત્યુ પામનારના વારસદારો અને ઈજાગ્રસ્તોને કરોડો રૂપિયાનું વળતર અપાવવામાં સફળતા મેળવી છે. આજે તેમના જન્મ દિવસે સિનિયર જુનિયર વકીલો, મિત્ર વર્તુળ, સગા સ્નેહીજનો વડીલો તેમના મો. નં ૯૯૨૫૫ ૪૮૯૯૩ ઉપર શુભેચ્છાવર્ષા કરી રહયા છે.

## એડવોકેટ ડેનીશ વિરાણીનો જન્મદિવસ



યુવા વકીલ ડેનીશ એ. વિરાણીનો ઓ જન્મ દિવસ છે. કાયદા સ્નાતક થયા બાદ રાજકોટના ખ્યાતનામ એડવોકેટ સ્વ. અભયભાઈ ભારદ્વાજ જુનિયર રહી ચુકેલા એડવોકેટ અલ્પેશભાઈ પોકીયાની સાથે સને-૨૦૧૯થી વકીલાત શરૂ કરનારા ડેનીશભાઈ વિરાણી જિલ્લા કાનુની સેવા સતા મંડળમાં પેરા લીગલ વોલીએન્ટર તરીકે સેવા આપી ચુક્યા છે. પોતાની કાર્યશૈલી અને સેવાભાવી વિચારો અને નિષ્ઠાવાન તરીકે સિવિલ, ફોજદારી, ફેમિલી કોર્ટ, સિવિલ અને ડિસ્ટ્રિક્ટ કોર્ટ ક્ષેત્રે સારી એવી લોક ચાહના અને બહોળુ મિત્ર મંડળ ધરાવે છે. હાલમાં તે ખોડલધામમાં યુવા પાંખમાં કન્વીનર તરીકે પણ સેવા આપી રહયા છે. આજે તેમના જન્મ દિવસે સિનિયર જુનિયર વકીલો, મિત્ર વર્તુળ, સગા સ્નેહીજનો વડીલો તેમના મો. નં ૭૫૬૭૨ ૩૫૧૦૭ પર શુભેચ્છાવર્ષા કરી રહયા છે.

## યુવા એડવોકેટ વિવેક સાતાનો આજે જન્મદિવસ



બાર એસોસિએશનના કારોબારીના પૂર્વ સભ્ય અને બ્રહ્મ સમાજના સેવાભાવી કાર્યકર વિવેક સાતા નો આજે જન્મદિવસ છે. એડવોકેટ વિવેક સાતા એ વર્ષ ૨૦૨૨ માં જામ ખંભાળિયા થી વકીલાતની પ્રેક્ટિસ શરૂ કરી હતી. બાદ રાજકોટના સિનિયર એડવોકેટ હરેશભાઈ પારસોડા ના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૧૬ માં વકીલાત ની વ્યવસાય નો પ્રારંભ કર્યો હતો. હાલ વિવેક સાતા ક્રિમિનલ ફેમિલી અને સિવિલ ની સ્વતંત્ર પ્રેક્ટિસ કરે છે. તેઓએ ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને ફેમિલી કોર્ટમાં લીગલ એડ તરફ થી મફત કાનૂની સહાય દ્વારા કાર્ય કરેલા છે. તેઓએ હત્યા કેસમાં ફરિયાદી તરફે વકીલ તરીકે રોકાઈ આજીવન કેદની સજા કરાવી મૃતકને ન્યાય અપાવ્યો હતો. તેમજ ત્રીપલ તલાક અને પરણીતા કમાતી હોય તો પણ પુત્રના ભરણપોષણ ની જવાબદારી પિતાની કહેવાય એવા અનેક ચકચારી કેસોમાં ભરણપોષણ અપાવવાનો ચુકાદો મેળવેલ છે. વિવેક સાતા મળતાવડા અને સરળ સ્વભાવ ના કારણે નાની ઉંમરમાં મોટું નામ છે. આજે વિવેકાતાના જન્મ દિવસે સિનિયર જુનિયર વકીલો , સગા સંબંધી અને મિત્ર વર્તુળ દ્વારા ૯૮ ૨ ૫૯ ૧૨ ૨૦૦ ઉપર શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

# રાજકોટ તાજીયા કમિટીના પ્રમુખપદે આસીફ સલોતની વરણી

### વિવિધ કમિટી મિટીંગ બાદ સામુહિક આગેવાનીમાં સારી કામગીરી કરવા બદલ ૧૩મી વખત વરણી



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર તાજીયા કમીટીની મીટીંગ રામનાથપરા, હુશેની ચોક, ગામડીયા સુન્ની મુસ્લીમ સીપાહી જમાત ખાતે યોજાઈ હતી. રાજકોટ શહેર વિસ્તારમાં ફરતા તાજીયાઓના સંચાલકો સબીલ કમીટી, ધમાલ કમીટી, રોશની કમીટી, ન્યાઝ કમીટી અને મુસ્લીમ આગેવાનોની એક મીટીંગ મળેલ હતી. સર્વે સહમતિથી રાજકોટ શહેર તાજીયા કમીટીની વરણી કરવામાં આવી છે. પ્રમુખ તરીકે આસીફભાઈ સોલોત (મો. નં. ૯૮૨૫૦ ૭૮૬૦૯) ની આવતા વર્ષની કામગીરી બદલ રીપીટ વરણી કરવામાં આવેલ છે. તેમજ મહામંત્રી તરીકે રજાકભાઈ જામનગરી, મકબુલભાઈ દાઉદાણી, હારૂનભાઈ શાહમદાર, હનીફભાઈ માડકીયા, વાહીદભાઈ સમા, મજીદભાઈ સમા, અબ્દુલભાઈ ખુરશીવાળા, હારૂનભાઈ ગામેતી, સમીરભાઈ જશરાયા, અફઝલભાઈ રાઉમા, ઉપપ્રમુખ મહેબુબભાઈ રાઉમા, મમુભાઈ મકરાણી, લાલભાઈ રાઉમા, જમાલભાઈ મેતર, સમીરભાઈ પઠાણ, નાશીરભાઈ ભગવતીપરા, સમીરભાઈ ચૌહાણ, બાબાખાન પઠાણ, એજાજભાઈ મેણ, મોહસીનભાઈ ભાવર, તોકતભાઈ મેતર, અફજલભાઈ રાઉમા, વાહીદભાઈ રાઉમા, રાજુભાઈ દલવાણી, આબીદભાઈ ઓડીયા, ઈર્શાદ લાસાણી, તારીકભાઈ હીંગરોજા, એઝાઝભાઈ મેણ, બીલાલ પઠાણ, મહેબુબભાઈ પરમાર, અફઝલભાઈ દાઉદાણી, યાકુબખાન પઠાણ, રફીકભાઈ દાઉદાણી, અફજલભાઈ દાઉદાણી, તોફીકભાઈ સમા, મુર્તુજાભાઈ માજોઠી, મંત્રી તરીકે એહઝાદભાઈ શેખ, રમઝાનભાઈ રાઉમા, એજાજભાઈ માજોઠી, ઈસ્તાજભાઈ બાવાણી, હસનભાઈ ખટુંબરા, ફારૂકભાઈ કટારીયા, ઈસુબભાઈ જે. કે., રાજકોટ શહેર તાજીયા કમીટી નિમણુંક કરવામાં આવેલ જે નારાઓ નારાયે તકબીર ના બુલંદ અવાજ અને યા હુશેન ના નારાઓથી કમીટીને વધાવી લીધી હતી અને આ નિમણુંક રાજકોટ શહેર વિસ્તારના ફરતા તાજીયાઓના સંચાલકો અને મુસ્લીમ સમાજના અગ્રણીઓની હાજરીમાં રહેતા મીટીંગમાં અલગ અલગ વિસ્તારના હોદેદારોને જવાબદારી સોંપવામાં આવેલ હતી.

# દેશના ઉજજવળ ભવિષ્યનો આધાર કેળવણી પરઃ સાંસદ રામભાઈ મોકરિયા

### રાજયસભા સાંસદ રામભાઈ મોકરિયાના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવ ઉજવાયોઃ બાળકોને શૈક્ષણિક કિટ આપી ઉષ્માભેર આવકારાયા

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવે છે. જેના ભાગ રૂપે ચાલુ વર્ષે પણ ક નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શહેરની તમામ શાળાઓમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫નું આયોજન કરવામાં આવેલ છે.

જેના સંદર્ભે તા.૨૬. ૬.૨૦૨૬ ના રાજકોટ મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા નં.૪૮,૫૧,૬૨ અને પી. એન્ડ ટી.વી. શેઠ હાઈસ્કુલ તથા તા.૨૭. ૬.૨૦૨૬ ના રોજ પ્રાથમીક શાળા નં. ૬૫ અને કાન્તા સ્ત્રી વિકાસ ગ્રુહ ગર્લ્સ હાઈસ્કુલમા કાર્યક્રમો યોજાયેલ હતા. જેમાં રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા સાહેબના અધ્યક્ષ સ્થાને કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવેલ હતો. આ કાર્યક્રમાંમા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમન વિક્રમભાઈ પુજારા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સદસ્ય જયદીપભાઈ જળું, શહેર ભાજપ નાં પ્રવક્તા રાજુભાઈ ધ્રુવ, અને વોર્ડ નં ૧૪ નાં કોર્પોરેટર નીલેશભાઈ જળું, અને વર્ષાબેન રાણપરા, વોર્ડ નં ૧૪ નાં પ્રભારી જીગ્નેશભાઈ જોષી, વોર્ડ નં ૧૪ નાં મહામંત્રી કેયુરભાઈ મશરૂ, તેમજ આ વિસ્તારના ભાજપના અગ્રગણીઓ, વાલીઓ તથા શાળાઓના આચાર્ય ઓ,અને શાળા પરિવાર વિગેરેએ હાજર રહી, નવા પ્રવેશ લેનાર બાળકોનું ઉષ્માભેર સ્વાગત કરી આવકારેલ હતા અને દરેક બાળકને શૈક્ષણિક કીટ આપીને પ્રોસાહિત કરેલ હતા. આ પ્રસંગે



સાંસદ રામભાઈ મોકારીયાએ જણાવેલ હતું કે, શિક્ષણ અને કેળવણીએ જીવનનો પાયો છે. અને તેનાથી દેશના ભાવી નાગરિકોનું ઘડતર થાય છે. દેશના ઉજળા ભવિષ્ય અને દેશની પ્રગતિનો આધાર દેશની કેળવણી ઉપર છે. પ્રવેશને પાત્ર બાળકોનું ૧૦૦ ટકા નામાંકન થાય તેમજ ડ્રોપ આઉટ રેશિયો શૂન્ય લઈ જવાનો તેમનો લક્ષ્યાંક છે. તેમ જણાવી તેમણે દેશના ભાવી નાગરીકો ને ઉસ્માભર્યા આવકાર સાથે અભિનંદન પાઠવી, શિક્ષકો અને શિક્ષણ સાથે જોડાયેલ કર્મચારી/અધિકારીઓને પણ અભિનંદન આપેલ હતા.

# રામનાથ મુકિતધામમાં ૨૫૦૦ અસ્થિઓનું પૂજનઃ ગુરૂવારે હરિદ્વારમાં વિસર્જન

### સરગમ કલબના દરેક હોદેદાર સ્વખર્ચે અસ્થિનું વિસર્જન કરવા હરિદ્વાર જશેઃ ગુણવંત ડેલાવાળા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત સરગમ કલબ સંચાલિત શહેરના મધ્યમાં રામનાથપરા



મુકિતધામમાં જાન્યુઆરી - ૨૦૨૫ થી જૂન - ૨૦૨૫ સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ અપાયા હતા. શહેરના રામનાથપરા મુક્તિધામમાં જાન્યુઆરી થી જૂન સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ આપ્યો હતો. તેમનો અસ્થી પૂજનનો કાર્યક્રમ

બ્રાહ્મણોએ શાસ્ત્ર વિધિ મુજબ યોજાયેલ. મૃતકોના તમામ સ્વજનો ની હાજરીમાં યોજાયેલ. સરગમ કલબ આગામી તારીખ ૦૩/૦૭/ ૨૦૨૫ મી ગુરુવાર એ આ તમામ અસ્થિઓનું વિસર્જન હરિદ્વાર મૂકામે સવારે ૭/૦૦ કલાકે હરકિપેઢી અસ્થિપૂજન ઘાટ ઉપર થશે. દરેક મૃતક વ્યક્તિનું નામ બોલી બોલીને અસ્થિઓનું હરિદ્વારમાં વિસર્જન કરાશે. ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે, સરગમ કલબના દરેક હોદેદાર સ્વખર્ચે અસ્થિનું વિસર્જન કરવા હરિદ્વાર જશે.

સમગ્ર અસ્થી પૂજનની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા નાં માર્ગદર્શન નીચે અને મુક્તીધામના ઈન્ચાર્જ રમેશભાઈ અકબરી, અનવરભાઈ ઢેબા, રાજેન્દ્રભાઈ શેઠ, કનૈયાલાલ ગજેરા, ડો. પંકજભાઈ રાઠોડ, જયસુખભાઈ ડાભી, કૌશિકભાઈ વ્યાસ, ભરતભાઈ સોલંકી, દીપકભાઈ શાહ, રાખીલભાઈ વાછાણી સુરેશભાઈ દેત્રોજા, ગુણવંતભાઈ ભટ્ટ, તેમજ ગીતાબેન હિરાણી, ડો. અલ્કાબેન ધામેલિયા જયશ્રીબેન વ્યાસ, હેતલબેન થડેશ્વર, નીતાબેન પરસાણા, હીનાબેન પારેખ, દિવ્યાબેન ઉમરાણીયા, ભાવિશાબેન મહેતા, વર્ષાબેન પટેલ, હેતલબેન જોબનપુત્રા, દેવાંશીબેન શેઠ, અને બંને કલબના તમામ કમિટી મેમ્બર વ્યવસ્થા સંભાળી હતી.

# એચ.વી. મહેતા ઈન્સ્ટિટયુટના હેલ્થ ચેકઅપ કેમ્પનો ૧૫૦ લાભાર્થીએ લાભ લીધો

### પીપળીયા ગામના નાગરિકોને વિવિધ આયુર્વેદિક પધ્ધતિ અંગે માર્ગદર્શન અપાયું

**અબતક, રાજકોટ**

રાજકોટની નામાંકિત ગાર્ડી વિદ્યાપીઠના એચ.વી.મહેતા ઈન્સ્ટિટયૂટ ઓફ નર્સિંગના કોમ્યુનિટી હેલ્થ નર્સિંગ વિભાગ દ્વારા આસપાસના ગ્રામ્ય વિસ્તારના નાગરિકોના આરોગ્યને ધ્યાનમાં રાખી તાજેતરમાં નગર પિપલિયા ગામ ખાતે એક વિશેષ આરોગ્ય ચકાસણી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પમાં ગામના આશરે ૧૫૦ જેટલા લોકો એ લાભ લીધો છે. જેમાં તેઓને બ્લડ પ્રેશર, બ્લડ શુગર, હેમોગ્લોબિન અને શારીરિક ચકાસણી, આયુર્વેદિક સારવાર અને નિઃશુલ્ક સલાહ, પોષણ, વ્યકિતગત સ્વચ્છતા તથા આરોગ્ય જાગૃતિ અંગે માર્ગદર્શન તેમજ સ્ત્રીરોગ ચકાસણી જેવા સેવાઓ પ્રદાન કરવામાં આવી હતી. વિશેષમાં નર્સિંગ વિદ્યાર્થીઓ દ્વારા પ્રાથમિક સારવાર અને આરોગ્ય કાઉન્સેલિંગની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.



આ શિબિરનો હેતુ ગામના નાગરિકોને આરોગ્ય અંગે જાગૃત કરવો તથા જરૂરી તબીબી સહાય પુરી પાડવાનો હતો.

આ સમગ્ર આયોજનમાં નર્સિંગ વિભાગના ફેકલ્ટી સભ્યો, નર્સિંગ વિદ્યાર્થીઓ અને વી. એમ. મહેતા ઈન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદ વિભાગના બે આયુર્વેદિક તબીબો ડો. દેવાંગી ઓઝા તેમજ ડો. વૈશાલી પરમાર એ સક્રિય સહભાગિતા આપી હતી.

# વી.વી.પી. કોલેજમાં વરસાદી પાણીના મહત્વ સમજાવવા સેમિનાર યોજાયો

### ૧,૧૧,૧૧ ચેકડેમો ચેકડેમો, ૧૧૧૧૧ બોર રીચાર્જ સંકલ્પ સાથે નિરોગી સમાજ આર્થિક ફાયદા બાબતે માર્ગદર્શન આપ્યું

**અબતક, રાજકોટ**

આજે દિવસે દિવસે આધુનિકતાની દોડમાં પાણીના વપરાશ સાથે બગાડ પણ ખૂબ થઈ રહ્યો છે, આવા સમયે દાતાઓ, ઉદ્યોગપતિઓ સાથે સાથે વિદ્યાર્થીઓ પણ વરસાદી પાણીના યોગ્ય જતન અને મહત્વ સમજે અને સમાજમાં જાતે મળી અને અમલ કરાવે એવા હેતુથી વી.વી.પી એન્જિનિયરિંગ કોલેજમાં સેમિનાર યોજવામાંઆવ્યોહતો



વિદ્યાર્થીઓને સમજાવેલ કે બોટલના પાણી નહીં પણ વરસાદના શુદ્ધ પાણીનો ઉપયોગ કરીએ અને આપણા સાથે સમાજને પણ નીરોગી રાખીએ તેના માટે આપણા જીવનમાં આવતા દિવસોમાં જો પાણીને ન બચાવીએ તો આપણું જીવન જીવવું ખૂબ અશક્ય છે, તેના માટે આપણે આપણા આધુનિક ઈલેક્ટ્રોનિક એટલે કે સોશિયલ મીડિયા નો ભરપૂર ઉપયોગ કરી અને વધુમાં વધુ લોકોને જોડીએ તો પાણીપ્રશ્નહલકરવામાં મદદ થાય.

આચાર્ય ડો. પિયુષ વણઝારા, ડો. નિરવ મણિયાર એચઓડી મિકેનિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ, કૌશિકભાઈ શુકલા, ડો.નરેન્દ્રભાઈ દવે, ડો.સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મનીયાર, ડો.નવીનભાઈ શેઠ, પુજાબેન ધોડાસરા, કિરીટભાઈ ગોહેલ, કલ્પેશભાઈ અહિયાં, ડો. જીતેન્દ્ર મહેતા એચ.ઓ.ડી. સિવિલ વિભાગ, ડો. પરેશ ધોળકિયા એચ.ઓ.ડી. ઈસી વિભાગ, ડો. અલ્પેશ આદેશણા એચ.ઓ.ડી.ઈલેક્ટ્રિકલ વિભાગ, ડો.મૌલિક ધામેચા કોમ્પ્યુટર વિભાગ, ડો. શ્રેયસ ધુલિયા બાયોટેકનોલોજી વિભાગ, કિરીટભાઈ શેઠ હેડ એકાઉન્ટ વિભાગ, ચમનભાઈ સિંધવ મિકેનિકલ વિભાગ, ડો.હિતેશ આસાણીસિવિલવિભાગ ના દરેક જવાબદાર પ્રોફેસરો હાજર રહેલ અને વિદ્યાર્થીઓને આ કાર્યને વેગ મળે એવું સમજાવેલ.

આ સેમિનારમાં હાજર શૈલેશભાઈ જાની, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, પ્રતાપભાઈ પટેલ, જમનભાઈ પટેલ, વિરાભાઈ હુંબલ, રમેશભાઈ ઠક્કર, કૌશિકભાઈ સરધારા, ડો.દેવાંગી મૈયડ, વગેરે ભાઈઓ તથા બહેનો હાજર રહયા હતા.

## ખોડલધામના ટ્રસ્ટીના પુત્ર તિર્થ ખાખરીયાનો આજે જન્મદિવસ



ગોંડલના અગ્રણી અને ઉદ્યોગપતિ અને ખોડલધામના ટ્રસ્ટી મેહુલભાઈ ખાખરીયા અને માતા નિમિષાબેન ખાખરીયાનો પુત્ર તીર્થ ખાખરીયાનો જન્મ દિવસની શુભકામના અને માઁ ખોડલ અને રામદેવપીર મહારાજની પરમ કૃપા સદાય રહે યશસ્વી, ભવિષ્ય અને સમાજ નામ રોશન કરે અને આરોગ્ય સારુ રહે નવા સંકલ્પો લઈ જીવન ખુબ આગળ વધે એવી શુભેચ્છા રાજકીય આગેવાન, સમાજના આગેવાન તેમજ ઉદ્યોગ જગતના વિવિધ આગેવાનો દ્વારા તિર્થને જન્મદિવસની શુભેચ્છા રહ્યા છે.

# 'માનવ સેવા એજ પ્રભુ સેવા'ના સુત્રને સાથર્ક કરતા યુવા સેનાના ટ્રસ્ટીઓ

### દર શનિવારે ૧૫૦ થી વધુ બાળકોને પૈવા, વેફર, બિસ્કીટ, દાબેલીને સેવા ૧૦ વર્ષોથી કરે છે

**અબતક, રાજકોટ**

સંસ્થા યુવા સેના ટ્રસ્ટ રાજકોટ છેલ્લા ૧૨ વર્ષથી માનવ સેવા એ જ પ્રભુ સેવા સુત્રને સાર્થક કરી રહી છે. જેમાં દરેક પ્રકારની સામાજીક, ધાર્મિક સેવાકીય પ્રવૃતિ કરવામાં આવે છે. આ સંસ્થામાં હરતું ફરતું અન્નક્ષેત્ર તેમજ મેડીકલ સેવાઓ, અબોલ જીવોની સેવાઓ આ ઉપરાંત અનેકવિધ સેવાકીય પ્રવૃતિ હાથ ધરવામાં આવેલ છે. સંસ્થામાં બાળકો માટે દર શનિવારે દાતાઓના સહયોગથી ૧૫૦ થી વધુ બાળકોને નાસ્તો આપવામાં આવે છે. જેમાં દાતાઓ અગાઉથી અમોને જાણ કરતા હોય છે. જેથી અમો દર શનિવારે દાતાઓના પસંદગીના નાસ્તાની વ્યવસ્થા કરતા હોઈએ છીએ.

સંસ્થાના ઉપરોક્ત સેવાકાર્યમાં આપ આપનું અનુદાન આપવા માંગતા હોય અને આપ રૂબરૂ આવી ન શકો તો ટ્રસ્ટના કાર્યાલયે મો. ૮૩૨૦૨ ૯૬૧૦૧ પર ફોન કરી કાર્યકર્તા આપની પાસે આવીને દાનની રકમ એકત્રિત કરી જશે. જેની રસીદ પણ આપવામાં આવશે અથવા આપ ચેક/ડ્રાફ્ટ તથા ઓનલાઈન યશ બેંક ખાતા નં. 071494600000023,IFSC CODE=YESB00007414 દ્વારા પણ અનુદાન આપી શકો છો. સંસ્થાની વિશેષ માહિતી માટે મો.નં. ૯૯૧૩૩ ૧૦૧૦૦ પર સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.



# તેલંગાણાની કેમિકલ ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટ:૧૦ શ્રમિકના મોતની આશંકા

## ૧૫-૨૦ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ, હજુ પણ ઘણા લોકો ફેક્ટરીમાં ફસાયેલા હોય મૃતકોની સંખ્યા વધી શકે તેવો પણ અંદાજ: રાહત બચાવની કામગીરી શરૂ

**અબતક, નવી દિલ્હી**

તેલંગાણાના સંગારેડ્ડીમાં એક કેમિકલ ફેક્ટરીમાં જોરદાર વિસ્ફોટ થયો છે. ફાર્મા કંપનીમાં લાગેલી આગ એટલી ભયંકર હતી કે ઘણા લોકો તેમાં ફસાઈ ગયા. આ અકસ્માતમાં ૧૦ શ્રમિકના મોતની આશંકા છે તેમજ અંદાજે ૧૫-૨૦ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. હજુ પણ ઘણા લોકો ફેક્ટરીમાં ફસાયેલા છે, જેથી મૃતકોની સંખ્યા વધી શકે તેવો પણ અંદાજ છે. તેલંગાણાના સંગારેડ્ડીમાં પાટન ચેરુ મંડળના સિગાચી ફાર્મા કંપનીમાં રિએક્ટરમાં સવારે ૭ વાગ્યે વિસ્ફોટ થયો. વિસ્ફોટ થયા બાદ આગે વિકારળ સ્વરૂપ ધારણ કરી લીધું. જેમાં અકસ્માતના સમાચાર મળતા જ ૧૧ ફાયર એન્જિન ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. સ્થળ પરથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા. જો કે હજુ સુધી વિસ્ફોટનું કારણ બહાર આવ્યું નથી. પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે રિએક્ટરમાં ટેક્નિકલ ખામીના કારણે વિસ્ફોટ થયો હશે. ઘાયલ કામદારોમાંથી ઘણા ગંભીર રીતે દાઝી ગયા છે અને તેમની હાલત ગંભીર છે. તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં





### વિસ્ફોટનું કારણ શું?

અધિકારીઓનું કહેવું છે કે મૃત્યુઆંક વધી શકે છે. ફેક્ટરીમાં આગ લાગવાના કારણે બચાવ કામગીરી ચાલી રહી છે. જોકે અકસ્માતનું કારણ હજુ સ્પષ્ટ નથી, પરંતુ શરૂઆતમાં એવું માનવામાં આવી રહ્યું છે કે રિએક્ટરમાં ટેકનિકલ ખામીને કારણે વિસ્ફોટ થયો હશે. અધિકારીઓ તપાસ કરી રહ્યા છે કે ઉદ્યોગમાં સલામતીના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં.

ખસેડવામાં આવ્યા છે. કામગીરી ચાલુ હોવાથી કુલ મૃતકોની સંખ્યાની હજુ સુધી પુષ્ટિ થઈ નથી. આ વિસ્ફોટ ત્યારે થયો જ્યારે કામદારો ફેક્ટરીની અંદર કામ કરી રહ્યા હતા. જોરદાર ધડાકો સાંભળીને કામદારો ડરીને બહાર દોડી ગયા હતા. વિસ્ફોટ પછી ઘણા કામદારો તેમાં ફસાઈ ગયા હતા. સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, આ ઘટનામાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે. સ્થાનિક લોકો અને કામદારો મોટી સંખ્યામાં કંપની પહોંચી રહ્યા છે.


# કંડલાથી ઓમાન જતા જહાજમાં આગ: ૧૪ ક્રૂ સભ્યને બચાવવા ઈન્ડિયન નેવી દેવદૂત બની

## આઈએનએસ તબરમાંથી ફાયરની ટીમો અને સાધનો બોટ અને હેલિકોપ્ટરની મદદથી જહાજ પર મોકલાયા અને રેસ્ક્યુ કર્યું

**અબતક, રાજકોટ**

ઓમાનના અખાતમાં એક મિશન પર રહેલા ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજ આઈએનએસ તબરને એમટી યી ચેંગ ૬ નામના જહાજ તરફથી ઈમરજન્સીનો કોલ મળ્યો હતો, જેના પગલે જહાજે તાત્કાલિક કાર્યવાહી કરી અને આગ ઓલવવાનું શરૂ કર્યું. ૧૩ ભારતીય નૌકાદળના કર્મચારીઓ અને ૫ ક્રૂ સભ્યો હાલમાં આગ ઓલવવામાં રોકાયેલા છે.





પુલાઉ-ધ્વજવંદન કરાયેલ એમટી યી ચેંગ ૬ રવિવારે જ્યારે મુશ્કેલીનો કોલ આવ્યો ત્યારે ગુજરાતના કંડલાથી ઓમાનના શિનાસ જઈ રહ્યું હતું. જહાજમાં ૧૪ ભારતીય ક્રૂ સભ્યો સવાર હતા. ભારતીય નૌકાદળના પ્રવક્તાએ ટ્વીટ કર્યું, ઓમાનના અખાતમાં તૈનાત ભારતીય નૌકાદળના સ્ટીલ્થ ફ્રિગેટ આઈએનએસ તબરે ૨૯ જૂનના રોજ પુલાઉ-ધ્વજવાળા એમટી યી ચેંગ ૬ ના ઈમરજન્સી કોલનો જવાબ આપ્યો. ભારતીય મૂળના ૧૪ ક્રૂ સભ્યો સાથે જહાજ ભારતના કંડલાથી શિનાસ, ઓમાન જઈ રહ્યું હતું, ત્યારે એન્જિન રૂમમાં મોટી આગ લાગી અને જહાજ પર સંપૂર્ણ વીજળી ગુલ થઈ ગઈ. આઈએનએસ તબરમાંથી અગ્નિશામક ટીમો અને સાધનોને જહાજની બોટ અને હેલિકોપ્ટર દ્વારા જહાજમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા. ૧૩ ભારતીય નૌકાદળના કર્મચારીઓ અને ૦૫ ક્રૂ સભ્યો હાલમાં અગ્નિશામક કામગીરીમાં રોકાયેલા છે, જેના કારણે જહાજમાં આગની તીવ્રતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. એમટી નામનું આ જહાજ પુલાઉ (એક દેશ)નું છે અને એના એન્જિન રૂમમાં ભીષણ આગ લાગી હતી અને જહાજ પર સંપૂર્ણ વીજળી ડૂલ થઈ ગઈ હતી. આ પછી આઈએનએસ તબરની ટીમ-૧૩ ભારતીય નૌકાદળના કર્મચારીઓ અને ૫ ક્રૂ-સભ્યોએ તાત્કાલિક રેસ્ક્યૂ-ઓપરેશન શરૂ કર્યું હતું.

# ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટે ઓગસ્ટમાં કાર્યવાહી પૂર્ણ કરવા કાઉન્સિલનો આદેશ

## અગાઉ ૧૫ સપ્ટેમ્બર સુધી કાર્યવાહી ચાલતી હતી, હવે એક મહિનો વહેલા કાર્યવાહી પૂર્ણ કરવી પડશે: ૪૧૨૦૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું, હાલમાં સમિતિ પાસે ૬૭ હજાર બેઠકો ઉપલબ્ધ

**અબતક, રાજકોટ**

ધો.૧૦ પછી ડિપ્લોમા ઈજનરીમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. ડિપ્લોમા ઈજનેરીની અંદાજે ૬૭ હજાર બેઠકોની સામે ૪૧૨૦૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે રજિસ્ટ્રેશન કરાવી લીધું છે. આગામી ૨ જુલાઈએ પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરીને મોક રાઉન્ડ શરૂ કરવામાં આવશે. મહત્વની વાત એ કે, ચાલુ વર્ષે કાઉન્સિલ દ્વારા ૧૫મી ઓગસ્ટ પહેલા પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી હોવાથી પ્રક્રિયા શરૂ થયા બાદ દોઢ માસમાં કાર્યવાહી પૂરી કરવાની રહેશે.ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટે સામાન્ય રીતે ૧૫મી સપ્ટેમ્બર સુધીની મુદત આપવામાં આવતી હોય છે. પરંતુ ચાલુ વર્ષે કાઉન્સિલ દ્વારા ડિગ્રી અને ડિપ્લોમા ઈજનેરી કોર્સ માટે ૧૫મી ઓગસ્ટ સુધીમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે. આ સ્થિતિમાં સમિતિ દ્વારા વિદ્યાર્થીઓ પહેલા રાઉન્ડ, બીજા રાઉન્ડ વચ્ચે જે સમય આપવામાં આવતો હતો તેમાં હવે ઘટાડો કરવામાં આવશે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે કે, હાલમાં ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે કુલ ૪૧૨૦૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ડિપ્લોમા ઈજનેરીમાં કુલ ૬૭ હજાર કરતાં વધારે બેઠકો ઉપલબ્ધ છે. ગત વર્ષે ૭૧ હજાર બેઠકો પર કાર્યવાહી કરવામાં આવી હતી. ચાલુ વર્ષે મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો બાદ કરવામાં આવે તો સમિતિએ ભરવાની થાય તેવી અંદાજે ૫૫ હજાર બેઠકો માટે કાર્યવાહી કરવામાં આવશે. પ્રવેશ સમિતિ દ્વારા ૧૫મી મેથી રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું હતુ જે ૨૩મી જૂનના રોજ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. આગામી ૨જી જુલાઈના રોજ પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવશે. જેના આધારે ૨થી ૫ જુલાઈ દરમિયાન મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ અને ૧૦મીએ મોક રાઉન્ડનું પરિણામ અને ફાઈનલ રાઉન્ડ માટેની ચોઈસ ફિલિંગ શરૂ કરવામાં આવશે. પહેલા રાઉન્ડમાં પ્રવેશની ફાળવણી ૧૭મી જુલાઈના રોજ કરવામાં આવશે.

# હિમાચલ પ્રદેશમાં વરસાદે તબાહી મચાવી: ૩ લોકોના મોત

## બિહારના ભોજપુર, બક્સર અને નાલંદામાં વીજળી પડવાથી એક સગીર સહિત ૫ લોકોનાં મોત થયા: રેડ એલર્ટ જાહેર

**અબતક, નવી દિલ્હી**

ચોમાસા દરમિયાન ઉત્તર ભારતની સ્થિતિ ખૂબ જ ખરાબ હોય છે. આ વર્ષે પણ ભારે વરસાદને પગલે ઉત્તર ભારતની સ્થિતિ ગંભીર જોવા મળી રહી છે. ભારે વરસાદના કારણે અનેક રાજ્યોમાં તબાહીના દ્રશ્યો જોવા મળ્યાં છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, હિમાચલ પ્રદેશમાં રવિવારે આખો દિવસ ભારે વરસાદ નોંધાયો હતો. આજે સોમવારે સવારે શિમલાના ભટ્ટાકુફરમાં એક પાંચ માળની ઈમારત ધરાશાયી થઈ ગઈ હતી, જેનો વીડિયો અત્યારે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. કારણ કે આગલી રાત્રે જ આ ઈમારતને ખાલી કરાવી દેવામાં આવી હતી. હિમાચલ પ્રદેશમાં અત્યારે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હિમાચલ પ્રદેશમાં આ ઈમારતની નજીક ચાર લેનનો રસ્તો બનાવવામાં આવી રહ્યો હતો, જેના કારણે ઈમારતમાં તિરાડો પડી ગઈ હતી. છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદના કારણે ત્રણ લોકોનું મોત થયું હોવાનું પણ જાણવા મળ્યું છે. એટલું જ નહીં પરંતુ હિમાચલ પ્રદેશમાં અત્યાર સુધીમાં ૨૦ લોકોનું મોત થયું છે. જ્યારે ચાર લોકો અત્યારે હજી પણ લાપતા હોવાનું જાણવા મળ્યું છે. વરસાદ સંબંધિત ઘટનાઓને અનેક રસ્તાઓને પણ અસર થઈ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યાં છે. આગાહી પ્રમાણે હિમાચલ પ્રદેશના બિલાસપુર, હમીરપુર, કાંગડા, કુલ્લુ, મંડી, શિમલા, સોલન, સિરમૌર, ઉના અને ચંબા સહિત ૧૦ જિલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતાઓ છે, જેના કારણે પૂરનું જોખમ ઊભું થઈ શકે છે. મંડીમાં જુની ખાડ અને બિયાસ નદીનું પાણીનું સ્તર વધી શકે તેવી પણ સંપૂર્ણ શક્યતાઓ છે. જેથી લોકોને નદીઓ અને તેના કાંઠાથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે. ૨૦ જૂનથી હિમાચલમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૨૦ લોકોના મોત થયા છે. હિમાચલના ૪ જિલ્લામાં આજે શાળાઓ બંધ છે. મંડીમાં જુની-બિયાસ નદીમાં પૂર આવ્યું છે. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં વાદળ ફાટવાથી ૨ લોકોના મોત થયા છે. યાત્રાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ચારધામ યાત્રા એક દિવસ માટે રોકી દેવામાં આવી છે.

# શેરબજારમાં મંદી: સેન્સેક્સ - નિફ્ટી રેડ ઝોનમાં

## સેન્સેક્સમાં ૪૬૦થી વધુ અને નિફ્ટીમાં ૧૨૦ પોઈન્ટથી વધુનો કડાકો

**અબતક, રાજકોટ**

સપ્તાહના પ્રથમ ટ્રેડીંગ સેશનમાં આજે ભારતીય શેરબજારમાં મંદીનો માહોલ જોવા મળ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટી રેડ ઝોનમાં કામકાજ કરતા નજરે પડતા હતા. બૂલીયન બજાર ગ્રીન ઝોનમાં હતું. જ્યારે ભારતીય રૂપિયો ડોલર સામે થોડો નબળો દેખાતો હતો.



આજે સવારે મુંબઈ શેરબજારના બંને આગેવાન ઈન્ડેક્સ ઘટાડા સાથે ખૂલ્યા હતા. સેન્સેક્સે ૮૪૦૦૦ની સપાટી તોડી હતી. નીચલી સપાટી ૮૩૪૮૨.૧૩ રહેવા પામી હતી. જ્યારે ઉપલી સપાટી ૮૪૦૯૯.૫૩ રહી હતી. નિફ્ટીમાં પણ આજે નોંધપાત્ર ઘટાડો રહ્યો હતો. નિફ્ટીએ ૨૫૫૦૦ની સપાટી તોડી હતી. નીચલી સપાટી ૨૫૪૭૩.૩૦ રહેવા પામી હતી. જ્યારે ઉપલી સપાટી ૨૫૬૬૯.૩૫ રહી હતી. બેંક નિફ્ટીમાં પણ ૧૫૦ પોઈન્ટથી વધુનો ઘટાડો રહ્યો હતો. જ્યારે નિફ્ટી મિડકેપ-૧૦૦માં ઉછાળો રહ્યો હતો. આજે બજારમાં એકંદરે સુસ્તી રહી હતી. શેરબજાર તૂટ્યું હતું તો બૂલીયન બજારમાં ઉછાળો રહ્યો હતો. સોનાના ભાવમાં ઉછાળો રહ્યો હતો. જ્યારે ચાંદી પણ ઉંચકાઈ હતી. ડોલર સામે રૂપિયો થોડો નબળો જણાતો હતો.

આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૪૬૧ પોઈન્ટના ઘટાડા સાથે ૮૩૫૯૮ અને નિફ્ટી ૧૨૧ પોઈન્ટના ઘટાડા સાથે ૨૫૫૧૩ પર કામકાજ કરી રહ્યો છે.

# ગુજરાત સરકાર દ્વારા કલા મહાકુંભ ૨૦૨૫-૨૦૨૬માં ભાગ લેવા કલા વૃંદોને હાંકલ

## વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુકો તા.૨૦મી સુધી અરજી કરી શકશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારનાં રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ દ્વારા સંચાલીત ''કલા મહાકુંભ :૨૦૨૫-૨૬''નું આયોજન કરવામાં આવનાર છે. આ કલા મહાકુંભમાં (૧) ૦૬ થી ૧૪ વર્ષ (૨) ૧૫ થી ૨૦ વર્ષ (૩) ૨૧ થી ૫૯ વર્ષ (૪) ૬૦ વર્ષથી ઉપર એમ ૦૪(ચાર) વયજુથનાં સ્પર્ધકો ભાગ લઈ શકશે. સ્પર્ધકની ઉંમર તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગણવાની રહેશે. સ્પર્ધા તાલુકા/ઝોનકક્ષાથી લઈને જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા, અને રાજ્યકક્ષા એમ ક્રમશ: યોજવામાં આવશે.

કલા મહાકુંભ સ્પર્ધામાં (૧) વતૃત્વ, (૨) નિબંધ લેખન, (૩) કાવ્ય લેખન, (૪) ગઝલ શાયરી, (૫) લોકવાર્તા, (૬) દુહા-છંદ-ચોપાઈ, (૭) ચિત્રકલા, (૮) સર્જનાત્મક કારીગરી, (૯) લોકનૃત્ય, (૧૦) રાસ સહિતની ૩૭ કૃતિઓનું આયોજન કરવામાં આવશે.

કલા મહાકુંભ :૨૦૨૫-૨૬ માં ભાગ લેવા ઈચ્છતાં રાજકોટ શહેર અને ગ્રામ્યનાં સ્પર્ધકોએ નિયત નમુનાનાં અરજી ફોર્મમાં પોતાની સંપૂર્ણ વિગત ભરી આધારકાર્ડ અને બેંક પાસબુકનાં પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ સાથે પ્રતિ, જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ૫/૫, બહુમાળી ભવન, રેસકોર્ષ રોડ, રાજકોટ ખાતે તા.૨૦/૦૭/૨૦૨૫નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાનું રહેશે. નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

# સરધારમાં ટાયરના વેપારી પર હુમલો કરનાર શખ્સોના ઠેકાણાઓ પર પોલીસના દરોડા

## હુમલાના વિરોધમાં ગ્રામજનોએ સજ્જડ બંધ પાળી વિરોધ નોંધાવ્યો'તો : બે દિવસમાં હુમલાખોરો ઝડપાયા નહિ તો જનઆંદોલનની ચીમકો

**અબતક, રાજકોટ**

સરધારમાં ટાયરના વેપારી સાથે માથાકૂટ કરી ત્રણ શખસોએ વેપારીને ફડાકા ઝીંકી દીધા હતા અને છરી બતાવી ખૂનની ધમકી આપી હતી. આ ઘટનાને લઈ ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. ત્રણ દિવસ વીતી જવા છતાં આરોપીઓ નહીં પકડાતા રવિવારે સરધારના લોકોએ બંધ પાળી આક્રોશ ઠાલવ્યો હતો અને બે દિવસમાં આરોપીઓને પકડી કડક કાર્યવાહી નહીં થાય તો રસ્તા રોકો સહિતના ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. બીજી તરફ આજીડેમ પોલીસ દ્વારા હુમલાખોરે ઝડપી લેવા આટકોટ સ્થિત તેના નિવાસ્થાન અને આશ્રયસ્થાનો પર દરોડા પાડયા હતાં. પરંતુ આરોપી પોલીસને હાથ લાગ્યા નથી.

સરધારમાં રહેતા અને સરધારમાં જ ટાયરની દુકાન ચલાવતા મયૂરભાઈ કાનજીભાઈ વસોયા (ઉ.વ.૩૩) ગત તા.૨૬ના પોતની દુકાને હતા ત્યારે આટકોટનો વતની અને સરધારમાં પડ્યો પાથર્યો રહેતો સિકંદર સંધી તેના બે મળતિયા સાથે ધસી આવ્યો હતો અને પોતાની કારમાં ટાયર બદલવાના મુદ્દે માથાકૂટ કરી વેપારી મયૂરભાઈને ત્રણ ફડાકા ઝીંકી દીધા હતા તેમજ એક શખસે છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટના અંગે એજ દિવસે મયૂરભાઈ વસોયાએ આજી ડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઘટનાના બે બે દિવસ વીતી જવા છતાં સિકંદર સહિતના આરોપીઓ નહીં પકડાતાં રવિવારે સવારે સરધારમાં બંધ પાળાવમાં આવ્યો હતો. એક પણ દુકાનનું શટર ખુલ્યું નહોતું અને વેપારીઓ તથા ગ્રામજનો ગ્રામપંચાયતે એકઠા થયા હતા અને ગ્રામસભા મળી હતી. સ્થાનિક આગેવાનો તેમજ ગામના આગેવાનોએ ઘટનાને વખોડી કાઢી છાશવારે સિકંદર અને તેના મળતિયા દ્વારા કરાતી લુખ્ખાગીરીનો વિરોધ કરવામાં આવ્યો હતો અને પોલીસની ઢીલી નીતિનો પણ વિરોધ કરાયો હતો. રાજકોટ માર્કેટિંગ યાર્ડના પૂર્વ ડિરેક્ટર અને સરધારના આગેવાન અજયભાઈ ખૂંટે આક્રોશ ઠાલવ્યો હતો.

પોલીસ બે દિવસમાં આરોપીઓને પકડીને તેની જાહેરમાં સરભરા નહીં કરે તો આગામી દિવસોમાં રસ્તા રોકો આંદોલન સહિતના ઉગ્ર કાર્યક્રમો આપવામાં આવશે.તેવી ચીમકી ઉચ્ચારી હતી.

બીજી તરફ આ ઘટનાને લઈ આજીડેમ પોલીસ મથકના પીઆઈ એ.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ ટીમે આરોપીના આટકોટ સ્થિત નિવાસ્થાન અને આશ્રયસ્થાનો પર દરોડા પાડયા હતાં. પરંતુ આરોપીઓ પોલીસના હાથ લાગ્યા નથી.

# શહેરના તમામ બુથમાં ભાજપ પરિવારે 'મન કી બાત' કાર્યક્રમ નિહાળ્યો

## પીએમના ૧૨૩માં એપિસોડને નિહાળવા ધારાસભ્ય ઉદય કાનગડ, મેયર નયનાબેન પેઢડીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા

**અબતક, રાજકોટ**

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દર માસના અંતિમ રવીવારે 'મન કી બાત' કાર્યક્રમ યોજવામાં આવે છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૧૨૩ માં એપિસોડમાં 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા દેશવાસીઓ સાથે જોડાયા હતા. આ કાર્યક્રમમાં ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની સફળતા ની વાત કરી હતી અને ૨૫ જૂન ૧૯૭૫ની કટોકટીને ૫૦ વર્ષ પુરા થયા તે બાબતે પોતાના વિચારો વ્યકત કર્યા હતા.તાજેતરમાં શરૂ થયેલ કૈલાશ માનસરોવર, અમરનાથ યાત્રાના શ્રદ્ધાળુ પ્રવાસીઓને શુભકામનાઓ પાઠવી હતી.

રાજકોટ મહાનગરના તમામ વોર્ડમાં રાજકોટ શહેરના હોદ્દેદારો જોડાયા હતા. આ કાર્યક્રમ



નિહાળવામાં પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા,પ્રદેશ મંત્રી બિનાબેન આચાર્ય,રાજકોટના લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, પ્રમુખ મહામંત્રીસહિત બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓએ શહેરમાં આવતા ૯૮૪ બુથમાં 'મન કી બાત' કાર્યક્રમ નિહાળવામાં આવ્યો હતો. રાજકોટ મહાનગરમાં 'મન કી બાત' કાર્યક્રમની વ્યવસ્થા શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે,મહામંત્રી અશ્વિન મોલીયા સહિતના આગેવાનોએ વ્યવસ્થા સંભાળી હતી.

# લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે સોમવારે 'રસોડાનું વિજ્ઞાન' વિષયક નિબંધ સ્પર્ધા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગર પાલિકા સ્થાપિત તેમજ ગુજકોસ્ટ દ્વારા પુરસ્કૃત ઓ.વે.શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રેસકોર્ષ રાજકોટ ખાતે ચાલતા મહિલા સાયન્સ ક્લબ અંતર્ગત મહિલાઓ માટે ''રસોડાનું વિજ્ઞાન'' વિષયક એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આપણા રસોડામાં વપરાતી રસોઈની સામગ્રી તથા મરી મસાલા આપણા સ્વાસ્થ્યને ચુસ્ત રાખવા માટે કઈ રીતે કાર્ય કરે છે તેના વિજ્ઞાનને ધ્યાનમાં રાખી આ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ૨૦ વર્ષથી ઉપરના બહેનો ભાગ લઈ શકશે. નિબંધ ૧૫૦૦ શબ્દો સુધીની મર્યાદામાં લખવાના રહેશે, જેમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય એમ ઈનામો આપવામાં આવશે. ઉપરોક્ત વિષય અંગેની સ્પર્ધાના નિબંધો લખી તા.૭ જુલાઈ સોમવાર સાંજના ૫ વાગ્યા સુધીમાં લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે પહોંચાડવાના રહેશે. વધુ વિગત માટે મો.નં.૯૯૭૮૮૨૫૮૨૯ પર ૧૦.૩૦ થી ૫.૩૦ સુધી સંપર્ક કરવા જણાવાયું છે.

## ગેબનશાહ પીરની દરગાહ ખાતે

# કોંગ્રેસ પ્રમુખ રાજદિપસિંહનું સન્માન કરતા મુસ્લીમ બિરાદરો

## કોમી એકતા પ્રતિક ગેબનશાહ પીરને પ્રાર્થના કરી



**અબતક, રાજકોટ**

રાજકોટના શહેનશાહ અને કોમી એકતાના પ્રતિક હઝરત ગેબનશાહ પીર દરગાહ શરીફ ખાતે દરગાહ શરીફ ટ્રસ્ટ દ્વારા તા. ૨૬ ને ગુરૂવારના રોજ

વિશિષ્ટ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં રાજકોટ શહેર કોંગ્રેસના નવનિયુકત પ્રમુખ ડો. રાજદીપસીંહ જાડેજાનો વિશિષ્ટ

સન્માન કરવામાં આવ્યુ હતુ. પરેશભાઈ ડ ાેડીયા અને ધર્મેશભાઈ જોષી (જે.ડી.), કોંગ્રેસના કાર્યકર મુકુંદભાઈ ટાંકનું પણ દરગાહ શરીફ ટ્રસ્ટ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે ઉપસ્થિત તમામ મહેમાનોએ દરગાહ શરીફ ખાતે ચાદર પેશ કરી હતી અને દરગાહ શરીફના ખાદી મે દુઆ એ ખૈર (પ્રાથના ) કરી હતી . દરગાહ શરીફ ટ્રસ્ટના વિશિષ્ટ સન્માન સમારોહમાં ગોપાલભાઈ ત્રિવેદી, રજની ભાઈ વાઠેર, દિલીપભાઈ નથવાણી, તુષારભાઈ, દિલાવરભાઈ જુણાચ, સહિતના હિંદુ મુસ્લિમભાઈઓ બહોળી સંખ્યામાં ખાસ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા . આ કાર્યક્રમમાં તમામ મહેમાનોના સન્માન સત્કાર માટે હઝરત ગેબનશાહ પીર દરગાહ શરીફ ટ્રસ્ટ રાજકોટના પ્રમુખ યુસુફભાઈ દલના નેતૃત્વ હેઠળ તૈયબભાઈ ભાણુ, સજરુદીનભાઈ બાદી, અહેસાનભાઈ ચૌહાણ, અનવરભાઈ ચાનીયા, ફીરોજખાન પઠાણ ઉમરભભાઈ સોરા, અશરફખાન પઠાણ (નિ.પી.એસ.આઈ) વકાર બ્લોચ સકલૈની વગેરેએ જહેમત ઉઠાવી હતી

(પહેલા પાનાનું ચાલું)

### હાઉસીંગ સોસાયટી...

કરવામાં આવેલી તબદીલી ટ્રાન્સફર માટે ભરપાઈ કરવા પાત્ર સો ટકા ડ્યુટીની રકમ પૈકી ૮૦ ટકા સુધી ડ્યુટી રકમ માફ કરીને માત્ર ૨૦ ટકા જેટલી ડ્યુટી વસૂલ કરવામાં આવશે.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૯ (ક) અન્વયે ભરવા પાત્ર આવી રકમમાં છૂટછાટ અપાશે.

રાજ્ય સરકાર ના મહેસૂલ વિભાગે સ્ટેમ્પ અધિનિયમ માં કરેલી જોગવાઈઓ ના કારણે મધ્યમ વર્ગના લોકો ઉપર આવા તબદીલી ના કિસ્સાઓમાં જે નાણાંકીય બોજ આવતો હતો તે સમગ્ર વિષયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવા નાના મધ્યમ વર્ગીય લોકોની રજૂઆતો પ્રત્યે સંવેદના દાખવીને હકારાત્મક અભિગમ અપનાવ્યો છે.

આ સંદર્ભમાં તેમણે કરેલા નિર્ણય અનુસાર હવે મૂળ ડયુટી ના ૨૦ ટકા તથા દંડ ની રકમ મળીને માત્ર લેવાપાત્ર ડયુટી જેટલી જ રકમ વસૂલ કરવામાં આવશે.

આમ રાજ્ય સરકારે મૂળ ભરપાઈ કરવાની થતી સ્ટેમ્પ ડ્યુટીની રકમમાં ઘટાડો કરવાથી ડ્યુટી ઉપરાંત દંડની ગણતરી થતા સુધારેલી જોગવાઈ અગાઉની મિલકત સંબંધે જેટલી ડ્યુટીની રકમ ભરપાઈ કરવાની થતી હતી તેટલી જ રકમ ભરપાઈ કરવાની થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ સકારાત્મક અને નાગરિક હિત કેન્દ્રી અભિગમથી આવા તબદીલીના કિસ્સાઓમાં લોકો ઉપર દંડની રકમનો કોઈ જ વધારાનો નાણાકીય બોજ પડશે નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ નિર્ણયના અનુસંધાને જારી કરવામાં આવનારા જાહેરનામાની જોગવાઈઓ માત્ર ને માત્ર સોસાયટી, એસોસિએશન અને નોન ટ્રેડિંગ કોર્પોરેશન્સ દ્વારા એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટથી કરાયેલી તબદીલીઓ માટે જ લાગુ પડશે.

હાઉસીંગ સોસાયટીમાં નામ ટ્રાન્સફરને લઈ છેલ્લા ઘણા વર્ષોથી પ્રશ્ન પેચીદો બન્યો છે. વર્ષો પેલા માત્ર નજીવી કિંમતે આવાસની ફાળવણી કરવામાં આવી હતી જેમાં હવે નામ ટ્રાન્સફરમાં સ્ટેમ્પ ડયુટીના ૧૦૦ ટકા રકમ વસુલાત કરવામાં આવતી હતી. આ ઉપરાંત દંડની પણ વસુલાત કરાતી હતી. જેના કારણે લોકો પર ખૂબજ મોટો બોજો પડતો હતો. જેના સંદર્ભે હવે રાજય સરકાર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે સ્ટેમ્પ ડયુટીના ૨૦ ટકા રકમ ભરી નામ ટ્રાન્સફર કરી શકાશે દંડની રકમ પણ તેના આધારે જ નકકી કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આ સૌથી મોટો પ્રજાહિત કારી નિર્ણય છે.

### ચોમાસું સત્ર...

અને વિધાનસભાની સમિતિઓ દ્વારા રજૂ કરાયેલા અહેવાલો પર ચર્ચાનો સમાવેશ થતો હતો. રસપ્રદ વાત એ છે કે કાર્યવાહીમાં ભાગ લેનારા ૭૩.૬૮% ધારાસભ્યોએ ફક્ત એક જ વાર યોગદાન આપ્યું હતું. અહેવાલ દર્શાવે છે કે ૫૭ ધારાસભ્યોમાંથી ૪૨ ધારાસભ્યોએ ફક્ત એક જ વાર કાર્યવાહીમાં ભાગ લીધો હતો, આઠ ધારાસભ્યોએ બે વાર, ત્રણ ધારાસભ્યોએ ત્રણ વાર, બે ધારાસભ્યોએ ચાર વાર કાર્યવાહીમાં ભાગ લીધો હતો અને બે ધારાસભ્યોએ પાંચ વાર વિધાનસભાની કાર્યવાહીમાં ભાગ લીધો હતો. પાંચ વખત વિધાનસભાની કાર્યવાહીમાં ભાગ લેનારા ધારાસભ્યોમાં વિધાનસભામાં કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા અમિત ચાવડા અને આપ ધારાસભ્ય ઉમેશ મકવાણા હતા.

આ અઠવાડિયાની શરૂઆતમાં, મકવાણાએ ગુજરાત વિધાનસભામાં આપ વ્હીપ તરીકે રાજીનામું આપ્યું હતું.સત્ર દરમિયાન ચાર વખત વિધાનસભાની કાર્યવાહીમાં ભાગ લેનારા બે ધારાસભ્યોમાં મંત્રી હર્ષ સંઘવી અને ભાજપના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાનો સમાવેશ થાય છે.૧૮૨ સભ્યોની વિધાનસભામાં ૧૬૨ ધારાસભ્યો સાથે ભાજપ પાસે પ્રચંડ બહુમતી છે. કોંગ્રેસ પાસે ૧૨, આપ પાસે પાંચ, સપા પાસે એક ધારાસભ્ય અને બે અપક્ષ છે.

ઉલ્લેખનીય છે કે સરકાર વિકાસની મોટી વાતો કરે છે. નેતાઓ મોટી મોટી જાહેરાતો કરે છે. પણ વિધાનસભા ગૃહમાં હાજરી આપવામાં નેતાઓને આળસ આવી રહી છે તે પણ વાસ્તવિકતા છે.

### નયારા - રિલાયન્સ...

ઈંધણ સ્ટેશનોના નેટવર્કમાં નયારાના ૬,૭૫૦ પેટ્રોલ પંપ ઉમેરીને તેના ઈંધણ પંપ નેટવર્કને પણ નોંધપાત્ર રીતે વિસ્તૃત કરશે.

જોકે, આ વાટાઘાટોમાં મૂલ્યાંકન એક મુખ્ય પડકાર છે. રોઝનેફ્ટ અગાઉ ૨૦ બિલિયનની માંગણીથી ઘટાડીને લગભગ ૧૭ બિલિયનની માંગ કરી રહ્યું છે, જેને રિલાયન્સ સહિત મોટાભાગના ખરીદદારો હજુ પણ ઊંચા માને છે. રોઝનેફ્ટ, જેણે ૨૦૧૭માં ૧૨.૯ બિલિયનમાં એસ્સાર ઓઈલ હસ્તગત કરીને તેનું નામ નયારા એનર્જી રાખ્યું હતું, તે પશ્ચિમી પ્રતિબંધોને કારણે બહાર નીકળવા માંગે છે, જેના કારણે ભારતીય કામગીરીમાંથી કમાણી પરત કરવાની તેની ક્ષમતા મર્યાદિત થઈ ગઈ છે. નયારામાં અન્ય હિસ્સેદારો યુસીપી ઈન્વેસ્ટમેન્ટ ગ્રુપ અને ટ્રાફિગુરા પણ તેમના હિસ્સા વેચવા માંગે છે. સાઉદી અરામકો પણ આ રેસમાં હોવાનું મનાય છે, પરંતુ મૂલ્યાંકન સંબંધી ચિંતાઓ તેમના માટે પણ અસ્તિત્વમાં છે.

આ સોદો રિલાયન્સ માટે ખાસ કરીને ફાયદાકારક સાબિત થઈ શકે છે, કારણ કે કંપની રશિયન ક્રૂડ ઓઈલ રિફાઈન કરીને ઈંધણ નિકાસ દ્વારા નોંધપાત્ર વિદેશી આવક કમાય છે. સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એરના અહેવાલ મુજબ, જાન્યુઆરી ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં, રિલાયન્સે તેની જામનગર રિફાઈનરીમાંથી રશિયન ક્રૂડમાંથી રિફાઈન્ડ ઈંધણ યુએસમાં નિકાસ કરીને અંદાજિત ૭૨૪ મિલિયન (લગભગ રૂ. ૬,૮૫૦ કરોડ) કમાયા હતા. હાલમાં રોઝનેફ્ટ તરફથી કોઈ સત્તાવાર પુષ્ટિ નથી, પરંતુ જો આ વાટાઘાટો સફળ થાય છે, તો તે ભારતના ઉર્જા ક્ષેત્રમાં સ્પર્ધાત્મક લેન્ડસ્કેપને ફરીથી આકાર આપી શકે છે, જેનાથી રિલાયન્સને રિફાઈનિંગ અને ઈંધણ માર્કેટિંગ બંનેમાં વ્યાપક હાજરી મળશે.

### એસી કોચ વેઈટિંગ લિસ્ટ...

જશે. પ્રસ્થાનના આઠ કલાક પહેલા જ પેસેન્જર ચાર્ટને અંતિમ સ્વરૂપ આપવા, નવી પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (પીઆરએસ) લાગુ કરવા અને તત્કાલ બુકિંગ માટે આધાર લિંક ફરજિયાત બનાવવા જેવા અનેક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય મુસાફરોને વધુ સારી અને પારદર્શક સેવા પૂરી પાડવાનો છે. આ ફેરફારોથી વેઈટલિસ્ટેડ મુસાફરો માટે ટિકિટ કન્ફર્મ થવાની શક્યતાનો વધુ સચોટ અંદાજ મળશે.

આ મહત્વપૂર્ણ સુધારાઓમાં, રેલ્વે મંત્રાલયે એસી ક્લાસ માટે વેઈટિંગ લિસ્ટ ક્વોટામાં નોંધપાત્ર વધારો કર્યો છે. હવે એસી ક્લાસના કોચની ક્ષમતાના ૨૫% થી વધારીને ૬૦% સુધી વેઈટિંગ લિસ્ટ ટિકિટ આપી શકાશે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે વેઈટલિસ્ટેડ મુસાફરોને તેમની ટિકિટ કન્ફર્મ થવાની શક્યતા અંગે વધુ સારી માહિતી મળી શકે. પ્રસ્થાનના આઠ કલાક પહેલા ચાર્ટ તૈયાર થવાથી, ખાલી સીટોની માહિતી ઝડપથી ઉપલબ્ધ થશે અને વેઈટિંગ લિસ્ટમાં રહેલા મુસાફરોને તરત જ કન્ફર્મેશન મળી શકશે, જેનાથી મુસાફરીનું આયોજન સરળ બનશે.

આ સુધારાઓ ઉપરાંત, ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં, સેન્ટર ફોર રેલ્વે ઈન્ફર્મેશન સિસ્ટમ્સ (સીઆરઆઈએસ) દ્વારા એક અત્યાધુનિક પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (પીઆરએસ) શરૂ કરવામાં આવશે. આ નવી સિસ્ટમ પ્રતિ મિનિટ ૧.૫ લાખથી વધુ ટિકિટ બુકિંગ હેન્ડલ કરી શકશે, જે વર્તમાન ક્ષમતા કરતાં લગભગ પાંચ ગણી વધારે છે. આ સાથે, પૂછપરછ સિસ્ટમની ક્ષમતા પણ પ્રતિ મિનિટ ૪ લાખથી વધીને ૪૦ લાખ થશે, જેનાથી મુસાફરોને રીઅલ-ટાઈમ માહિતી સરળતાથી મળી રહેશે. આ તકનીકી સુધારા ઉપરાંત, ૧ જુલાઈ, ૨૦૨૫ થી, તત્કાલ ટ્રેન બુકિંગ માટે આધાર લિંકેજ ફરજિયાત બનશે, જેથી ટિકિટ બુક કરાવવા માટે આધારની વિગતો આપવી પડશે. આ જ તારીખથી, રેલ્વે ૫૦૦ કિમીથી વધુના સેકન્ડ-ક્લાસ ભાડામાં પ્રતિ કિલોમીટર અડધા પૈસા, મેલ એક્સપ્રેસમાં ૧ પૈસા અને એસી વર્ગોમાં ૨ પૈસાનો વધારો કરશે. આ વધારા છતાં, ઉપનગરીય અને માસિક સીઝન ટિકિટના ભાડા યથાવત રહેશે. રેલ્વેનું અનુમાન છે કે નાણાકીય વર્ષ ૨૦૨૬માં મુસાફરોની સંખ્યા વધીને ૭.૫૭ અબજ થશે, જે તેની વધતી જતી સેવાની માંગને દર્શાવે છે.

### ગરીબી રેખા...

આવરી લેવામાં આવતી વસ્તી, વરિષ્ઠ નાગરિકોને સંસ્થાકીય સહાય પૂરી પાડવામાં આવતી વસ્તી અને મૂળભૂત સેવાઓની ઍક્સેસનો સમાવેશ થાય છે.

વિશ્વ બેંકે કહ્યું હતું કે ઓછી આવક ધરાવતા દેશો માટે આંતરરાષ્ટ્રીય ગરીબી રેખા વર્તમાન ૨.૧૫ ડોલર થી વધારીને ૩ ડોલર પ્રતિ વ્યક્તિ પ્રતિ દિવસ કરવામાં આવી છે અને ઓછી મધ્યમ આવક ધરાવતા દેશો માટે તેને ૩.૬૫ ડોલર થી બદલીને ૪.૨૦ ડોલર પ્રતિ દિવસ કરવામાં આવી છે. અહેવાલમાં તાજેતરના ઘરગથ્થુ વપરાશ ખર્ચના ડેટાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે દર્શાવે છે કે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ''વધુ સમાન ખર્ચ અને ઓછી આવકની અસમાનતા તરફ સ્પષ્ટ પગલું'' જોવા મળ્યું છે. તે દર્શાવે છે કે ગ્રામીણ વિસ્તારોમાં સુધારેલા પીવાના પાણીના સ્રોતનો ઉપયોગ કરતી વસ્તીની ટકાવારી ૨૦૧૫-૧૬ માં ૯૪.૫૭% થી વધીને ૨૦૨૪-૨૫ માં ૯૯.૬૨% થવાનો અંદાજ છે, જે ગ્રામીણ ભારતમાં સાર્વત્રિક સલામત પાણીની પહોંચ તરફ નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. અન્ય માહિતીમાં, તે દર્શાવે છે કે કૃષિ ક્ષેત્રે પ્રતિ કામદાર કુલ મૂલ્યવર્ધન (રૂપિયામાં) ૨૦૧૫-૧૬ માં ૬૧,૨૪૭ થી વધીને ૨૦૨૪-૨૫ માં ૯૪,૧૧૦ થવાનું છે, જે દેશમાં કૃષિ ઉત્પાદકતા અને પ્રતિ કામદાર આવકમાં સુધારો દર્શાવે છે. ઈન્ટરનેટ સબ્સ્ક્રિપ્શન્સની કુલ સંખ્યા ૨૦૧૫ માં ૩૦૨.૩૬ મિલિયન થી વધીને ૨૦૨૪ માં ૯૫૪.૪૦ મિલિયન થવાની છે, જે ડિજિટલ કનેક્ટિવિટીમાં તીવ્ર વધારો દર્શાવે છે. 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' હેઠળ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સની સંખ્યા ૨૦૧૬ માં ૪૫૩ થી વધીને ૨૦૨૪ માં ૩૪,૨૯૩ થવાની છે, જે ઉદ્યોગસાહસિકતામાં મજબૂત વૃદ્ધિ દર્શાવે છે.

એસડીજી રિપોર્ટ નીતિ નિર્માતાઓ માટે એક મહત્વપૂર્ણ સંસાધન તરીકે સેવા આપે છે, જે એવા ક્ષેત્રોને ઓળખવામાં મદદ કરે છે જેને સઘન અને કેન્દ્રિત હસ્તક્ષેપોની જરૂર હોય છે. તે દર્શાવે છે કે ઘણા ક્ષેત્રોમાં ''નોંધપાત્ર પ્રગતિ'' થઈ છે, જ્યારે અન્ય ક્ષેત્રોમાં ''નોંધપાત્ર પડકારો'' બાકી છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ સપ્ટેમ્બર ૨૦૧૫ માં 'આપણા વિશ્વનું પરિવર્તનઃ ટકાઉ વિકાસ માટે ૨૦૩૦ એજન્ડા' નામનો દસ્તાવેજ અપનાવ્યો. તે ૧૭ એસડિજી અને ૧૬૯ સંબંધિત લક્ષ્યોની રૂપરેખા આપે છે. એસડીજી ૧ જાન્યુઆરી, ૨૦૧૬ ના રોજ અમલમાં આવ્યા.

### દવા પેકિંગ...

અલગ પાડવા માટે સાર્વત્રિક પ્રતીકની પણ જરૂરિયાત અનુભવી છે.

આ મહિને સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન હેઠળ ડ્રગ્સ કન્સલ્ટેટિવ કમિટી દ્વારા આ મામલો ઉઠાવવામાં આવ્યો હતો. કમિટીએ પેકેજિંગના મુદ્દાને વિગતવાર જોવા અને તેનો અહેવાલ સુપરત કરવા માટે એક પેટા-સમિતિની રચના કરવાનો નિર્ણય લીધો છે. આ પેટા-સમિતિમાં એક પેકેજિંગ નિષ્ણાતનો પણ સમાવેશ કરવામાં આવશે. વધુમાં, પેટા-સમિતિ ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ હેઠળ પેકેજિંગ સામગ્રી અને પ્રિન્ટેડ ફોઈલ્સના સપ્લાયર્સ માટે યોગ્ય નિયમનોનો સમાવેશ કરવાની શક્યતાનું પણ મૂલ્યાંકન કરશે.

સરકાર દવાના સ્ટ્રીપ્સ પર દર્દીની સગવડતા, પારદર્શિતા લાવવા અને દર્દીની સલામતી સુધારવા માટે વોઈસ-આસિસ્ટેડ ક્યુઆર કોડ્સ અને બ્રેઈલ કાર્ડ્સ પર પણ વિચારણા કરી રહી છે. આ માટે ટૂંક સમયમાં એક અલગ સમિતિની રચના પણ કરવામાં આવશે. આ પગલાં ગ્રાહકો માટે દવાની માહિતી વધુ સુલભ બનાવવામાં મદદ કરશે અને દવાના ઉપયોગમાં સલામતી સુધારશે.

(ત્રીજા પાનાનું ચાલું)

### દાદા...

સાહેબ મનોહરસિંહજી જાડેજાએ જાહેર જીવનના એક મોભી સ્વરૂપે, ઉત્તમોત્તમ રાજપુરુષ સ્વરૂપે, કુશળ પ્રશાસક સ્વરૂપે અને સંવેદનશીલ સર્જક સ્વરૂપે હંમેશા સીમાચિહ્નરૂપ કાર્ય કર્યું છે. પ્રત્યેક સમસ્યાના સમાધાન અર્થે યોગ્ય અને ત્વરિત નિર્ણય લેવાની આગવી સૂઝ ધરાવતા દાદાએ પોતાના નેતૃત્વ અને કર્તૃત્વમાં ક્યારેય પણ અસમાનતા ન પ્રવેશી જાય તેની સતત કાળજી રાખી હતી. સદેહે આપણી વચ્ચે ઉપસ્થિત ન હોવા છતાં પણ એમની પાર્થિવતા મને, આપને અને આપણને સૌને એમનાં દિવ્યત્વની અનુભૂતિ કરાવે છે.

(ચોથા પાનાનું ચાલુ)

### સીબીએસઈ...

૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામ જાહેર કરાયા બાદ નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે હવે જુલાઈ માસમાં પૂરક પરીક્ષા લેવામાં આવશે.સીબીએસઈ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાઓનું સમયપત્રક સત્તાવાર રીતે જાહેર કરાયો છે. જેમાં ૧૫ જુલાઈથી પરીક્ષા શરૂ કરવામાં આવશે તેમ જણાવાયું છે. આ પૂરક પરીક્ષા ૨૨ જુલાઈના રોજ પૂર્ણ થશે. જે વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા પાસ કરી શક્યા નથી, અથવા તો પરિણામ સુધારવા માગે છે તેઓ આ પરીક્ષા આપી શકશે. બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા પરીક્ષાના કાર્યક્રમ અનુસાર, ધોરણ-૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા ૧૫ જુલાઈથી શરૂ થશે. જેમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના બંને પ્રવાહોના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા સવારે ૧૦-૩૦ વાગ્યે શરૂ થશે અને બપોરના ૧-૩૦ વાગ્યાના સુમારે પૂર્ણ થશે. જેમાં કેટલાક વ્યવસાયિક અને વૈકલ્પિક વિષયોની પરીક્ષા બે કલાકના સમયગાળા માટે લેવામાં આવશે. ધોરણ-૧૦ની પૂરક પરીક્ષા ૧૫ જુલાઈથી શરૂ થશે અને ૨૨ જુલાઈના રોજ પૂર્ણ થશે. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા ૧૫ જુલાઈના રોજ લેવામાં આવશે. પરીક્ષાના પ્રથમ દિવસે સમાવિષ્ટ વિષયોમાં અંગ્રેજી વૈકલ્પિક, હિન્દી વૈકલ્પિક, ઉર્દૂ વૈકલ્પિક, સંસ્કૃત વૈકલ્પિક જેવા મુખ્ય શૈક્ષણિક વિષયો અને ઈતિહાસ, રાજકીય વિજ્ઞાન, ભૂગોળ અને અર્થશાસ્ત્ર જેવા મુખ્ય સામાજિક વિજ્ઞાન વિષયોની પરીક્ષા લેવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા શરૂ થવાના બે સપ્તાહ પહેલા જ કાર્યક્રમ જાહેર કરી દીધો છે. જેથી વિદ્યાર્થીઓ પરીક્ષાને લગતી તૈયારીઓ કરી શકશે.સીબીએસઈ પૂરક પરીક્ષામાં મુખ્ય પરીક્ષામાં પાસ થઈ શક્યા ન હોય અથવા વધુ સ્કોર કરવા માગતા વિદ્યાર્થીઓને તક મળશે.

### ડો.શ્યામાપ્રસાદ મુખરજી...

ડોડીયાની આગેવાનીમાં કરવામાં આવેલ હતું.

કેમ્પમાં જીવનદીપ બ્લડ બેંકને વોર્ડ નં. ૧,૩ અને ૧૨ અને ફીલ્ડમાર્શલ બ્લડ બેંકને વોર્ડ નં.૪,૫ તેમજ નાથાણી બ્લડ બેંકને વોર્ડ નં. ૭,૮ અને વોર્ડ નં. ૧૦ માં સીવીલ બ્લડ બેંકને ડોનેટ થયેલ રકતબોટલ અર્પણ કરાયું હતું. આ તકે દરેક વોર્ડમાં આવેલ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરેલ જેમાં લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, શહેર પ્રમુખ ડો. માધવ દવે, પ્રદેશ યુવા મોરચા અધ્યક્ષ ડો. પ્રશાંતભાઈ કોરાટ, પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, શહેર યુવા મોરચા પ્રમુખ કિશન ટીલવા, શહેર ભાજપ કોષાધ્યક્ષ મયુરભાઈ શાહે કરેલ હતું આ તકે મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ મેયર ડો. પ્રદિપ ડવ સહિત વોર્ડના પ્રભારી, પ્રમુખ, મહામંત્રી, મોરચાના મહામંત્રી, ઉપપ્રમુખ, મંત્રી સહિત બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

(૧૨માં પાનાનું ચાલુ)

### ધી ગવર્નમેન્ટ સર્વન્ટ કોઓપરેટિવ ક્રેડિટ સોસાયટી

સપનુ સાકાર થયું છે. કેટલાયના દીકરાદીકરીના લગ્નપ્રસંગો સુપેરે પત્યા છે. આ ઉપરાંત આરોગ્યલક્ષી સહાય, વાર્ષિક ભેટ, ડિવિડન્ડ, શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. આજે આ સહકારી પ્રવૃત્તિઓ સાથે ૧૧૩૪૭ લોકો જોડાયેલા છે. સંસ્થાએ ગત્ત વર્ષે રૂ. ૧૮૬ લાખનો નફો કર્યો હતો. રાજ્ય સરકાર દ્વારા તા. ૧થી સહકારી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ત્યારે વડોદરાની આ સંસ્થા સહકારથી સમૃદ્ધિના મંત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરે છે.

### અદાણી ગ્રીન

એમડબલ્યુનું સીમાચિહ્ન અમારી ટીમના અવિરત ધ્યાન અને સમર્પણનો પુરાવો છે. અમારા પ્રયોજકોના દૂરંદેશી નેતૃત્વ અને રોકાણકારો, ગ્રાહકો, ટીમ અને ભાગીદારોના અવિશ્વસનીય સમર્થન વિના આ કાર્ય શક્ય નથી, જેઓ દરેક પગલે અમારી સાથે ઉભા રહ્યા છે. નવીનીકરણીય ઉર્જામાં અદાણીને વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત કરવાની ગૌતમ અદાણીની મહત્વાકાંક્ષાથી પ્રેરિત થઈને, એજીઈએલ નવીનતા અને કાર્યકારી શ્રેષ્ઠતામાં નવા માપદંડો પ્રસ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે. આ લક્ષ્ય સિદ્ધિ સાબિત કરે છે

અદાણી ગ્રીન એનર્જી લિ.નો સમગ્ર ઓપરેશનલ પોર્ટફોલિયો વોટર પોઝિટિવ તરીકે પ્રમાણિત છે. એજીઈએલ ને નેશનલ સ્ટોક એક્સચેન્જના પર્યાવરણીય, સામાજિક અને શાસન વિષયમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ડીજીપી...

આપવામાં ન આવે તો સીનીયોરીટીના આધારે ૧૯૯૧ બેચના રાજકોટના તત્કાલીન પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલને ત્રણ માસ માટે ડીજીપીનો ચાર્જ સોંપી કામ ચલાવી લેવામાં આવે તેવી પણ અટકળો ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, મનોજ અગ્રવાલ પણ ચાલુ વર્ષે ૩૦ સપ્ટેમ્બરના રોજ વય નિવૃત થઈ જનાર છે.

હવે જો કાયમી ડીજીપીની નિમણુંક તરફ નજર કરવામાં આવે તો હાલ બે અધિકારીઓના નામ સૌથી મોખરે ચાલી રહ્યા છે. જેમાં ૧૯૯૨ બેચના સિનિયર આઈપીએસ અને હાલ રાજ્ય જેલ વડા તરીકે સેવા આપી રહેલા ડો. કે.એલ.એન. રાવનું નામ ચર્ચામાં છે. ત્યારબાદ ૧૯૯૩ બેચના આઈપીએસ અમદાવાદ પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્રસિંહ મલિકનું નામ પર પણ મંજૂરીનો મહોર લાગી શકે તેમ છે. આ બે આઈપીએસ ઉપરાંત સિનિયોરીટીના આધારે ૧૯૯૧ બેચના આઈપીએસ શમશેરસિંઘ અને મહિલા આઈપીએસ અધિકારી એસએમસી વડા નીરજા ગોટરુંનું નામ પણ હાલ ડીજીપીની રેસમાં આગળ ચાલી રહ્યું છે.

### કટોકટીના સમયે...

સમયમાં ગતિ, પહોંચ અને વિશ્વસનીયતા પ્રદાન કરે છે. ગુજરાતમાં, કલેક્ટર અને આપત્તિ વ્યવસ્થાપન હેન્ડલ્સ દ્વારા સમયસર વરસાદની ચેતવણીઓ, પૂર ચેતવણીઓ અને રસ્તા બંધ થવાના અપડેટ્સે જીવન બચાવવા અને ગભરાટ ઘટાડવામાં મદદ કરી છે, એમ નિવેદનમાં જણાવાયું છે.

ગુજરાત સરકારની સોશિયલ મીડિયા વ્યૂહરચના બહુપક્ષીય અભિગમ પર આધારિત છે, જે સંદેશાવ્યવહાર, જોડાણ અને જવાબદારીને સંતુલિત કરે છે, એમ નિવેદનમાં જણાવાયું છે. ઉપરાંત, આ સ્તરીય મોડેલ સતત પહોંચ સુનિશ્ચિત કરે છે, નાગરિકોનો વિશ્વાસ વધારે છે અને ડિજિટલ ચેનલો પર સમાવિષ્ટ, પારદર્શક શાસનને સમર્થન આપે છે.

સરકારે જણાવ્યું હતું કે આરોગ્ય વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, શિક્ષણ વિભાગ અને અન્ય વિભાગો નાગરિકોના રોજિંદા જીવનને લગતા વિષયો પર જાગૃતિ લાવવા માટે ડિજિટલ પ્લેટફોર્મ પર કેન્દ્રિત ઝુંબેશ ચલાવે છે.

### ભાજપ સંગઠન...

સહિત રાજયની ૧૫ મહાનગરપાલીકા ૩૧ જિલ્લા પંચાયત, અનેક તાલુકા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના આડે હવે છ માસથી પણ ઓછો સમય બચ્યો છે. ત્યારે ભાજપ દ્વારા શક્ય તેટલું ઝડપથી સંગઠન માળખું જાહેર કરી દેવામાં આવશે પક્ષ માટે હિતમાં છે. સંભવતઃ ચાલુ સપ્તાહે જ ભાજપ દ્વારા જિલ્લા અને શહેર સંગઠન માળખાની રચના માટેની ગાઈડલાઈન જાહેર કરી દેવામાં આવશે જોકે સંગઠનના હોદેદારોના નામ નવા પ્રદેશ પ્રમુખ અધ્યક્ષની નિયુકતી બાદ કરવામાં આવશે તેવું લાગી રહ્યું છે.

વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં પક્ષે મળેલી નિષ્ફળતાથી ભાજપમાં હાલ શોક જેવો માહોલ જોવા મળી રહ્યો છે. હવે કાર્યકરોને નિરાશામાંથી બેઠા કરી ફરી સંગઠનના ગઢને મજબૂત કરાવવા માટે લાગે લગાડી શકે તેવા નેતાને પ્રમુખ પદે બેસાડવાની આવશ્યકતા છે.

### અમદાવાદ હાઈવે...

- ૧૩ પાછળ, તિરૂપતી હાઈટ્સ ફ્લેટ નં.૮૦૧, રાજકોટ, મુળ ઉત્તરપ્રદેશ) અને કલીનરે પોતાનું નામ રંગીલ રાજકુમાર રાય (ઉ.વ.૩૫, રહે- ઘંટેશ્વર, એસ.આર, પી. ગ્રુપ - ૧૩ પાછળ, તિરૂપતી હાઈટ્સ ફ્લેટ નં.૮૦૧, મુળ બિહાર) હોવાનું જણાવેલ હતું.

વધુમાં બંનેની પુછતાછમાં ડ્રાઈવર વિશાલસીંગે ટ્રક પોતાની માલીકીનો હોવાનું અને મહારાષ્ટ્ર - ગુજરાત બોર્ડર ઉપર આવેલ ભિવાડ ગેઈટ ચેક પોસ્ટથી ગુજરાત તરફના રસ્તે આલોક નામના શખ્સે ટ્રકમાં ટાયરોના ઢગલાની નીચે વિદેશી દારૂની પેટીઓ ભરેલ હોવાનું અને રાજકોટ તરફ જતો હોવાનું જણાવેલ હતું. બાદમાં પોલીસે ટ્રકમાં તપાસ કરતાં પાછળના ભાગે અલગ-અલગ નાના-મોટા વેસ્ટેજ ટાયરોની નીચે વિદેશી દારૂની પેટીઓ જોવા મળેલ હતી.

ક્રાઈમ બ્રાન્ચની ટીમે અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૧૮૨૮૮ બોટલ રૂ.૫૬.૪૩ લાખ અને ટ્રક સહિતનો મુદ્દામાલ મળી કુલ રૂ.૭૧.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બંને શખ્સોની ધરપકડ કરી સઘન પૂછતાછ આદરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ડ્રાઈવર વિશાલસીંગ અગાઉ દમણ રહેતો હોય જ્યાં આલોક સાથે મિત્રતા થયેલ હોય જે આલોક ઈંગ્લીશ દારૂનો ધંધો કરતો હોય જેથી ત્રણેક મહીના પહેલા ટ્રકમાં ઈંગ્લીશ દારૂ ભરવા આપેલ લ અને બાદ પોતે પોતાના વતનમાં જતો રહેલ હતો, ગઈ તા.૨૮ ના સવારના આલોકનો ફોન આવેલ કે, ભિલાડ ચેક પોસ્ટ નજીક આવવાનું જણાવતા પોતે તથા પોતાનો મિત્ર રંગીલ બન્ને ખાનગી વાહનમાં ભિલાડ ચેક પોસ્ટ નજીક ગયેલ અને ગઈકાલે સવારના આલોક ત્યાં આવેલ અને ટ્રકમાં વેસ્ટેજ ટાયરોની નીચે ઈંગ્લીશ દારૂની પેટીઓ ભરી આપેલ હતો.જે રાજકોટ ખાતે લઈ આવતા હોવાની કબૂલાત આપી હતી.

### જન જનના સોમનાથ...

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૨૩થી નિયમિત રૂપે મહાશિવરાત્રી અને શ્રાવણ પર્વે ભક્તો માટે આ વિશેષ બિલ્વપુજા સેવા'' શરૂ કરવામાં આવી રહી છે. જેમાં અત્યાર સુધીમાં ૭.૫૦ લાખ થી વધુ ભક્ત પરિવારો દ્વારા પૂજા નોંધાવી સોમનાથ મહાદેવને બિલ્વપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. આ પૂજાને ભક્તોનો વિક્રમી પ્રતિસાદ મળ્યો હતો અને આ પૂજાના પ્રસાદ સ્વરૂપે તમામ ભક્તોને રુદ્રાક્ષ, ભસ્મ અને બિલ્વપત્ર પોસ્ટ મારફત દેશભરમાં એમના નોંધાવેલ સરનામા પર મોકલવામાં આવ્યા હતા જે મેળવીને મોટી માત્રામાં ભાવિકોએ આભાર વ્યક્ત કર્યો હતો. એટલુજ નહિ ભાવિકોને કોઈ કારણસર પ્રસાદ ન મળ્યો હોય તેમને ફરી પોસ્ટ કરીને અથવા મંદિર કાર્યાલયેથી રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ આપવામાં આવ્યા હતા. જેથી યાત્રીઓ આ પૂજા સેવાથી અતી પ્રસન્ન બન્યા હતા.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

### દ્રષ્ટી એડવાળા ગિરીશભાઈ ત્રિવેદીનાં મોટાભાઈનું અવસાન

**રાજકોટઃ** ધ્રોલ નિવાસી ગં.સ્વ. દમયંતિબેન ગુણવંતરાય ત્રિવેદીના મોટા દીકરા રાજેશકુમાર ગુણવંતરાય ત્રિવેદી હાલ રાજકોટ (ન્યુ સ્કુલ, જામનગર - ભૂતપૂર્વ આચાર્ય) (ઉ.વ.૭૦) તે મધુકાન્તાબેનના પતિ, વિકાસ રાજેશકુમાર ત્રિવેદી, રચના પ્રશાંત વ્યાસના પિતા, સ્વ. યોગેશ ગુણવંતરાય ત્રિવેદી, ગીરીશભાઈ ગુણવંતરાય ત્રિવેદી, હરેશ ગુણવંતરાય ત્રિવેદી, જીજ્ઞેશ ગુણવંતરાય ત્રિવેદી, ચેતનાબેન હરેશકુમાર દવે, સ્વ. રશ્મિનાબેન ગુણવંતરાય ત્રિવેદીના ભાઈ, સ્વ. પ્રિતમલાલ નરભેશંકર જોષીના જમાઈ, પ્રશાંત દિનેશભાઈ વ્યાસના સસરાનું તા. ૨૯ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૩૦ ને સોમવારના રોજ સાંજે ૪.૩૦ થી ૫.૩૦ ધર્મેશ્વર મહાદેવ મંદિર, ધરમનગર, પરફેકટ શો રૂમ વાળી શેરીમાં, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.



**રાજકોટઃ** રાજકોટ નિવાસી હંસાબેન નૌતમલાલ રાઘવાણી (ઉ.વ.૮૨) તે સ્વ.નૌતમલાલ મંછારામ રાઘવાણીના પત્ની, દિપકભાઈ(સત્યમ ટેલિકોમ), સુરેશભાઈ(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ મારુતિ વિસ્તાર કાર્યવાહ, રાજકોટ શિક્ષણ સમિતિના સભ્ય) ના માતા, દેવ, દર્શન, માનવ ના દાદીમાં નું તારીખ ૨૯ ને રવિવારના રોજ અવસાન પામેલ છે તેમનું બેસણું/પગડિયું તારીખ ૨/ ૭ ના બુધવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૦૦ સુધી બેસણું તથા સાંજે ૬:૦૦ કલાકે પગડિયું રસ્મ દેવી હોલ શાસ્ત્રીનગર, પોપટપરા નાલા ની સામે રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** પીપળવા (પ્રાંચી) નિવાસી નાથળીયા ઉનેવાળ કુસુમબેન કાંતિલાલ ઉપાધ્યાય (ઉ.વ.૭૫) તે કાંતિલાલ મુળશંકર ઉપાધ્યાયના પત્ની, સ્વ. રાહુલભાઈ, શાસ્ત્રી મેહુલભાઈ, આશાબેન રાજેશકુમાર રાવલના માતા, મુંબઈ નિવાસી દિનેશભાઈ હરિશંકર શ્રોત્રિય, વેરાવળ નિવાસી હરેશભાઈ ભાનુશંકર શ્રોત્રિયાના બહેનનું તા. ૨૯ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૩-૭ ને ગુરુવારે બપોરના ૩ થી ૫ કલાકે શ્રી નાથળીયા ઉનેવાળ બ્રહ્મસમાજ વાડી ૮૦ ફુટ રોડ ચંદ્ર મૌલેશ્વર મંદિરની પાછળ વેરાવળ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મુળ ગામ દેરડી (કાઠીની) હાલ રાજકોટ રહેવાસી અંબાબેન ભાણજીભાઈ બડેલીયા (ઉ.વ.૮૬) તે મનસુખભાઈ ભાણજીભાઈ બડેલીયા , કિશોરભાઈ ભાણજીભાઈ બડેલીયા , હરસુખભાઈભાણજીભાઈ બડેલીયા , રવિન્દ્રભાઈ ભરતભાઈ બડેલીયાના માતાનું તા. ૨૭ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનં બેસણું તા. ૩૦ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ રાજનગર કોમ્યુનીટી હોલ, રાજનગર સોસાયટી શેરી નં.૧ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મચ્છુકઠીયા સઈ સુતાર જ્ઞાતિ રાજકોટ રમણીકભાઈ પીતાંબરભાઈ લીંબડ (ઉ.વ.૯૦) નું તા. ૨૮ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. તેઓ મુળ જામદુધઈ નિવાસી હાલ રાજકોટ તે સ્વ. ભવાનભાઈ લીંબડ, સ્વ. પ્રભુલાલ લીંબડ, જયંતિભાઈ લીંબડના ભાઈ, કિશોરભાઈ, ભરતભાઈ, દક્ષાબેન, જયોત્સનાબેનના પિતા, મોરબીવાળા દયાળજી પ્રેમજી મિસ્ત્રીના જમાઈનું બેસણું તા. ૩૦ ને સોમવારના રોજ સાંજે ૫ થી ૬ પુરૂષાર્થ સોસાયટી, પુરૂષાથ મંદિર, હરીઘવા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ રહેવાસી વાલજીભાઈ દેવસીભાઈ પરસાણાનું તે હસુભાઈ વાલજીભાઈ પરસાણા, સ્વ. મહેશભાઈ વાલજીભાઈ પરસાણાના પિતા, વિશાલ મહેશભાઈ પરસાણા, વિંકલ હસુભાઈ પરસાણાના દાદાનું તા. ૨૯ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૩૦ ને સોમવારના રોજ બપોરે ૪ થી ૬ દરમિયાન પર્ણકુટિર સોસાયટી કોમ્પયુનીટી હોલ, એસ્ટ્રોન સોસાયટી મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# વરસાદમાં ડામર કામ ન કરવા કડક આદેશ: કોંગ્રેસની વિજીલન્સ તપાસની માંગ

## શહેરના વોર્ડ નં.૮ અને ૧૦માં અનેક સ્થળોએ ચાલુ વરસાદમાં ડામર કામ ચાલુ રાખવામાં આવતા લોકોનો વિરોધ: પદાધિકારીઓએ વરાપ નીકળે ત્યારે જ પેવર કામ કરવાની સૂચના આપી



**અબતક, રાજકોટ**

ડીઆઇ પાઇપલાઇન બિછાવવા માટે કોર્પોરેશન દ્વારા શહેરના તમામ વોર્ડમાં આડેધડ રસ્તાઓ ખોદી નાંખવામાં આવ્યા છે. જેના કારણે હાલ ચોમાસાની સિઝનમાં લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દિવાળી પહેલા કોઇપણ ભોગે રસ્તા રિપેર કરી દેવા અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે. જેના કારણે એજન્સી દ્વારા ચાલુ વરસાદમાં પણ ડામર કામ ચાલુ રાખવામાં આવતું હોવાના કારણે લોકોમાં ભારે અચરજ જોવા મળી રહી છે. આજે સવારે બે વોર્ડમાં એક તરફ આકાશમાંથી પાણી વરસી રહ્યું હતું અને બીજી તરફ કોન્ટ્રાક્ટર દ્વારા ડામર કામનો ધમધમાટ ચાલી રહ્યો હતો. જેનો લોકોએ વિરોધ કરતા લોકો સાથે પણ એજન્સી દ્વારા ગેરવર્તણુંક કરવામાં આવી હતી. દરમિયાન શાસકોએ એવો સ્પષ્ટ આદેશ આપ્યો છે કે ચાલુ વરસાદમાં શહેરના એકપણ વિસ્તારમાં ડામર કામ કે પેચવર્ક કરવો નહિં. બીજી તરફ શહેર કોંગ્રેસ દ્વારા આ સંદર્ભે વિજીલન્સ તપાસની પણ માંગણી કરવામાં આવી છે.

રાજકોટના રાજમાર્ગોની દશા હાલ ખૂબ જ ખરાબ થઇ જવા પામી છે. ડીઆઇ પાઇપલાઇન નેટવર્ક માટે રોડ ખોદી નાંખવામાં આવ્યા છે. જેના કારણે સામાન્ય વરસાદી ઝાપટાંમાં પણ કાદવ કિચડનું સામ્રાજ્ય ફેલાઇ જવા પામે છે. રોડને ફરી ટનાટન કરવા માટે ટેન્ડર મંજૂર કરી દેવામાં આવ્યું છે. બીજી તરફ કોર્પોરેશનના ભાજપના શાસકો દ્વારા એવી સૂચના આપવામાં આવી છે કે નવરાત્રિ અને વધીને દિવાળી સુધીમાં તમામ રોડ ડામરથી મઢાઇ જવા જોઇએ. છેલ્લા ૧૦ દિવસથી શહેરમાં સતત વરસાદ વરસી રહ્યો છે. છતા ડામર કોન્ટ્રાક્ટરોએ સમય મર્યાદામાં કામ પુરૂં કરવા માટે વરસાદમાં પણ ડામર કામ કરવાનું શરૂ કરી દીધું છે. ડામર અને પાણીને મોટો આડવેર છે. વરસાદના કારણે ડામર એક્શન પ્લાન દિવસો સુધી બંધ રાખવા પડે છે. જો ડામરમાં થોડો પણ ભેજ હોય તો કામની ગુણવત્તા સામે સવાલો ઉભા થાય છે. ભેજના કારણે પણ ડામર કામ કરી શકાતું નથી. આવામાં કોન્ટ્રાક્ટરો અને કોર્પોરેશનના ઇજનેરો બુધ્ધિનું પ્રદર્શન કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ચાલુ વરસાદમાં શહેરના અનેક વિસ્તારોમાં ડામર કામ ચાલુ રાખવામાં આવે છે. આ અંગે વિરોધ પક્ષ કોંગ્રેસે વિજીલન્સ તપાસની માંગણી કરી છે. સાથોસાથ ભાજપના શાસકોએ ત્રણેય ઝોનના ડીએમસીને એવી સૂચના આપી દીધી છે કે ચોમાસાની સિઝનમાં ચાલુ વરસાદમાં ડામર કામ કોઇપણ કાળે કરવું નહિં. જો રોડનું કામ ચાલુ હોય અને વરસાદ પડે તો પણ અટકાવી દેવાનું સૂચન કર્યું છે. તડકો નીકળે પછી જ ડામર કામ કરવાની સૂચના આપી છે.

ડામર કોન્ટ્રાકટરો પણ મુંઝવણમાં મુકાઇ ગયા છે. એક તરફ નવરાત્રિ કે દિવાળી સુધીમાં કામ પુરૂં કરવાની સૂચના આપવામાં આવી છે. બીજી તરફ વરસાદમાં કામ ન કરવાના આદેશો છૂટ્યા છે. શહેરના અનેક વિસ્તારોમાં તાજેતરમાં કરાયેલા ડામર કામની ગુણવત્તા એટલી હદે ખરાબ છે કે રોડ બેસવા માંડ્યા છે. આટલું જ નહિં અનેક વિસ્તારોમાં પાણીમાં ડામર ધોવાઇ ગયા છે. બે દિવસ પૂર્વે તો મવડી વિસ્તારમાં આખું સ્પીડ બ્રેકર વરસાદના કારણે એક તરફ ધસી ગયું હતું. ડામર કામની ગુણવત્તા કોર્પોરેશનનો ભ્રષ્ટાચાર ખુલ્લો પાડી રહી છે.

શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજદિપસિંહ જાડેજા અને પૂર્વ પ્રમુખ અને પૂર્વ વિપક્ષી નેતા અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે રાજકોટ મહાનગર પાલિકામાં બાંધકામ શાખામાં ડામર કામમાં કરોડોનો ભ્રષ્ટાચાર થાય છે તે જગ જાહેર છે. કામની ગુણવત્તા જળવાતી નથી. જેને પગલે શહેરમાં ખાડાઓનું સામ્રાજ્ય છે. યોગ્ય સમયે પેચ વર્ક અને ડામર કામ ન થતું હોવાને પગલે જાગનાથ સહિતના વિસ્તારોમાં આજે પણ ખાડા સહિતની સમસ્યાઓથી લોકો ત્રસ્ત છે. વોર્ડ નંબર ૧૦ માં રામપાર્ક મેન રોડ પર વેદાંત એપાર્ટમેન્ટ પાસે શેરીઓમાં ગઈકાલથી ડામરનું કામ ચાલી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે. જોકે શાસકોએ અગાઉ જાહેર કરેલ હતું કે જેટ પેચર દ્વારા ડામર કામ ચાલુ વરસાદે પણ થઈ શકશે આ પદ્ધતિ શહેરમાં અમલીકરણ કરવામાં આવશે. આ ડામર કામ જેટ પેચર પદ્ધતિને બદલે જે જૂની પદ્ધતિ છે તે રીતે ડામર કામ થઈ રહ્યું છે. તો ચાલુ વરસાદે અને ખાડામાં ડામોર કામ થાય તો તેની ગુણવત્તા જળવાઈ નહીં અને કરેલ ડામર પણ ઉખડી જવાની પૂરેપૂરી શક્યતા રહે છે. વોર્ડ નંબર ૧૦ માં ચાલુ વર્ષ સાથે થઈ રહેલા આ કામ અંગે તે વિસ્તારના સીસી ફૂટેજ મેળવી ચાલુ વરસાદે જો ડામર થઈ ન શકે એવી જોગવાઈ છે ત્યારે જો વરસતા વરસાદે ડામર કરવામાં આવતો હોય તો કસુરવાન કોન્ટ્રાક્ટર અને જવાબદાર અધિકારી સામે વિજીલન્સ તપાસ કરી કડક કાર્યવાહી કરવા કોંગ્રેસની માંગ છે.

# મેઘાવી માહોલમાં રોગચાળો વકર્યો: ૧૮૩૭ કેસ નોંધાયા

## ડેન્ગ્યૂનો એક, મેલેરિયા અને ટાઇફોઇડના બે, કમળાના ત્રણ, સામાન્ય તાવના ૯૫૮, શરદી-ઉધરસના ૬૪૨ અને ઝાડા-ઉલ્ટીના ૨૨૯ કેસ નોંધાયા: મચ્છરોની ઉત્પતિ સબબ ૩૩૫ આસામીઓને નોટિસ: ૨૮ લોકો પાસેથી રૂ.૧૪૮૦૦નો દંડ વસૂલાયો



**અબતક, રાજકોટ**

સતત મેઘાવી માહોલના કારણે શહેરમાં ફરી ઋતુજન્ય રોગચાળાએ માથું ઉંચક્યું છે. તાવ, શરદી-ઉધરસ અને ઝાડા-ઉલ્ટીના છેલ્લા એક સપ્તાહમાં ૧૮૨૭ કેસ નોંધાયા છે. રોગચાળાને નાથવા માટે કોર્પોરેશનના તમામ પ્રયાસો નિષ્ફળ નિવડી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. દરમિયાન મચ્છરોની ઉત્પતિ સબબ ૩૩૫ આસામીઓને નોટિસ ફટકારવામાં આવી છે. જ્યારે ૨૮ લોકો પાસેથી રૂ.૧૪૮૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા આજે રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ગત સપ્તાહે ડેન્ગ્યૂનો નવો એક કેસ મળી આવ્યો છે. ચાલુ વર્ષે ડેન્ગ્યૂના કુલ કેસનો આંક ૧૯એ પહોંચ્યો છે. જ્યારે મેલેરિયાના નવા બે કેસ મળી આવ્યા છે. કુલ કેસનો આંક આઠ થયો છે. ગત સપ્તાહે ચીકન ગુનિયાનો નવો એકપણ કેસ નોંધાયો નથી. જ્યારે કમળાના નવા ત્રણ કેસ નોંધાતા કુલ કેસનો આંક ૭૩ થવા પામ્યો છે. ટાઇફોઇડના પણ નવા બે કેસ નોંધાતા કુલ કેસ ૫૫એ પહોંચી ગયા છે. શરદી-ઉધરસના ૬૪૨ કેસ, સામાન્ય તાવના ૯૫૮ કેસ અને ઝાડા-ઉલ્ટીના ૨૨૯ કેસ નોંધાયા છે. પાણીજન્ય રોગચાળાને નાથવા માટે અલગ-અલગ વિસ્તારોમાંથી પાણીના ૪૧૮ નમૂના લઇ તેના ક્લોરિન ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે તમામ પરિક્ષણમાં ઉતિર્ણ થયા છે. મચ્છરજન્ય રોગચાળાને નાથવા માટે કોર્પોરેશનની ટીમો દ્વારા ૩૭૦૧૪ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. જ્યારે ફિલ્ડ વર્કરો દ્વારા ૩૪૧ ઘરોમાં ફોગીંગ કરવામાં આવ્યું હતું. બાંધકામ સાઇટ, હોસ્પિટલ, સ્કૂલ, હોટેલ, ઇન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્સ, ભંગારના ડેલા, સેલર, હોલ, વાડી, પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ અને સરકારી કચેરી સહિત બિન રહેણાંક હેતુની ૭૫૩ મિલકતોમાં મચ્છરોના ઉપદ્રવ અંગે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે પૈકી ૨૬૭ સ્થળેથી મચ્છરના લારવા મળી આવતા તમામને નોટિસ આપવામાં આવી હતી. ચેકીંગ દરમિયાન રહેણાંક હેતુની પણ ૬૮ મિલકતોમાં મચ્છરોના લારવા મળી આવ્યા હતા. તેઓને પણ નોટિસ આપવામાં આવી છે. જ્યારે ૨૮ આસામીઓ પાસેથી મચ્છરની ઉત્પતિ સબબ ૧૪૮૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

સતત વરસાદના કારણે હાલ રોગચાળાએ અજગરી ભરડો લીધો હોય તેવું લાગી રહ્યું છે. દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઇ રહ્યા છે. જ્યારે ઘેર-ઘેર માંદગીના ખાટલા પડ્યા છે.

# કૃષ્ણનગરમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

## બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને દાતાઓ તરફથી શૈક્ષણીક કીટ વિતરણ કરાઇ




**અબતક, રાજકોટ**

તાજેતરમાં કૃષ્ણનગર પ્રાથમિક શાળા ખાતે કણકોટ પ્રાથમિક શાળા તથા રામનગર પ્રાથમિક શાળા આ ત્રણેય સ્કૂલનો સંયુક્ત શાળા પ્રવેશ ઉત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાઈ ગયો જેમાં રાજકોટ જિલ્લાના ડેપ્યુટી કલેક્ટર ઈશિતાબેન તથા ત્રણેય ગામના સરપંચ મનિષાબેન ઉપસરપંચ હરિભાઈ એમડીએમ સુપરવાઈઝર પરિબેન તથા લાઈઝન હિરેનભાઈ પિત્રોડા, એસએમસી ના તમામ સભ્યઓ તથા વાલીગણ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા ઈશિતાબેનએ બાળકો સાથે સીધો સંવાદ કરીને બાળકોની ભવિષ્યની અપેક્ષાઓ જાણવાનો પ્રયત્ન કર્યો હતો .આ સમયે ત્રણેય શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો .તેમજ અધિકારી ગણ અને પદાધિકારી ગણ તરફથી બાળકોને શૈક્ષણિક કીટ આપીને બાલવાટિકાના બાળકોને પ્રવેશ કરાવી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા .તેમજ ગામના અલખધામ આશ્રમના મહંત મસ્તરામ બાપુ એક દાતા તરીકે હાજર રહીને બાળકોને ટીશર્ટ તેમજ શૈક્ષણિક કીટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.. ત્રણેય શાળાના આચાર્યઓ એચ ટાટ આચાર્ય કેવિનભાઈ માંડવીયા સરોજબેન દેવમુરારીભાવનાબેન જોષી તથા સમગ્ર શાળા સ્ટાફ વગેરે એ આ કાર્યક્રમને સફળ બનાવવા જ હેમત ઉઠાવી હતી. નિવૃત્ત એવા શિક્ષિકા બેન સુમિતાબેન તરફથી બાળકોને શૈક્ષણિક કીટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આચાર્ય કેવિનભાઈએ આભાર વિધિ કરી હતી.

# શ્રીમદ રાજચંદ્ર સેવા ફાઉન્ડેશન દ્વારા કાલે રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

રાજકોટ સિવીલ હોસ્પિટલના જરુરીતમંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી પ્રિન્સીપાલ કમીશ્નર ઓફીસ સીજીએસટી ઓડીટ, રાજકોટ દ્વારા ૧-૭-૨૫ મંગળવારે બપોરે ૩ થી ૬ વાગ્યા સુધી પ્રિન્સીપલ કમીશ્નર ઓફીસ સીજીએસટી ઓડીટ, ટવીન સ્ટાર, બિલ્ડીંગ ૧૯મો માળ સાઉથ બ્લોક નાનામવા સર્કલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રકતદાન કેમ્પનું આયોન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં પ્રિન્સીપલ કમિશ્નર સીજીએસટી ઓડીટ રાજકોટ શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, રાજકોટ સિવીલ હોસ્પિટલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનદ સેવા આપશે. રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા અનુરોધ કરાર્યો છે. કોઈના જન્મ દિવસ કે સ્મૃતિ રુપે રાજકોટ સિવીલ હોસ્પિટલના લાભાર્થે રકતદાન કેમ્નું આયોજન કરવા તેમજ અન્ય જીવદયાના કાર્યો માટે રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# કોરોના વિદાય ભણી: સતત બીજા દિવસે માત્ર એક જ કેસ નોંધાયો

## વોર્ડ નં.૩માં પોપટપરા વિસ્તારમાં ૬૫ વર્ષીય વૃદ્ધ કોરોના સંક્રમિત: હાલ શહેરમાં માત્ર ૧૨ એક્ટિવ કેસ

**અબતક, રાજકોટ**

શહેરમાં કોરોનાનો પ્રકોપ અંત ભણી આગળ વધી રહ્યો છે. ગઈકાલે એક કેસ નોંધાયા બાદ આજે સતત બીજા દિવસે શહેરમાં કોરોનાનો નવો એક કેસ મળી આવ્યો હતો. કુલ ૧૨ એક્ટિવ કેસ હોવાનું જાણવા મળી રહ્યું છે.

રાજ્યભરમાં કોરોનાના કેસમાં સતત ઘટાડો નોંધાયો છે. ગત સપ્તાહે સતત ત્રણ દિવસ સુધી રાજકોટમાં કોરોનાના બે-બે કેસ નોંધાયા હતા. દરમિયાન ગઈકાલથી કોરોનાનો જોર લગભગ અડધું થઈ ગયું છે.

ગઈકાલે રવિવારે શહેરના વોર્ડ નં.૧૪માં મધુરમ પાર્ક વિસ્તારમાં એક યુવાન કોરોના સંક્રમિત થયો હતો. આજે સતત બીજા દિવસે કોરોનાનો એક કેસ નોંધાયો છે. ગત ૧૯ મેથી આજ સુધીમાં કોરોનાના ૨૩૩ કેસ નોંધાયા છે. જે પૈકી ૨૨૧ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જ્યારે હાલ શહેરમાં કોરોનાના માત્ર ૧૨ એક્ટિવ કેસ હોવાનું જાણવા મળી રહ્યું છે.

# ઈન્ટરનેટ વપરાશકર્તાઓનો આંક ૯૪.૩ કરોડને પાર: ગામડાઓનો મોટો ફાળો

## ગ્લોબલ ડિજિટલ રિપોર્ટ-૨૦૨૫ અનુસાર ભારતીયો દિવસનો સરેરાશ ૨ કલાક ૫૦ મિનીટ જેટલો સમય મોબાઈલમાં સોશિયલ મીડિયા પર પસાર કરે છે

**અબતક, રાજકોટ**

સોશિયલ મીડિયા સામાજિક અવરોધો ઘટાડે છે તેમજ તે ઓળખના આધારે નહીં પરંતુ, માનવીય મૂલ્યોના બળ આધારે લોકો સાથે જોડે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ છેલ્લાં દાયકામાં દેશમાં ડિજિટલ ક્ષેત્રે આમૂલ પરિવર્તન જોવા મળ્યું છે, આજે ખૂબ ઓછી કિંમતે ઉપલબ્ધ ઈન્ટરનેટ ડેટા પ્લાનના કારણે સ્માર્ટફોન્સના વપરાશકર્તાઓ મોટાપાયે વધ્યા છે. ખાસ કરીને જાહેર સેવામાં સોશિયલ મીડિયા કમ્યુનિકેશન ના એક મહત્ત્વના માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે.

આજે ૩૦ જૂન, વિશ્વ સોશિયલ મીડિયા દિવસના પરિપ્રેક્ષ્યમાં ગુજરાતમાં સોશિયલ મીડિયાના ઉપયોગ પર એક નજર કરીએ તો તાજેતરના એક સર્વે મુજબ, ભારતમાં વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં અંદાજે ૪૯.૧ કરોડ સક્રિય સોશિયલ મીડિયા વપરાશકર્તા નોંધાયા છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાના એપ્રિલ ૨૦૨૫ના આંકડા મુજબ, ઈન્ટરનેટ વપરાશ કર્તાઓનો આંકડો ૯૪.૩ કરોડને વટાવી ગયો છે. આ વૃદ્ધિમાં મોટાભાગનો હિસ્સો ગ્રામીણ વિસ્તારોમાંથી આવેલ છે, જ્યાં સસ્તા ડેટા પ્લાનો જે ગ્રામ્યસ્તરે પણ સ્માર્ટફોનનો વધતો વ્યાપ દર્શાવે છે. ગ્લોબલ ડિજિટલ રિપોર્ટ ૨૦૨૫ અનુસાર, ભારતીયો દિવસનો સરેરાશ ૨ કલાક ૫૦ મિનિટ જેટલો સમય પોતાના મોબાઈલમાં સોશિયલ મીડિયા પર પસાર કરે છે. ખાસ કરીને યુવાનોમાં સોશિયલ મીડિયાનો ક્રેઝ વધુ જોવા મળી રહ્યો છે, ૧૮થી ૩૫ની વયના લોકોમાં ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પ્રચલિત છે.

સોશિયલ મીડિયા આજે જાહેર ક્ષેત્રે કમ્યુનિકેશનના એક પરિવર્તનકારી ટૂલ તરીકે ઉભરી આવ્યું છે, જેના દ્વારા નાગરિકો સાથે સરકાર સીધું, ઝડપી અને પારદર્શક જોડાણ સાધી શકે છે.

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (અગાઉ ટ્વિટર) પર ૧૦ કરોડથી વધુ ફોલોઅર્સ છે,જે માધ્યમથી તેઓ લોકો સાથે અર્થસભર અને સીધું જોડાણ જાળવી રાખે છે. જે સોશિયલ મીડિયા ક્ષેત્રે સરકારના બહુપક્ષીય અભિગમની પુષ્ટિ કરાવે છે. ગુજરાત સરકારની સોશિયલ મીડિયા વ્યૂહરચના પણ બહુપક્ષીય અભિગમ પર રચાયેલી છે જે કમ્યુનિકેશન, લોકો સાથેનું જોડાણ તેમજ પ્રતિભાવોની જાણકારી ને અસરકારક રીતે કેળવવાનો પ્રયત્ન કરે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ થકી માહિતીનો પ્રસાર, વિવિધ વિષયો પર જાગૃતિ અભિયાન, ખોટી માહિતી ફેલાય નહીં તે માટે ફેક્ટ-ચેકિંગ તેમજ ફરિયાદ નિવારણ માટેની પદ્ધતિ પણ વિકસાવામાં આવી રહી છે. આ મોડેલ ડિજિટલ ચેનલ દ્વારા સતત લોકો સુધી પહોંચી, પારદર્શકતા તેમજ સર્વ સમાવેશી અભિગમને સમર્થન આપી રહ્યું છે.

માહિતી નિયામકની કચેરી સોશિયલ મીડિયા તેમજ ડિજિટલ મીડિયાના સચોટ ઉપયોગ થકી સરકારી સંચારને વિસ્તારવામાં મહત્વનો ભાગ ભજવે છે. સર્વસમાવેશી તેમજ લોકો-કેન્દ્રિત અભિગમ અપનાવી સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ્સ દ્વારા સમાજના દરેક સ્તરે સમયસર, ચોક્કસ અને જરૂરી માહિતી પહોંચાડે છે.

માહિતી નિયામકની કચેરી દ્વારા નવીનતમ લોન્ચ કરાયેલ મારી યોજના પોર્ટલ (https://mariyojana.gujarat.gov.in/) એક અનોખી પહેલ છે. સરકારની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની માહિતી એક જ મંચ પર ઉપલબ્ધ કરાવતા આ યુઝર ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મમાં નાગરિકો સરળતાથી પોતાને મળતા સરકારી લાભ વિશે જાણકારી મેળવી શકે છે. વધુમાં, નવી લોન્ચ કરાયેલ https://gujaratinformation.gujarat.gov.in/ વેબસાઈટ પ્રેસનોટ્સને મલ્ટી મિડિયા ફોર્મેટમાં ડાઉનલોડ કરવી, ગુજરાત સરકારના વિવિધ માહિતી સભર પ્રકાશનો જોવા તથા ડાઉનલોડ કરવા, ડિજિટલ આર્કાઈવની સુવિધા, ફોટો-વિડીયો બેંક, SEO સપોર્ટ અને દિવ્યાંગજનને અનુકૂળ ટેક્નોલોજી, અને પ્રેસનોટને સીધી સોશિયલ મીડિયા પર શેર કરવા માટેની સુવિધા દ્વારા સરકારી માહિતી રસપ્રદ સ્વરૂપે નાગરિકોના આંગળીના ટેરવે ઉપલબ્ધ થઈ છે. આ સાથે જ વિવિધ સોશિયલ મીડિયા હેન્ડલ્સ થકી માહિતી નિયામકની કચેરી નિયમિતરીતે ઈન્ફોગ્રાફિક્સ, વિવિધ યોજનાઓની માહિતી, સિદ્ધિઓ અને સાફલ્ય ગાથા, પ્રાકૃતિક ખેતી સહિતની પોસ્ટ્સ દ્વારા લોકોને જાગૃત કરે છે.

ગુજરાત સરકારના આરોગ્ય, પોલીસ, શિક્ષણ, વન સહિતના વિવિધ વિભાગો વગેરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સના માધ્યમથી કેમ્પેઈન્સ ચલાવીને લોકોને જાગૃત કરી રહ્યા છે. જેમ કે આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોને રસીકરણ, જે-તે રોગથી કેવી રીતે બચવું તેમજ રાજ્ય ની મેડિકલ સુવિધાઓની રિયલ ટાઈમ અપડેટ સોશિયલ મીડિયા મારફતે આપવામાં આવે છે. વનસંરક્ષણ વિભાગ દ્વારા વન સંરક્ષણ સંદેશ, શિક્ષણ વિભાગ દ્વારા એડમિશન, વિવિધ કોર્સ, સ્કોલરશિપ્સ સહિતની અગત્યની માહિતી સોશિયલ મીડિયાના માધ્યમથી લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે.

### છેવાડાના નાગરિક સુધી પહોંચવા માટે સોશિયલ મીડિયા ટૂલ

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના દરેક નાગરિક સુધી સાચી અને અધિકૃત માહિતી પહોંચાડવા માટે એક મજબૂત અને વ્યાપક સોશિયલ મીડિયા નેટવર્ક તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ નેટવર્કમાં મુખ્યમંત્રીની ઓફિસથી લઈને ગ્રામ પંચાયત સુધીના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સનો સમાવેશ કરવામાં આવશે. જેના થકી સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ મારફત સરકારની કલ્યાણ કારી યોજનાઓની માહિતી, વિકાસ કાર્યોની માહિતી, નાગરિકલક્ષી કેમ્પેઈન્સની ઈન્ફોગ્રાફી, વિસ્તૃત માહિતી ધરાવતા વિડીયો, સાફલ્ય ગાથા લોકો સુધી પહોંચાડવામાં આવશે. આ પ્રયાસો થકી વિકસિત ભારત-વિકસિત ગુજરાતને સકારાત્મક વેગ મળશે તેમજ તમામ સમુદાયોના લોકોને સરકારી યોજનાઓ અને પ્રયાસોમાં જોડાવા અને સહભાગી બનાવવા પ્રેરણા આપશે. આ રીતે સોશિયલ મીડિયા સરકારે નાગરિકો સુધી સીધી, સાચી અને સચોટ માહિતી પહોંચાડવાનો પૂલ બની રહ્યું છે. ડિજિટલ યુગમાં આ ઉપક્રમો પારદર્શક અભિગમ દ્વારા સુશાસનને વધુ મજબૂત બનાવી રહ્યા છે.

### હવે જનભાગીદારી થઈ ડિજિટલ

ભારત સરકારના MyGov પોર્ટલ જેવી પહેલ થકી ઓનલાઈન સર્વે, કેમ્પેઈન્સ માટેના નવા આઈડિયા તેમજ નીતિઓ બાબતે વિમર્શ માટે લોકોને જોડવામાં આવે છે. ગુજરાતમાં MyGov Gujarat પોર્ટલ દ્વારા પ્રાદેશિકસ્તરે માહિતીને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે, જે અંતર્ગત રીલ કોમ્પિટિશન, માસ્કોટ ડિઝાઈન કોમ્પિટિશન, વિવિધ યોજના અંગેની જાણકારી સહિતની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. આ પ્રકારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સના માધ્યમથી યુવાનો, મહિલાઓ તેમજ ગ્રામીણ નાગરિકો પણ સહભાગી બનતા રહ્યા છે.

### ક્રાઈસીસ અને આપદા સમયે સોશિયલ મીડિયાની ચાવીરૂપ ભૂમિકા

રાજ્ય સરકાર દ્વારા સંચાલિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પરથી આપદા સમયે લોકોને સાચી અને સચોટ માહિતી ઝડપથી પૂરી પાડવામાં આવે છે. ગુજરાતમાં ભારે વરસાદની આગાહી, વરસાદી પૂર અંગેની ચેતવણી તેમજ આવા સંજોગોમાં અગમચેતીના પગલાં સહિત તંત્ર દ્વારા કરવામાં આવતી રાહત કામગીરી વગેરે કલેક્ટર તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટના હેન્ડલ્સ પરથી અપાતા લોકોમાં ભય ઓછો થાય છે. આ સિવાય કોવિડ મહામારી, બિપરજોય વાવાઝોડું જેવી આપદાઓ દરમિયાન લોકોને માહિતગાર કરવા કેન્દ્ર-રાજ્ય સરકારના વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ ચાવીરૂપ ભૂમિકા ભજવવાની સાથે-સાથે ફેક ન્યૂઝ ફેલાતા અટકાવી વિશ્વસનીય માહિતી પહોંચાડવાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.


રાષ્ટ્રભાષા હાસ્યમાં ''વહા'' જશે???

# મહારાષ્ટ્રમાં ત્રિ-ભાષામાંથી હિન્દીને પડતી મૂકવાના આદેશ છૂટ્યાં

## ૧૬ એપ્રિલે ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે હિન્દીને ફરજિયાત ત્રીજી ભાષા બનાવ્યા બાદ વિરોધ થતા ૧૭ જૂનના સુધારેલા જીઆરમાં તેને વૈકલ્પિક બનાવાઈ

**અબતક, રાજકોટ**

ભારત એક વિવિધતાસભર દેશ છે, જ્યાં દરેક રાજ્યની પોતાની ભાષા, સંસ્કૃતિ અને ઓળખ છે. આ વિવિધતા જ ભારતની સૌથી મોટી શક્તિ છે. હિન્દી, જે દેશના મોટા ભાગમાં બોલાય છે, તેને રાષ્ટ્ર ભાષાનો દરજ્જો આપવા પાછળ એક ઉમદા ઉદ્દેશ્ય રહ્યો છે - દેશને એક ભાષાના સૂત્રથી બાંધવાનો. ઘણા લોકો હિન્દીને એકતાના પ્રતીક તરીકે જુએ છે, જે સમગ્ર દેશને એકબીજા સાથે જોડી રાખે છે. તેમના માટે હિન્દી માત્ર એક ભાષા નથી, પણ એક સાંસ્કૃતિક વારસો છે. ત્યારે આપણી આ હિન્દી ભાષાનો વિરોધ દક્ષિણ ભારતમાં તો થતો જ હતો. પરંતુ હવે તેમાં મહારાષ્ટ્ર પણ જોડાયું છે. આ સંવેદનશીલ મુદ્દા પર આગળ વધવા માટે, આપણે હિન્દી પ્રત્યેના પ્રેમ અને પ્રાદેશિક ભાષાઓ પ્રત્યેના સન્માન વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે. ભાષાને વિવાદનું નહીં, પરંતુ સંવાદનું સાધન બનાવવું એ જ એક મજબૂત અને અખંડ ભારતનું નિર્માણ કરશે. ત્યારે મહારાષ્ટ્રમાં ભાષાનીતિને લઈને રાજકીય અને સામાજિક વિવાદ ચરમસીમાએ પહોંચ્યા બાદ રાજ્ય સરકારે પોતાનો આદેશ પાછો ખેંચી લીધો છે. વિદ્યાર્થીઓ પર હિન્દી ભાષા ''લાદવા''ના વિરોધમાં થયેલા પ્રદર્શનો બાદ,



દેવેન્દ્ર ફડણવીસ સરકારે ત્રિભાષા નીતિના અમલીકરણ અંગેના અગાઉના સરકારી ઠરાવો (જીઆરએસ) રદ કરવાનો નિર્ણય લીધો છે. આ પગલું હિન્દીને રાષ્ટ્રભાષા તરીકેના તેના દરજ્જાના સંદર્ભમાં એક મોટો મુદ્દો બની શકે છે, કારણ કે એક રાજ્યમાં તેનો ફરજિયાત દરજ્જો સમાપ્ત કરવામાં આવ્યો છે, જે ભવિષ્યમાં અન્ય રાજ્યો માટે પણ એક ઉદાહરણ બની શકે છે.

મહારાષ્ટ્ર સરકારે ૧૬ એપ્રિલ અને ૧૭ જૂને જારી કરેલા બે સરકારી ઠરાવો (જીઆરએસ) પાછા ખેંચી લીધા છે. આ જીઆરએસ મુજબ, ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે હિન્દીને ફરજિયાત ત્રીજી ભાષા બનાવવામાં આવી હતી. જોકે, વિરોધ પ્રદર્શન બાદ ૧૭ જૂનના સુધારેલા જીઆરમાં તેને વૈકલ્પિક બનાવવામાં આવી હતી. શિવસેના (યુબીટી), મનસે અને એનસીપી (એસપી) જેવા પક્ષોએ આ નિર્ણયનો સખત વિરોધ કર્યો હતો અને તેને ''મહારાષ્ટ્ર પર હિન્દી લાદવાનો પ્રયાસ'' ગણાવ્યો હતો. આ વિરોધને પરિણામે, ૫ જુલાઈએ સંયુક્ત કૂચનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જે જીઆર પાછા ખેંચાયા બાદ રદ કરવામાં આવ્યું. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે ભાષા નીતિની સમીક્ષા કરવા અને ભલામણો આપવા માટે શિક્ષણવિદ ડૉ. નરેન્દ્ર જાધવના નેતૃત્વમાં એક નવી સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ ત્રણ મહિનાની અંદર પોતાનો અહેવાલ રજૂ કરશે, જેના આધારે સરકાર નવો નિર્ણય લેશે. ફડણવીસે એવો પણ દાવો કર્યો કે આ જીઆરએસ અગાઉની મહા વિકાસ આઘાડી (એમવી એ) સરકાર દ્વારા રચાયેલી માશેલકર સમિતિના અહેવાલ પર આધારિત હતા, જેનો ઉદ્ધવ ઠાકરેની સરકારે સ્વીકાર કર્યો હતો. તેમણે ઉદ્ધવ ઠાકરે પર આ મુદ્દે રાજકારણ કરવાનો આરોપ મૂક્યો.

આ નિર્ણયને ઉદ્ધવ ઠાકરેએ ''મરાઠી લોકોની જીત'' ગણાવી છે. તેમણે કહ્યું કે સરકારે હિન્દી લાદવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મરાઠી લોકોના મજબૂત પ્રતિકારને કારણે તેને પાછો ખેંચવો પડ્યો. ઠાકરેએ સરકારની નિષ્ફળતા ગણાવી અને મરાઠી ભાષાને જ્ઞાન અને વૈશ્વિક ચર્ચાની ભાષા બનાવવા પર ભાર મૂક્યો. આ ઘટના ભારતમાં ભાષાકીય નીતિઓ અને પ્રાદેશિક ઓળખના મુદ્દાઓને ફરી એકવાર કેન્દ્રમાં લાવી છે. ભવિષ્યમાં ડૉ. નરેન્દ્ર જાધવ સમિતિનો અહેવાલ શું ભલામણ કરે છે અને તેના આધારે સરકાર શું નિર્ણય લે છે તે જોવું રસપ્રદ રહેશે.


# ''બાબુરાવ આપ્ટે'' હેરાફેરી-૩માં દેખા દેશે

## અભિનેતા પરેશ રાવલે સત્તાવાર રીતે ''હેરા ફેરી -૩'' માં પાછા ફર્યાની જાહેરાત કરી

**અબતક, રાજકોટ**

ચાહકોની લાંબા સમયની રાહ અને અટકળોનો અંત આવ્યો છે. ફિલ્મ ''હેરા ફેરી'' ફ્રેન્ચાઈઝીના સૌથી પ્રિય પાત્ર, બાબુરાવ આપ્ટે, એટલે કે અભિનેતા પરેશ રાવલે સત્તાવાર રીતે ''હેરા ફેરી ૩'' માં પાછા ફર્યાની જાહેરાત કરી છે. અગાઉ આ પ્રોજેક્ટમાંથી બહાર નીકળી જવાના અહેવાલો હતા, પરંતુ હવે બધા વિવાદો અને મતભેદો ઉકેલાઈ ગયા છે. આ પુષ્ટિથી મૂળ ત્રિપુટી - અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને પરેશ રાવલ - ફરી એકવાર પડદા પર જાદુ પાથરવા માટે તૈયાર છે, જે ચાહકો માટે ખુશીના સમાચાર છે.

આ પરત ફરવા અંગે વાત કરતા, પરેશ રાવલે ''ધ હિમાંશુ મહેતા શો'' પોડકાસ્ટમાં દર્શકોના પ્રેમનું સન્માન કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે જ્યારે કોઈ પ્રોજેક્ટને આટલો બધો પ્રેમ મળ્યો હોય, ત્યારે તેને ગંભીરતાથી લેવો અને તેમાં વિશેષ કાળજી રાખવી એ કલાકારની જવાબદારી બની જાય છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ''તમે વસ્તુઓને હળવાશથી ન લઈ શકો,'' અને ઉમેર્યું કે ટીમનું ધ્યાન હવે ચાહકો માટે ખરેખર મૂલ્યવાન અને મનોરંજક ફિલ્મ બનાવવામાં છે.



અગાઉના વિવાદો પર પ્રકાશ પાડતા, પરેશ રાવલે સ્પષ્ટ કર્યું કે બધા મુદ્દાઓનું સમાધાન થઈ ગયું છે અને હવે કોઈ ખરાબ વર્તન નથી. તેમણે જણાવ્યું કે બધું પાટા પર આવી ગયું છે અને હવે ટીમનું ધ્યાન માત્ર સાથે મળીને સખત મહેનત કરવા અને શ્રેષ્ઠ આપવા પર છે. તેમણે અટકળોનો અંત લાવતા કહ્યું, ''બધું ઉકેલાઈ ગયું છે - કંઈ થયું નથી.'' આ નિવેદન ચાહકોમાં એક નવી આશા જગાવી છે, કારણ કે તેમને ફરીથી આ આઈકોનિક ત્રિપુટીની જોડી જોવા મળશે.પરેશ રાવલે એ પણ પુષ્ટિ આપી કે ''હેરા ફેરી ૩'' મોટા પડદા પર ચોક્કસ આવશે. તેમણે મજાકમાં કહ્યું કે ક્યારેક ટીમના સભ્યો વચ્ચે થોડી ''ફાઈન-ટ્યુનિંગ'' જરૂરી હોય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ફિલ્મ સાથે સંકળાયેલા તમામ લોકો - પ્રિયદર્શન, અક્ષય કુમાર અને સુનીલ શેટ્ટી - લાંબા સમયથી મિત્રો અને સર્જનાત્મક મન છે. આ પુનરાગમન સાથે, ચાહકોને આશા છે કે પ્રિયદર્શન દ્વારા નિર્દેશિત આ ફિલ્મ એક નોસ્ટાલ્જિક, રમુજી અને જબરદસ્ત બ્લોકબસ્ટર સાબિત થશે.


# દલાઈ લામાના રવિવારે ૯૦માં જન્મદિવસે ઉત્તરાધિકારી લામાને લઈ વિશ્વભરની મીટ

## દલાઈ લામાએ તેમના પુસ્તકમાં પ્રથમ વખત સ્પષ્ટ કર્યું હતું કે તેમના ઉત્તરાધિકારી 'મુક્ત વિશ્વમાં' અને ચીનની બહાર જન્મશે

**અબતક, રાજકોટ**

બૌધ્ધ ધર્મના ધર્મ ગુરુ દલાઈ લામા ૯૦ વર્ષના થવા જઈ રહ્યાં છે. ત્યારે તેમના ૯૦ માં જન્મ દિવસની ઉજવણીમાં તેઓ તેમના ઉતરાધિકારીની જાહેરાત કરે તેવી પ્રબલ સંભવના છે. આવતા રવિવારે ૬ જુલાઈએ તિબેટીયન આધ્યાત્મિક નેતા દલાઈ લામાનો ૯૦મો જન્મદિવસ છે, અને આ પ્રસંગે તેમના ઉત્તરાધિકારીની સંભવિત જાહેરાત અંગે અટકળો તેજ બની છે. તેમના જન્મદિવસની ઉજવણી ૬ જુલાઈએ ધર્મશાલાના મેકિલઓડગંજમાં શરૂ થશે, જે તિબેટીયન નિર્વાસિત સરકારનું મુખ્ય મથક છે, અને ૫ જુલાઈ, ૨૦૨૬ સુધી એક વર્ષ સુધી ચાલશે. સેન્ટ્રલ તિબેટીયન એડમિનિસ્ટ્રેશનના ઘણા મંત્રીઓ, જેમાં સિક્યોંગ પેનપા ત્સેરિંગ અને ડેપ્યુટી સ્પીકર ડોલ્મા ત્સેરિંગનો સમાવેશ થાય છે, તેમણે સંકેત આપ્યો છે કે દલાઈ લામા ૯૦ વર્ષના થશે ત્યારે તેમના અનુગામીની જાહેરાત કરી શકે છે.

ખેન્પો સોનમ ટેનફેલ, તિબેટીયન સરકારના નિર્વાસિત અધ્યક્ષે જણાવ્યું છે કે, ૨ જુલાઈથી મેકિલઓડગંજમાં શરૂ થનારી ત્રણ દિવસીય ધાર્મિક પરિષદમાં પણ દલાઈ લામાના અનુગામી વિશે ચર્ચા થવાની પ્રબળ સંભાવના છે, ભલે તે સત્તાવાર એજન્ડાનો ભાગ ન હોય. ટેનફેલે ભારપૂર્વક જણાવ્યું કે, દલાઈ લામાના પોતાના કહેવા મુજબ, તેમના ઉત્તરાધિકારી ચીનની બહારના ''મુક્ત વિશ્વ'' માંથી હોવા જોઈએ, અને તિબેટીઓ ફક્ત દલાઈ લામા દ્વારા જાહેર કરાયેલ વ્યક્તિને જ સ્વીકારશે.આ નિવેદન અત્યંત મહત્વપૂર્ણ છે કારણ કે ચીન તિબેટ પર ધાર્મિક નિયંત્રણ મેળવવાના પ્રયાસમાં ઉત્તરાધિકારીની પસંદગી કરવાનો આગ્રહ રાખે છે. જોકે, દલાઈ લામાએ સ્પષ્ટ કર્યું છે કે ચીન દ્વારા નામ આપવામાં આવેલા કોઈપણ ઉત્તરાધિકારીને તિબેટીઓ સ્વીકારશે નહીં. તેમના નવા પુસ્તક 'વોઈસ ફોર ધ વોઈસલેસ' માં, જે આ વર્ષની શરૂઆતમાં માર્ચમાં પ્રકાશિત થયું હતું, તેમાં દલાઈ લામાએ પ્રથમ વખત સ્પષ્ટ કર્યું હતું કે તેમના ઉત્તરાધિકારી 'મુક્ત વિશ્વમાં' અને ચીનની બહાર જન્મશે.



દલાઈ લામાના જન્મદિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે વિશ્વભરના ૩૦૦ થી વધુ મહાનુભાવો ૬ જુલાઈએ ધર્મશાલા પહોંચવાની અપેક્ષા છે. સેન્ટ્રલ તિબેટીયન એડમિનિસ્ટ્રેશન ઈચ્છે છે કે વર્તમાન દલાઈ લામાના આધ્યાત્મિક અધિકારનું તેમના ઉત્તરાધિકારીને સરળ રીતે સંક્રમણ થાય, જેથી ચીન દ્વારા ઉત્તરાધિકારીનું નામ જાહેર કરવાના દાવાને પડકારી શકાય. આ ઘટનાક્રમ તિબેટના ભવિષ્ય અને તેના આધ્યાત્મિક નેતૃત્વ માટે નિર્ણાયક બની શકે છે.

સુરક્ષા?: પોલીસ પોતાનો જીવ બચાવવા ભાગી!

# પુરી જગન્નાથ રથયાત્રાની ભાગદોડ ઘટનામાં કલેક્ટર-એસપીનું ટ્રાન્સફર

## મુખ્યમંત્રી કાર્યાલયે ભાગદોડમાં માર્યા ગયેલા શ્રદ્ધાળુઓના પરિવારોને ૨૫ લાખ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી

**અબતક, ઓડિશા**

પુરી રથયાત્રામાં ભાગદોડ બાદ ઓડિશા સરકારે કડક કાર્યવાહી હાથ ધરી છે. મોહન માઝી સરકારે પુરીના જિલ્લા કલેક્ટર અને એસપીની બદલી કરી છે અને ફરજમાં બેદરકારી બદલ ડીસીપી વિષ્ણુ પાટી અને કમાન્ડન્ટ અજય પાધીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સાથે, મુખ્યમંત્રી કાર્યાલયે ભાગદોડમાં માર્યા ગયેલા શ્રદ્ધાળુઓના પરિવારોને ૨૫ લાખ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ વિકાસ કમિશનરની દેખરેખ હેઠળ વિગતવાર વહીવટી તપાસના આદેશ આપ્યા છે. ચંચલ રાણાને નવા જિલ્લા કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે પિનાક મિશ્રાએ નવા એસપી તરીકે કાર્યભાર સંભાળ્યો છે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ રવિવારે (૨૯ જૂન, ૨૦૨૫) પુરીમાં એક મંદિર પાસે થયેલી ભાગદોડ માટે ભગવાન જગન્નાથના ભક્તોની માફી માંગી. આ ઘટનામાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે રવિવારે વહેલી સવારે શ્રી ગુંડિચા મંદિર પાસે થયેલી ભાગદોડમાં લગભગ ૫૦ અન્ય લોકો ઘાયલ થયા છે. મુખ્યમંત્રી માઝીએ એક્સ પર પોસ્ટ કરીને કહ્યું, 'હું અને મારી સરકાર બધા જગન્નાથ ભક્તોની માફી માંગીએ છીએ. ભાગદોડમાં જીવ ગુમાવનારા ભક્તોના પરિવારો પ્રત્યે અમે સંવેદના વ્યક્ત કરીએ છીએ. અમે મહાપ્રભુ જગન્નાથને પ્રાર્થના કરીએ છીએ કે તેઓને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે. તેમણે એમ પણ કહ્યું કે સુરક્ષામાં થયેલી ખામીની તપાસ કરવામાં આવશે અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.'

# ન હોય... પાર્કિન્સનનો રોગ મગજમાંથી નહિ, કિડનીથી ઉભો થાય છે!

## આ રોગ સાથે સંકળાયેલ આલ્ફા-સિન્યુક્લિન નામનું પ્રોટીન કિડનીમાં એકઠું થાય છે અને મગજ સુધી પહોંચે છે

**અબતક, નવી દિલ્હી**

પાર્કિન્સન રોગ ફક્ત મગજથી જ નહીં પણ કિડનીથી શરૂ થઈ શકે છે. ચીનની વુહાન યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોના એક અભ્યાસમાં આ દાવો કરવામાં આવ્યો છે. નેચર ન્યુરોસાયન્સમાં પ્રકાશિત થયેલા અભ્યાસ મુજબ, વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે આ રોગ સાથે સંકળાયેલ આલ્ફા-સિન્યુક્લિન નામનું પ્રોટીન ફક્ત મગજમાં જ નહીં પણ કિડનીમાં પણ એકઠું થાય છે. આ ખરાબ પ્રોટીન કિડનીમાંથી મગજ સુધી પહોંચી શકે છે અને રોગ ત્યાંથી શરૂ થઈ શકે છે. સંશોધકોએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી એવું માનવામાં આવતું હતું કે પાર્કિન્સન રોગ સીધો મગજમાંથી શરૂ થાય છે. પરંતુ હવે



સમજાયું છે કે આ રોગ કિડની અથવા આંતરડા જેવા અંગોમાંથી પણ શરૂ થઈ શકે છે.

આલ્ફા-સિન્યુક્લિન પ્રોટીન લોહીમાં પણ જોવા મળ્યું હતું. જ્યારે લોહીમાં તેનું સ્તર ઓછું થયું ત્યારે મગજને પણ ઓછું નુકસાન થયું. આ દર્શાવે છે કે તે લોહી દ્વારા મગજ સુધી પણ પહોંચી શકે છે. તેમણે જણાવ્યું હતું કે પાર્કિન્સનમાં મગજમાં ડોપામાઈન નામનું રસાયણ ઝડપથી ઘટે છે. આના કારણે મગજના કોષોને નુકસાન થાય છે. કિડનીમાં આલ્ફા-સિન્યુક્લિન જોવા મળે છે. સંશોધકોએ માનવો અને આનુવંશિક રીતે સંશોધિત ઉંદરો પર સંશોધન કર્યું હતું. માનવ કોષના નમૂનાઓમાં, એવું જોવા મળ્યું કે પાર્કિન્સન અથવા ડિમેન્શિયાથી પીડિત ૧૧ માંથી ૧૦ લોકોની કિડનીમાં આલ્ફા-સિન્યુક્લિન પ્રોટીન જમા થયું હતું. એટલું જ નહીં, ૨૦ માંથી ૧૭ કિડની દર્દીઓની કિડનીમાં પણ આ જ ખરાબ પ્રોટીન જોવા મળ્યું, ભલે તેમને પાર્કિન્સન ન હતું. ઉંદરો પર કરવામાં આવેલા પ્રયોગમાં, એવું જોવા મળ્યું કે જેમની કિડની સ્વસ્થ હતી તેમના શરીરમાંથી આ ખરાબ પ્રોટીન બહાર નીકળી ગયું. પરંતુ જેમની કિડની ખરાબ હતી, તેમના શરીરમાંથી આ પ્રોટીન ધીમે ધીમે મગજ સુધી પહોંચ્યું. તે જ સમયે, જ્યારે મગજ અને કિડની વચ્ચેની નસ કાપી નાખવામાં આવી, ત્યારે આ પ્રોટીન મગજ સુધી પહોંચી શક્યું નહીં. સારવારમાં મદદ કરશે સંશોધકો માને છે કે જો આલ્ફા-સિન્યુક્લિન પ્રોટીનને લોહીમાંથી દૂર કરવામાં આવે તો રોગની ગતિ ધીમી પડી શકે છે. ભવિષ્યમાં, આ નવી દવાઓ અને સારવારની દિશા તૈયાર કરી શકે છે, જે કિડની અથવા લોહીમાં હાજર ખરાબ પ્રોટીનને દૂર કરીને રોગને રોકવામાં મદદ કરશે. પાર્કિન્સનના દર્દીઓ ઝડપથી વધી રહ્યા છે, ૨૦૨૧માં ૧.૧૮ કરોડ દર્દીઓ સાથે વિશ્વભરમાં આ રોગના દર્દીઓમાં ૨૭૪% નો વધારો થયો છે. ૧૯૯૦માં આ રોગ ધરાવતા દર્દી ૭.૭૧ લાખ હતા. હવે ૨૦૫૦ સુધીમાં ૨.૫૨ કરોડ જેટલા દર્દી થાય તેવી સંભાવના છે.

# ચોરી છુપીથી લીધેલી વોટ્સઅપ ચેટ પણ પુરાવો ગણી શકાય !

## કેસના નિરાકરણમાં સુસંગત હોય તો પુરાવા ગુપ્ત રીતે મેળવ્યા હોવા છતાં તેના સ્વીકાર્યતાને અવરોધી શકાઈ નહીં


**અબતક, રાજકોટ**

ગોપનીયતાને અવગણીને કોઈ પણ વ્યકિતની પર્સનલ માહિતી મેળવવી કે માહિતી સાથે છેડછાડ કરવી તે ગુનો છે. પરંતુ જ્યારે ચોરી છુપીથી લીધેલી માહિતીનો ઉપયોગ કોર્ટમાં પુરાવા તરીકે કરવાનો હોય ત્યારે તેને માન્ય ગણી શકાય છે. મધ્યપ્રદેશ હાઈકોર્ટે તાજેતરમાં એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે કે વોટ્સ અપ ચેટ્સ, ભલે સંમતિ વિના મેળવેલી હોય, તેને ફેમિલી કોર્ટમાં પુરાવા તરીકે સ્વીકારી શકાય છે. આ નિર્ણય ભારતીય પુરાવા કાયદાના કડક નિયમોમાંથી મુકિત આપતા, વૈવાહિક વિવાદોમાં ન્યાયી ટ્રાયલ અને સુસંગતતાને ગોપનીયતાના અધિકાર કરતાં પહેલા પ્રાથમિકતા આપે છે.

આ ચુકાદો જસ્ટિસ આશિષ શ્રોતી દ્વારા આપવામાં આવ્યો હતો, જેમણે પતિને તેની પત્નીના કથિત લગ્નેત્તર સંબંધના પુરાવા તરીકે વોટ્સ અપ ચેટ્સ રજૂ કરવાની મંજૂરી આપતી ફેમિલી કોર્ટના આદેશને સમર્થન આપ્યું હતું. પતિએ દાવો કર્યો હતો કે આ ચેટ્સ તેના ફોન પર ગુપ્ત રીતે ઈન્સ્ટોલ કરેલી એપ્લિકેશન દ્વારા આપમેળે ફોરવર્ડ થઈ હતી.

હાઈકોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે ફેમિલી કોર્ટ્સ એક્ટ, ૧૯૮૪, પુરાવા માટે વધુ લવચીક અભિગમ અપનાવવાની મંજૂરી આપે છે, જે કલમ ૧૪ અને ૨૦ દ્વારા સમર્થિત છે.

આ કલમો ફેમિલી કોર્ટને એવા કોઈપણ દસ્તાવેજ અથવા માહિતીને સ્વીકારવાની સત્તા આપે છે જે વિવાદને ઉકેલવામાં મદદરૂપ થઈ શકે, ભલે તે ભારતીય પુરાવા કાયદા હેઠળ સામાન્ય રીતે અસ્વીકાર્ય હોય. કોર્ટે સ્પષ્ટ કર્યું કે



સંસદનો હેતુ કૌટુંબિક બાબતોમાં કડક પુરાવાના નિયમોને હળવા કરવાનો હતો જેથી સમાધાન અને સરળ પ્રક્રિયાઓ દ્વારા વિવાદોનું નિરાકરણ લાવી શકાય. આનો અર્થ એ થયો કે પુરાવાની ગુપ્ત રીતે પ્રાપ્તિને કારણે તેની સ્વીકાર્યતાને અવરોધી શકાતી નથી, જો તે કેસના નિરાકરણમાં સુસંગત અને મદદરૂપ હોય.

જોકે, હાઈકોર્ટે ગોપનીયતાના અધિકારને પણ સ્વીકાર્યો હતો, જેને સુપ્રીમ કોર્ટે ૨૦૧૭ માં મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપી હતી. તેમ છતાં, કોર્ટે જણાવ્યું હતું કે ગોપનીયતાનો અધિકાર સંપૂર્ણ નથી અને ન્યાયી ટ્રાયલના અધિકાર સામે તેને સંતુલિત કરવો આવશ્યક છે, જે બંધારણની કલમ ૨૧ હેઠળ પણ સુરક્ષિત છે. જ્યારે આ બે અધિકારો વચ્ચે સંઘર્ષ થાય છે, ત્યારે ન્યાયી ટ્રાયલનો અધિકારને પ્રાથમિકતામાં લઈ શકાય છે.

કોર્ટે એવી પણ ચેતવણી આપી હતી કે ડિજિટલ પુરાવાઓને ''વધુ કડકાઈ'' સાથે ચકાસવા જોઈએ, જેથી કોઈપણ છેડછાડને નકારી શકાય અને તેની પ્રામાણિકતા સુનિશ્ચિત કરી શકાય.

આ ઐતિહાસિક ચુકાદાની ભવિષ્યના કૌટુંબિક કાયદાના કેસો પર નોંધપાત્ર અસર પડશે. તે વ્યભિચાર અથવા નાણાકીય છેતરપિંડી જેવા કેસોમાં ડિજિટલ પુરાવાના ઉપયોગ માટે દરવાજા ખોલે છે, જ્યાં સીધા પુરાવા મેળવવા મુશ્કેલ હોય છે. કોર્ટે ફેમિલી કોર્ટ માટે કેટલીક સલામતી પણ નક્કી કરી હતી, જેમાં પુરાવાની કડક ચકાસણી, સંવેદનશીલ કેસોમાં ખાનગી સુનાવણી, કાર્યવાહીમાં શિષ્ટતા જાળવવી અને જેની ગોપનીયતાનું ઉલ્લંઘન થયું હોય તે પક્ષને કાનૂની ઉપાય કરવાનો અધિકાર સામેલ છે.

સારાંશમાં, આ ચુકાદો કૌટુંબિક કાયદાના કેસોમાં શું રજૂ કરી શકાય છે તેનો અવકાશ વિસ્તૃત કરે છે, પરંતુ સાવધાની, તપાસ અને ન્યાયીતા અને ગોપનીયતા પર મજબૂત ભાર સાથે.

# ઉત્તરપ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલે સ્વ.વિજયભાઈને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા

**અબતક, રાજકોટ**




ઉત્તરપ્રદેશના રાજયપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તાજેતરમાં પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીના નિવાસ સ્થાને પહોચ્યા હતા. તેમણે વિજયભાઈની કામગીરીને બિરદાવી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. ઉપરાંત સ્વ. વિજયભાઈના પરિવારને મળીને તેમને સાંત્વના પાઠવી હતી તથા સ્વ. વિજયભાઈ રૂપાણીના દિવ્યાત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરી હતી.

# પુના ખાતે પૂલ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓને પૂ. મોરારિબાપુની શ્રધ્ધાંજલિ-સહાય

**અબતક, રાજકોટ**

થોડા સમય પહેલાં પુના નજીક ઈન્દ્રાયણી નદીના પુલ પર દુઃખદ કરુણાંતિકા સર્જાઈ હતી. એ નદીના પુલ પર ક્ષમતાથી વધુ લોકો એકઠા થયા હતા અને તેને કારણે પુલ તૂટી પડ્યો હતો અને તેમાં પ્રાપ્ત માહિતી અનુસાર ૨૫ લોકોનાં કરુણ મોત નિપજયા છે. પૂજ્ય મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૩,૭૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે.

આ વિતિય સેવા કથાના શ્રોતા શ્રી પ્રવીણભાઈ તનના દ્વારા પહોંચાડવામાં આવશે.



અન્ય એક દુઃખદ ઘટના ઘોઘા તાલુકાના ભૂંભલી ગામે સર્જાય હતી જેમાં પટેલીયા પરિવારનાં બે બાળકોનાં તળાવમાં ડૂબી જતાં મોત નિપજયા હતા.

પૂજ્ય મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયા છે તે બાળકોને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રુપિયા ત્રીસ હજારની સહાય કરેલ છે જે તેમનાં બેંક એકાઉન્ટ માં જમા કરાવી આપેલ છે.

આ વિતિય સેવા અમેરિકાના આરકાનસાસ રાજયમાં ચાલી રહેલી રામકથા ના મનોરથી પરિવાર દ્વારા કરવામાં આવશે. આ કાર્ય માટે ભૂભલીના સરપંચ વિપુલભાઈનો ઉમદા સહયોગ સાંપડયો છે. પૂ.મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે.

# પ્રકૃત્તિ અને પરમ તત્વના સંગમ સાથેનો અલૌકિક અનુભવ એટલે 'કૈલાશ માન સરોવર યાત્રા'

## એક પરિક્રમા, અનંત ઊર્જાઃ અહીંનું વાતાવરણ, મનમોહક પર્વતો અને શાંત સરોવર યાત્રીઓને એક અનોખી ઊર્જાથી ભરી દે છે




**અબતક, રાજકોટ**

કૈલાશ માનસરોવર યાત્રા હિંદુઓ, બૌદ્ધો અને જૈનો માટે અત્યંત પવિત્ર યાત્રા છે. હિમાલયની ગોદમાં તિબેટમાં સ્થિત આ સ્થળ ભગવાન શિવનું નિવાસસ્થાન મનાય છે. આ યાત્રા માત્ર ધાર્મિક મહત્વ જ નથી ધરાવતી પરંતુ તે અદભુત કુદરતી સૌંદર્ય અને આધ્યાત્મિક શાંતિનો પણ અનુભવ કરાવે છે. અહીંનું વાતાવરણ, મનમોહક પર્વતો અને શાંત સરોવર યાત્રીઓને એક અનોખી ઊર્જાથી ભરી દે છે. યાત્રીઓ કૈલાશ પર્વતની પરિક્રમા કરે છે. જેને ''કોરા'' પણ કહેવાય છે અને માનસરોવરના પવિત્ર જળમાં સ્નાન કરી લોકો પોતાને ધન્ય અનુભવે છે. અબતકના સુપ્રસિદ્ધ કાર્યક્રમ ચાય પે ચર્ચામાં શિવાય ચેરિટેબલ ટ્રસ્ટના ડો. યશવંત ગોસ્વામીએ કૈલાશ માન સરોવર વિશેની સંપૂર્ણ માહિતી આપી હતી.

આ યાત્રા અત્યંત કઠિન અને સાહસિક હોય છે કારણ કે તે ઊંચાઈવાળા પ્રદેશોમાંથી પસાર થાય છે જ્યાં ઓક્સિજન ઓછો હોય છે અને હવામાન પણ અણધારી હોય છે. યાત્રીઓને શારીરિક અને માનસિક રીતે મજબૂત હોવું જરૂરી છે.

યાત્રા સામાન્ય રીતે મે થી ઓક્ટોબર મહિનાઓ દરમિયાન હતો. પરંતુ હવે જુલાઈ થી આ યાત્રા શરૂ થાય છે. જ્યારે હવામાન થોડું અનુકૂળ હોય છે. આ યાત્રા માટે યોગ્ય આરોગ્ય તપાસ અને તાલીમ અત્યંત મહત્વપૂર્ણ છે. જેથી ઊંચાઈને કારણે થતી સમસ્યાઓ ટાળી શકાય છે.

ભારત સરકાર દ્વારા પણ આ યાત્રાનું આયોજન કરવામાં આવે છે, જેના માટે વિદેશ મંત્રાલય દ્વારા દર વર્ષે અરજીઓ મંગાવવામાં આવે છે. આ સરકારી યાત્રા માટે લોટરી સિસ્ટમ દ્વારા યાત્રીઓની પસંદગી થાય છે. આ ઉપરાંત, ઘણી ખાનગી ટૂર ઓપરેટરો પણ આ યાત્રાનું આયોજન કરે છે. જે અલગ-અલગ રૂટ અને સુવિધાઓ પ્રદાન કરે છે. આ ખાનગી યાત્રાઓ નેપાળ અથવા ચીન થઈને જઈ શકે છે અને તેમાં ડોલી, પોર્ટર અને મેડિકલ સહાય જેવી સુવિધાઓ શામેલ હોય છે.

કૈલાશ માનસરોવર યાત્રા જીવનમાં એકવાર કરવા જેવો અનુભવ છે. તે આત્માને શુદ્ધ કરે છે, મનને શાંતિ આપે છે અને પ્રકૃતિની ભવ્યતાનો સાક્ષાત્કાર કરાવે છે.

આ યાત્રા દરમિયાન યાત્રીઓને આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થાય છે અને જીવન પ્રત્યેનો તેમનો દ્રષ્ટિકોણ બદલાઈ જાય છે. ઘણા લોકો માને છે કે આ યાત્રા મોક્ષ તરફ દોરી જાય છે અને પાપોમાંથી મુક્તિ અપાવે છે.

કૈલાશ માનસરોવર યાત્રા માટે મુખ્યત્વે પાંચ અલગ-અલગ રૂટ ઉપલબ્ધ છે. જે દરેકનો સમયગાળો અને ખર્ચ જુદો જુદો હોય છે. લિપુલેખ પાસ (ઉત્તરાખંડ, ભારત) રૂટ જે ભારત સરકાર દ્વારા આયોજિત સૌથી જૂનો અને લાંબો (લગભગ ૨૨ દિવસ) પગપાળા રૂટ છે. તેનો ખર્ચ આશરે રૂ. ૧.૭૪ લાખથી રૂ. ૨ લાખ જેટલો થાય છે. નાથુલા પાસ (સિક્કિમ, ભારત) રૂટ, જે પણ ભારત સરકાર દ્વારા આયોજિત છે અને બસ દ્વારા થતો હોવાથી ઓછું ટ્રેકિંગ ધરાવે છે, તેનો ખર્ચ આશરે રૂ. ૨.૮૩ લાખથી રૂ. ૩ લાખ જેટલો હોય છે. કાઠમંડુ (નેપાળ) થી બસ દ્વારા યાત્રા જે ઘણી ખાનગી ટૂર ઓપરેટરો દ્વારા ઓફર કરવામાં આવે છે અને ઓછું ટ્રેકિંગ ધરાવે છે, તેનો ખર્ચ આશરે રૂ. ૨ લાખથી ૩ લાખની વચ્ચે હોય છે. કાઠમંડુ (નેપાળ) થી હેલિકોપ્ટર દ્વારા યાત્રા જે સૌથી ઝડપી અને ઓછા ટ્રેકિંગવાળો વિકલ્પ છે, તેનો ખર્ચ આશરે રૂ. ૨.૮ લાખથી રૂ. ૪.૫ લાખ અથવા તેનાથી પણ વધુ હોઈ શકે છે.

લ્હાસા (તિબેટ) દ્વારા યાત્રા જે સામાન્ય રીતે લક્ઝરી અને આરામદાયક વિકલ્પ છે, તેનો ખર્ચ આશરે રૂ. ૩.૫ લાખથી રૂ. ૫ લાખ કે તેથી પણ વધુ થઈ શકે છે. આ ખર્ચ ટૂર ઓપરેટરની સુવિધાઓ, સમાવિષ્ટ સેવાઓ અને પ્રવાસના સમયગાળા પર આધાર રાખે છે.

જોકે આ યાત્રા પડકારજનક છે, પરંતુ તેની પૂર્ણાહુતિ પછી મળતો સંતોષ અને આધ્યાત્મિક અનુભવ અમૂલ્ય હોય છે. કૈલાશ પર્વતની દિવ્યતા અને માનસરોવરની પવિત્રતાનો અનુભવ કોઈપણ યાત્રીના જીવનમાં અમીટ છાપ છોડી જાય છે.

આ યાત્રા એક માત્ર ભૌતિક પ્રવાસ નથી, પરંતુ તે એક ગહન આધ્યાત્મિક યાત્રા છે જે આંતરિક શાંતિ અને સ્વ-શોધ તરફ દોરી જાય છે.

### કૈલાશ માન સરોવરની યાત્રાઓનું વર્ણન કરતાં મારા પુસ્તકમાં રમણીયતા સાથે આધ્યાત્મિકતાના દર્શનઃ ડો. યશવંત ગોસ્વામી

અબતકના સુપ્રસિદ્ધ કાર્યક્રમ ચાય પે ચર્ચામાં કણસાગરા કોલેજના પ્રોફેસર અને શિવાય ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન ડોમ યશવંત ગોસ્વામીએ જણાવ્યું હતું કે, કૈલાશ માન સરોવર યાત્રા દરેક હિંદુસ્તાનીઓનું સપનું હોય છે. છેલ્લા પાંચ વર્ષથી ભારતીય યાત્રાળુઓ માટે બંધ રહેલી કૈલાશ માન સરોવર યાત્રા આ વર્ષે જુલાઈ મહિનામાં ફરીથી ધામધૂમેથી શરૂ થવા જઈ રહી છે. ૨૦૧૯થી આ યાત્રા બંધ હતી અને ૨૦૨૨, ૨૦૨૩, તેમજ ૨૦૨૪માં ફરી શરૂ થવાની લોકોની અપેક્ષાઓ અધૂરી રહી હતી. આ સમયગાળા દરમિયાન ભારત સિવાયના અન્ય તમામ દેશોના યાત્રીઓ માટે યાત્રા ચાલુ જ હતી. પરંતુ ફક્ત ભારતીયો માટે જ તે સ્થગિત કરવામાં આવી હતી. પાંચ વર્ષના લાંબા વિરામ બાદ હવે યાત્રાના નિયમો અને વ્યવસ્થામાં ઘણા ફેરફારો સાથે તે ફરીથી શરૂ થઈ રહી છે. જેમાં વિદેશ મંત્રાલયે યાત્રા માટેની અરજી પ્રક્રિયાને સંપૂર્ણપણે ઓનલાઈન અને કોમ્પ્યુટરાઈઝડ કરી દીધી છે. જેથી પસંદગી પ્રક્રિયા વધુ સરળ બની છે. યાત્રાળુઓ માટે એક્લાઈમેટાઈઝેશન સેન્ટર્સ પણ બનાવવામાં આવ્યા છે.

જ્યાં રહેઠાણ, આરોગ્ય સેવાઓ અને ઊંચાઈ પર થતી તકલીફો ટાળવા માટેની સુવિધાઓ મળે છે. આ ઉપરાંત રસ્તાઓની જાળવણી અને સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત કરવામાં આવી છે. આમ તો કૈલાશ માન સરોવર જવા માટેના અનેક રૂટ ઉપલબ્ધ છે. પરંતુ ૯૯% યાત્રીઓ નેપાળના રૂટને જ પસંદ કરે છે.

આ યાત્રાના આધ્યાત્મિક અને ભૌતિક પાસાઓને ઊંડાણપૂર્વક સમજાવતા મેં ૩૦ વખત કરેલા માન સરોવરના અદ્ભુત અનુભવોને ૧૦૦૦ થી વધુ પાનાના પુસ્તકમાં સમાવી લીધા છે. જે આ યાત્રાનું એક અદ્ભુત ચિત્રણ પૂરું પાડે છે.

### અનોખા સૌંદર્ય સાથે કૈલાશ માન સરોવરની યાત્રાનું આધ્યાત્મિક મહત્વ

કૈલાશ માનસરોવર યાત્રાનું મહત્વ અનોખું છે. કારણ કે તે માત્ર ભૌગોલિક પ્રવાસ નથી,પરંતુ એક ગહન આધ્યાત્મિક અને ધાર્મિક અનુભવ છે.

હિન્દુ ધર્મમાં, કૈલાશ પર્વતને ભગવાન શિવનું નિવાસસ્થાન માનવામાં આવે છે અને માનસરોવરને દિવ્ય અને પવિત્ર જળથી ભરેલું સરોવર ગણવામાં આવે છે જે પાપોને ધોઈ નાખે છે. આ યાત્રા મોક્ષની પ્રાપ્તિ અને આધ્યાત્મિક શુદ્ધિકરણ સાથે સંકળાયેલી છે. બૌદ્ધ ધર્મમાં પણ કૈલાશને પવિત્ર સ્થળ માનવામાં આવે છે જ્યાં ભગવાન બુદ્ધે ધ્યાન કર્યું હતું જ્યારે જૈન ધર્મમાં પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવને અહીં જ નિર્વાણ પ્રાપ્ત થયું હોવાનું મનાય છે. આ ધાર્મિક મહત્વ ઉપરાંત કૈલાશ માનસરોવરનું અલૌકિક સૌંદર્ય યાત્રીઓને મંત્રમુગ્ધ કરી દે છે. હિમાલયની ભવ્ય પર્વતમાળાઓ ચારેબાજુથી બરફથી ઢંકાયેલા શિખરો અને શાંત, નિર્મળ માનસરોવરનું વાદળી પાણી એક દિવ્ય અને અવાસ્તવિક દૃશ્ય રજૂ કરે છે. અહીંની શાંતિ અને પ્રકૃતિની ભવ્યતા મન અને આત્માને અત્યંત શાંતિ આપે છે. જાણે કે આખી સૃષ્ટિ અહીં એકરૂપ થઈ ગઈ હોય. આ શાંત અને પ્રેરણાદાયક વાતાવરણ યાત્રીઓને આત્મ નિરીક્ષણ અને આધ્યાત્મિક જાગૃતિનો અનુભવ કરાવે છે જે તેમને જીવનભર યાદ રહે છે.

### કૈલાશ માન સરોવરની યાત્રાનો પવિત્ર પ્રવાસ કોણ કરી શકે ?

કૈલાશ માનસરોવર યાત્રા એક કઠિન અને ઉચ્ચ ઊંચાઈવાળો પ્રવાસ હોવાથી તે બધા માટે યોગ્ય નથી. સામાન્ય રીતે આ યાત્રા ફક્ત તે લોકો જ કરી શકે છે જેઓ શારીરિક અને માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થ હોય છે.

ભારત સરકાર દ્વારા આયોજિત યાત્રા માટે અરજદાર ભારતીય નાગરિક હોવો જોઈએ તેમજ માન્ય ભારતીય પાસપોર્ટ ધરાવતો હોવો જોઈએ. જેની અવધિ યાત્રા પૂર્ણ થયા પછી ઓછામાં ઓછા ૬ મહિના બાકી હોય. અરજદારની ઉંમર સામાન્ય રીતે ૧૮ થી ૭૦ વર્ષની વચ્ચે હોવી જોઈએ. આ ઉપરાંત અરજદારનો બોડી માસ ઈન્ડેક્સ (બીએમાઈ) ૨૫ અથવા તેનાથી ઓછો હોવો જોઈએ અને તેમને હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, અસ્થમા, હૃદય રોગ, વાઈ (એપિલેપ્સી) જેવી ગંભીર તબીબી પરિસ્થિતિઓ ન હોવી જોઈએ. યાત્રા પર જતા પહેલા દિલ્હી હાર્ટ એન્ડ લંગ ઈન્સ્ટિટ્યૂટ અને આઈટીબીપી દ્વારા ફરજિયાત તબીબી તપાસ કરાવવી પડે છે.

જેમાં વ્યક્તિની ઊંચાઈવાળા પ્રદેશોમાં પ્રવાસ કરવાની ક્ષમતા ચકાસવામાં આવે છે.

ખાનગી ટૂર ઓપરેટરો દ્વારા યાત્રા કરનારાઓ માટે પણ આવી જ સ્વાસ્થ્ય અને ઉંમરની શરતો લાગુ પડે છે. જોકે કેટલીક એજન્સીઓ ૧૦ થી ૭૦ વર્ષ સુધીના યાત્રીઓ માટેના વિકલ્પો પ્રદાન કરે છે.

જેમાં હેલિકોપ્ટર દ્વારા અથવા એરિયલ દર્શન જેવા ઓછા શારીરિક પડકારરૂપ વિકલ્પો શામેલ હોઈ શકે છે. આ યાત્રા માટે ઉત્તમ શારીરિક તંદુરસ્તી અને તબીબી મંજૂરી અનિવાર્ય છે.

# કેસર અને કેશરી જેમ ''ગીરનારી મગફળી'' પણ અમૂલ્ય

## ગિરનાર ૪ અને ૫ મગફળીની નવી જાત હેક્ટર દીઠ ૩૨.૧૮ ક્વિન્ટલ (૩૨૧૮ કિલોગ્રામ) થી વધુ ઉત્પાદન આપે છે સરેરાશ હેક્ટર દીઠ થતા ૨૦-૨૧ ક્વિન્ટલ (૨૦૦૦-૨૧૦૦ કિલોગ્રામ) મગફળીના ઉત્પાદન કરતા ૫૦-૫૨% વધારો નોંધાયો



ગિરનારી મગફળી, ખાસ કરીને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલી 'ગિરનાર-૪' અને 'ગિરનાર-૫' જાતો, ભારતમાં, અને વિશેષરૂપે ગુજરાતમાં, ખેડૂતો અને ગ્રાહકો બંને માટે એક ક્રાંતિકારી પાક સાબિત થઈ છે. તેના ઉચ્ચ ઓલિક એસિડ ના પ્રમાણ અને અન્ય વિશિષ્ટતાઓ તેને વૈશ્વિક સ્તરે આગવી ઓળખ અપાવી રહી છે.ગિરનારી મગફળી તેની અજોડ ગુણવત્તા માટે જાણીતી છે, આ ઉચ્ચ ઓલિક એસિડ હૃદયરોગનું જોખમ ઘટાડવામાં અને શરીરમાં કોલેસ્ટ્રોલનું સ્તર જાળવવામાં મદદ કરે છે, જે તેને સ્વાસ્થ્ય માટે અત્યંત ફાયદાકારક બનાવે છે. ઉચ્ચ ઓલિક એસિડને કારણે, ગિરનારી મગફળી અને તેમાંથી બનતા ઉત્પાદનોની સંગ્રહશક્તિ (શેલ્ફ-લાઈફ) સામાન્ય મગફળી કરતાં ૫ થી ૧૦ ગણી વધારે હોય છે. ગિરનાર ૪ અને ગિરનાર ૫ મગફળી ગુજરાતમાં અને ભારતના અન્ય રાજ્યોમાં ખેડૂતોમાં લોકપ્રિય નવી જાતો છે, જેની ઉત્પાદન ક્ષમતા ઘણી સારી માનવામાં આવે છે. આ જાતો ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ દ્વારા વિકસાવવામાં આવી છે.સંશોધન મુજબ, ગિરનાર ૪ અને ગિરનાર ૫ મગફળીની નવી જાત હેક્ટર દીઠ ૩૨.૧૮ કિવન્ટલ (૩૨૧૮ કિલોગ્રામ) થી વધુ ઉત્પાદન આપી શકે છે.આ આંકડો હાલમાં ગુજરાતમાં સરેરાશ હેક્ટર દીઠ થતા ૨૦-૨૧ કિવન્ટલ (૨૦૦૦-૨૧૦૦ કિલોગ્રામ) મગફળીના ઉત્પાદન કરતા ૫૦-૫૨% જેટલો વધારે છે. જો વધુ ખેડૂતો આ બે જાતનું વાવેતર કરે, તો ગુજરાતમાં મગફળીનું કુલ ઉત્પાદન નોંધપાત્ર રીતે વધી શકે છે. ગિરનાર ૪ અને ગિરનાર ૫ મગફળીની જાતો તેમની ઊંચી ઉત્પાદન ક્ષમતા અને ગુણવત્તાને કારણે ખેડૂતો માટે ખૂબ જ સુંદર વિકલ્પ છે. આનાથી બગાડ ઓછો થાય છે અને લાંબા સમય સુધી ઉત્પાદનો તાજા રહે છે.આ જાતો સારી ઉપજ આપતી હોવાથી ખેડૂતો માટે આર્થિક રીતે ફાયદાકારક છે. હેક્ટર દીઠ ૩-૪ ટન સુધીનું ઉત્પાદન મળતું હોવાનું નોંધાયું છે

### ઉચ્ચ ઓલિક એસિડ મગફળી થકી ચોકલેટ ઉદ્યોગમાં ક્રાંતિ

ઉચ્ચ ઓલિક એસિડ ધરાવતી મગફળી આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતની મગફળીની માંગમાં નોંધપાત્ર વધારો કરી રહી છે, ખાસ ચોકલેટ ઉદ્યોગમાં. ગિરનાર ૪ અને ગિરનાર ૫ જેવી ભારતમાં વિકસાવવામાં આવેલી જાતોમાં લગભગ ૮૦% ઓલિક એસિડ છે, ઉચ્ચ ઓલિક એસિડ મગફળી ઓકિસડેશન પ્રત્યે ઓછી સંવેદનશીલ હોય છે, જેના કારણે તેમાંથી બનતા ઉત્પાદનોની શેલ્ફ-લાઈફ સામાન્ય મગફળીના ઉત્પાદનો કરતાં ૫ થી ૧૦ ગણી વધુ હોય છે.

ચોકલેટ અને અન્ય ખાદ્ય ઉત્પાદનો માટે અત્યંત મહત્ત્વનું છે, કારણ કે તે લાંબા સમય સુધી તાજા રહે છે અને બગડવાની શક્યતા ઓછી થાય છે. મગફળી શેકીને ઉપયોગમાં લેવાય ત્યારે તેનો સ્વાદ અને સુગંધ વધુ સારી રીતે જાળવી રાખે છે. ચોકલેટમાં મગફળીનો ઉપયોગ કરવાથી તેનો ખાસ ''નટી'' સ્વાદ વધુ ઉભરી આવે છે.

ઉચ્ચ ઓલિક એસિડ મગફળી ચોકલેટ કન્ફેકશનરી ઉત્પાદનોમાં સામાન્ય મગફળીન ી જગ્યાએ વાપરવામાં આવે છે. ડાર્ક ચોકલેટમાં ઉચ્ચ ઓલિક મગફળીના તેલના સૂક્ષ્મ કેપ્સ્યુલ્સ ઉમેરવામાં આવે છે.

### ગિરનાર-૪' અને ૫' મગફળીનું ''સ્વાસ્થ્યવર્ધક તેલ'' શરીર માટે ઉતમ

'ગિરનાર-૪' અને 'ગિરનાર-૫' જેવી ઉચ્ચ ઓલિક મગફળીની જાતો ભારતીય કૃષિ અને ખાદ્ય ઉદ્યોગ માટે એક ક્રાંતિકારી પરિવર્તન લાવી રહી છે. આ જાતોના તેલમાં રહેલા વિશિષ્ટ ગુણધર્મો તેમને ''હેલ્ધી ઓઈલ'' શ્રેણીમાં મૂકે છે અને 'ગિરનાર-૪' અને 'ગિરનાર-૫' જાતોના તેલમાં લગભગ ૭૫% થી ૮૦% જેટલું ઊંચું ઓલિક એસિડ હોય છે, જે સામાન્ય મગફળીના તેલ (૪૦-૫૦%) કરતાં ઘણું વધારે છે. આ તેને ઓલિવ ઓઈલ જેવી ઉચ્ચ ગુણવત્તાવાળા તેલની સમકક્ષ બનાવે છે. શરીરમાં ''ખરાબ'' કોલેસ્ટ્રોલ ઘટાડવામાં અને ''સારા'' કોલેસ્ટ્રોલ વધારવામાં મદદ કરે છે. આનાથી હૃદય રોગનું જોખમ નોંધપાત્ર રીતે ઘટે છે. આ તેલમાં કુદરતી એન્ટીઑકિસડન્ટ્સ પણ હોય છે, જે શરીરમાં મુક્ત કણો લડવામાં મદદ કરે છે. આનાથી કોષોને થતું નુકસાન અટકે છે અને શરીરની રોગપ્રતિકારક શક્તિ સુધરે, આના કારણે તેલની શેલ્ફ-લાઈફ (સંગ્રહ ક્ષમતા) ૧૦ થી ૧૫ ગણી વધી જાય છે (સામાન્ય તેલ કરતાં). આનો અર્થ એ છે કે તે લાંબા સમય સુધી તાજું રહે છે અને વાસ મારતું નથી. આ ઉદ્યોગોમાં ગુણવત્તા અને તાજગી જાળવવા માટે આ તેલ એક આદર્શ ઘટક સાબિત થાય છે.આંતરરાષ્ટ્રીય બજારમાં ઉચ્ચ ઓલિક મગફળી અને તેના તેલની ભારે માંગ છે, ખાસ કરીને આરોગ્ય-સભાન ગ્રાહકો અને ખાદ્ય ઉત્પાદકો તરફથી. આનાથી ભારતીય ખેડૂતોને તેમના ઉત્પાદન માટે વધુ સારો ભાવ તેમજ દેશને વિદેશી હૂંડિયામણનો પણ લાભ થશે, જે ''આત્મનિર્ભર ભારત'' ના લક્ષ્યને મજબૂત બનાવશે.

### પીનટ બટર ઉત્પાદકો માટે ગિરનાર ૪ અને ૫ જેવી મગફળી એક આદર્શ પસંદગી

પીનટ બટર એ ઉચ્ચ ઓલિક મગફળીનો મુખ્ય ઉપયોગ છે. સામાન્ય મગફળીમાં ૪૦-૫૦% ઓલિક એસિડ હોય છે, જ્યારે ગિરનાર ૪ અને ગિરનાર ૫ જેવી ભારતમાં વિકસાવવામાં આવેલીજાતોમાં લગભગ ૮૦% ઓલિક એસિડ હોય છે. આ ઊંચા પ્રમાણને કારણે પીનટ બટર ઉત્પાદકો માટે મગફળી એક આદર્શ પસંદગી બની રહે છે. મગફળીમાંથી બનેલું પીનટ બટર સામાન્ય મગફળીના બટર કરતાં લાંબા સમય સુધી તાજું રહે છે અને બગડતું નથી. આનાથી ઉત્પાદકો અને ગ્રાહકો બંનેને ફાયદો થાય છે, કારણ કે ઉત્પાદનનો બગાડ ઘટે છે. ઉદ્યોગોમાં ઉચ્ચ ગુણવત્તાવાળા ઘટકોની વધતી માંગને કારણે મગફળી આધારિત પીનટ બટરની વૈશ્વિક બજારમાં ખૂબ માંગ છે. મગફળીની જાતો વિકસાવવાથી ભારતીય ખેડૂતોને પણ આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધાત્મક બનવાની તક મળે છે અને દેશના પીનટ બટર ઉદ્યોગને વધુ મજબૂત બનાવે છે.

મગફળીમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન ઈ, બી જૂથના વિટામિન્સ (થાયમિન, નિયાસિન, રાયબોફ્લેવિન, પેન્ટોથેનિક એસિડ), પોટેશિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ, કેલ્શિયમ અને લોહતત્વ જેવા અનેક પોષક તત્વો ભરપૂર માત્રામાં હોય છે. ગિરનારી મગફળીનો ઉપયોગ સીધો ખાવા ઉપરાંત, તેલ કાઢવા, બટર બનાવવા, ચોકલેટ અને અન્ય ખાદ્ય પદાર્થો બનાવવામાં પણ થાય છે. ઉ તે ગુજરાતના ખેડૂતો માટે સમૃદ્ધિનો માર્ગ મોકળો કરે છે અને ભારતના કૃષિ ક્ષેત્રમાં એક નવું સીમાચિહ્ન સ્થાપિત કરે છે.

# માર્કેટમાં ટકી રહેવા માટે આધુનિક બિઝનેસ-રણનીતિ સમજાવતા ચેરમેન રાજ મારવાણીયા

## ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટસ ઓફ ઈન્ડીયા દ્વારા એમએસએમઈ અને સ્ટાર્ટઅપ અંગે સેમીનાર યોજાયો | ઉદ્યોગ સહસીકોને જરૂરી માહિતી સરકારી યોજનાઓ, વ્યવસાયિક તાલીમ અંગે માર્ગદર્શન અપાયું




**અબતક,રાજકોટ**

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાની એમએસએમઈ સ્ટાર્ટઅપ સમિતિ દ્વારા, અને રાજકોટ શાખા - WIRC ના યજમાનપદ એમએસએમઈ સ્ટાર્ટઅપ પર પૂર્ણદિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ રાજકોટ ગાંધીધામ ચેમ્બર તથા એસકેસીસીઆઈ સાથે સંયુક્ત રીતે આયોજિત કરવામાં આવ્યો.

આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ યુવાનો, નવનિર્મિત ઉદ્યોગો તથા વ્યવસાય શરૂ કરવા ઈચ્છતા ઉદ્યોગસાહસિકોને જરૂરી માહિતી, સરકારની યોજનાઓ અને વ્યવસાયિક સહાય અંગે માર્ગદર્શન આપવાનો રહ્યો.

જેમાં મુખ્ય મહેમાનો તરીકે રમેશ તિલાલા સીએ રાજીવ દોશી અને નલિન ઝવેરી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય આકર્ષણરૂપે, વિવિધ વિશેષજ્ઞો અને ઉદ્યોગસાહસિકો દ્વારા નીચે મુજબના મુખ્ય સત્રો યોજાયા:

સીએ નિમિષ ખક્કર - મુંબઈ સીએ નિમિષ ખક્કરે એસએમઈ ક્ષેત્રે રોકાણ લાવવાના વિકલ્પો, આઈપીઓ પ્રક્રિયા, રોકાણકારોની અપેક્ષા અને compliance બાબતો પર વિગતવાર ચર્ચા કરી.

**રિશિત કોટેચા - ડિરેક્ટર, હાથી મસાલા**

રિશિત કોટેચાએ પોતાના ઉદ્યોગસાહસિક પ્રવાસ અને એમએસએમઈ ક્ષેત્રમાં અનુભવ વિષે વાત કરી. તેમણે બ્રાન્ડ બિલ્ડિંગ, માર્કેટમાં ટકી રહેવાની રણનીતિ અને ફેમિલી બિઝનેસના આધુનિકીકરણ પર વિમર્શ કર્યો.

# કેપ્ટન સ્મૃતિ મંધાના મહિલા ટી-૨૦માં સદી ફટકારનાર બીજી ભારતીય બની




**અબતક, નવી દિલ્હી**

કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ૫૧ બોલમાં સદી ફટકારી અને હરમનપ્રીત કૌર પછી ઝડપી ક્રિકેટમાં સદી ફટકારનાર બીજી ભારતીય મહિલા ખેલાડી બની. અત્યાર સુધી આ ફોર્મેટમાં ફક્ત બે ભારતીયોએ સદી ફટકારી છે.ભારતીય મહિલા ટીમની કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટી૨૦ મેચમાં સદી ફટકારી. તે મહિલા ટી૨૦ ક્રિકેટમાં સદી ફટકારનાર બીજી ભારતીય ખેલાડી બની છે. મંધાનાએ ૫૧ બોલમાં સદી ફટકારી અને હરમનપ્રીત કૌર પછી ઝડપી ક્રિકેટમાં સદી ફટકારનાર બીજી ભારતીય મહિલા ખેલાડી બની. અત્યાર સુધી આ ફોર્મેટમાં ફક્ત બે ભારતીયોએ સદી ફટકારી છે. હરમનપ્રીતની ગેરહાજરીમાં ટીમનું નેતૃત્વ કરી રહેલી મંધાનાએ આ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું અને ૧૫ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૬૨ બોલમાં ૧૧૨ રન બનાવ્યા. આ મજબૂત ઈનિંગની મદદથી ભારતીય મહિલા ટીમે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૧૦ રન બનાવ્યા. ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. મંધાના અને શેફાલી વર્માએ ભારતને સારી શરૂઆત અપાવી. મંધાના શરૂઆતથી જ લયમાં દેખાતી હતી, જ્યારે શેફાલી સંઘર્ષ કરતી જોવા મળી. બોક્સ-૧ હેડિંગઃ સ્મૃતિ ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી મંધાનાએ ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં કમાલ કર્યુ હતુ. આ મેચમાં તેણીએ ૫૧ બોલમાં ૧૪ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી પોતાની પ્રથમ ટી૨૦ આંતરરાષ્ટ્રીય સદી પૂર્ણ કરી. તે ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની. તેણીએ ૫૧ બોલમાં ૧૪ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી આંતરરાષ્ટ્રીય ટી૨૦માં પોતાની પ્રથમ સદી પૂર્ણ કરી.

**પ્રથમ બેટિંગ કરતા ભારતે ઈંગ્લેન્ડને જીતવા માટે ૨૧૧ રનનો લક્ષ્યાંક આપ્યો, જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ ૧૧૩ રનમાં જ ઓલઆઉટ થઈ**

# કેશવ મહારાજે ૨૦૦ વિકેટ લઈને સાઉથ આફ્રિકા માટે ઈતિહાસ રચ્યો





**અબતક, રાજકોટ**

ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૬૨૮ વિકેટ લેનાર એક ઘાતક બોલરે ટેસ્ટ ફોર્મેટમાં ૨૦૦ વિકેટ લઈને પોતાના દેશ માટે ઈતિહાસ રચ્યો છે. તે આ કમાલ કરનાર સાઉથ આફ્રિકાનો પહેલો બોલર બની ગયો છે. સાઉથ આફ્રિકા અને ઝિમ્બાબ્વે વચ્ચે પહેલી ટેસ્ટમાં આ સ્પિનરે ઈતિહાસ રચ્યો હતો. પહેલી ઈનિંગમાં ૪૧૮/૯ રન બનાવીને ઈનિંગ ડિક્લેર કર્યા પછી બીજા દિવસે શાનદાર બોલિંગ દ્વારા સાઉથ આફ્રિકાએ ઝિમ્બાબ્વેને ૨૫૧ રન પર ઓલઆઉટ કરી દીધું અને ૧૬૭ રનની મોટી લીડ મેળવી. ટેમ્બા બાવુમા ઈજાગ્રસ્ત હોવાથી સાઉથ આફ્રિકાની કમાન કેશવ મહારાજના હાથમાં છે. મહારાજે એક ઈનિંગમાં ૩ વિકેટ લઈને મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે.ઝિમ્બાબ્વેને ઓલઆઉટ કરવા માટે વિયાન મુલ્ડરે સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. જ્યારે ડેબ્યૂ કરનાર કોડી યુસૂફ અને કેશવ મહારાજે ૩-૩ વિકેટ લીધી હતી. આ વિકેટો સાથે કેશવ મહારાજે ટેસ્ટ ક્રિકેટમાં વિકેટની બેવડી સદી પૂરી કરી હતી. તેણે ટેસ્ટમાં ૨૦૦ વિકેટ પૂરી કરી અને સાઉથ આફ્રિકા માટે આ ઉપલબ્ધિ મેળવનાર દેશનો પહેલો સ્પિનર બની ગયો છે. મહારાજે ૧૬.૪ ઓવરની બોલિંગમાં ૭૦ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી. તે પહેલા જ સાઉથ આફ્રિકા માટે ટેસ્ટ ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ચૂક્યો છે.મહારાજે ૨૦૧૬માં ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું અને ત્યારથી તે આ ફોર્મેટમાં નિયમિત રીતે રમતો આવ્યો છે.

ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં લાંબા સમય સુધી સખત મહેનત કર્યા બાદ તેને નેશનલ ટીમમાં તક મળી. આ ફોર્મેટમાં તેના નામે ૬૨૮ વિકેટ છે અને તે સાઉથ આફ્રિકાનો સર્વશ્રેષ્ઠ સ્પિનર છે. વિકેટોના મામલે ટેસ્ટ ક્રિકેટમાં સાઉથ આફ્રિકાનો બીજો સૌથી સફળ સ્પિનર હ્યૂગ ટેફીલ્ડ છે. લિસ્ટમાં ત્રીજા સ્થાને પોલ એડમ્સ છે. જ્યારે પોલ હેરિસ અને નિકી બોજે ચોથા અને પાંચમા સ્થાને છે.

# વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપનો ફાઈનલ અમદાવાદમાં રમાડવાનું રવિ શાસ્ત્રીનું સૂચન





**અબતક, નવી દિલ્હી**

જેમ વન-ડેના પહેલા ત્રણેય વર્લ્ડ કપ (૧૯૭૫, ૧૯૭૯ અને ૧૯૮૩)ની ફાઈનલ ઈંગ્લેન્ડ માં ક્રિકેટના મક્કા ગણાતા લોર્ડ્સમાં રમાઈ હતી, પરંતુ ૧૯૮૩માં વર્લ્ડ ચેમ્પિયન બનેલા ભારતમાંથી અવાજ ઊઠ્યો હતો અને ૧૯૮૭થી વિશ્વ કપના આયોજનને ઈંગ્લેન્ડની બહાર લાવવાની માગણીમાં સફળતા મળી હતી એમ હવે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ની ફાઈનલની બાબતમાં બનવા જઈ રહ્યું છે અને એમાં રવિ શાસ્ત્રીએ પહેલ કરી છે. તેમણે હવે પછીની ડબ્લ્યૂટીસીની ફાઈનલ માટે અમદાવાદનું નામ સૂચવ્યું છે.૧૯૮૩માં કપિલ દેવના સુકાનમાં ભારત વિશ્વ વિજેતા બન્યું ત્યાર બાદ ભારતીય ક્રિકેટ બોર્ડ, એ સમયના રાજકીય નેતા એનકેપી સાળવે વગેરેના સંનિષ્ઠ પ્રયાસોથી ૧૯૮૭નો વિશ્વ કપ ભારતમાં (પાકિસ્તાન પણ સંયુક્ત યજમાન હતું) યોજાયો હતો જે રિલાયન્સ વર્લ્ડ કપ તરીકે ઓળખાયો હતો જેમાં કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતેની ફાઈનલમાં ઈંગ્લેન્ડને સાત રનથી હરાવીને ઑસ્ટ્રેલિયા પહેલી જ વાર વિશ્વ વિજેતા બન્યું હતું.

ઉલ્લેખનીય છે કે ડબ્લ્યૂટીસીની ૨૦૨૧ની સાલની પ્રથમ સીઝનની ફાઈનલ ઈંગ્લેન્ડના ઓવલમાં, ૨૦૨૩ની બીજી સીઝનની ફાઈનલ ઈંગ્લેન્ડના જ સાઉધમ્પ્ટનમાં અને ૨૦૨૫ની ત્રીજી સીઝનની ફાઈનલ ઈંગ્લેન્ડના જ લોર્ડ્સમાં રમાઈ હતી. કહેવાય છે ને કે ઈતિહાસનું હંમેશાં એક યા બીજી રીતે પુનરાવર્તન થતું જ હોય છે.' વન-ડેના પહેલા ત્રણેય વર્લ્ડ કપની ફાઈનલ ઈંગ્લેન્ડમાં (લોર્ડ્સમાં) રમાયા બાદ હવે છેલ્લા છ વર્ષ દરમ્યાન ડબ્લ્યૂટીસીની પહેલી ત્રણેય સીઝનની ફાઈનલ પણ ઈંગ્લેન્ડમાં જ રમાઈ. જોકે ભારતના ભૂતપૂર્વ કેપ્ટન અને ભૂતપૂર્વ હેડ-કોચ રવિ શાસ્ત્રી નું એવું કહેવું છે કે ઈંગ્લેન્ડમાં કોઈ પણ મોટી સ્પર્ધાની ફાઈનલ રાખવામાં આવે તો ક્રિકેટના વિકાસમાં ઘણી મદદ મળે એ વાતનો કોઈ ઈન્કાર ન કરી શકે, પણ હવે પછીની (૨૦૨૭ની સાલની) ડબ્લ્યૂટીસીની ફાઈનલ ભારતમાં કે ઑસ્ટ્રેલિયામાં યોજી શકાય.રવિ શાસ્ત્રીનું એવું પણ કહેવું છે કે ' લોર્ડ્સ આઈકોનિક સ્ટેડિયમ ખરું અને ખૂબ લોકપ્રિય પણ છે, પરંતુ ત્યાં કંઈ ૧,૦૦,૦૦૦ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ નથી. જોકે અમદાવાદ માં ૧,૦૦,૦૦૦થી પણ વધુ પ્રેક્ષકો બેસી શકે એટલી જગ્યા છે. હવે પછીની ડબ્લ્યૂટીસીની ફાઈનલ અમદાવાદમાં રાખવી જોઈએ. ત્યાં આઈસીસીને આ ફાઈનલ માટે બહુ મોટું ક્રાઉડ મળશે. ઑસ્ટ્રેલિયાનું મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી) પણ સારું છે, ત્યાં પણ ફાઈનલ રાખી શકાય.'ખાસ ઉલ્લેખનીય છે કે આઈસીસીએ ૨૦૨૭ની ડબ્લ્યૂટીસીની ફાઈનલનું સ્થળ થોડા મહિના પહેલાં જ નક્કી કરી લીધું હતું. ૨૦૨૭ની ફાઈનલ પણ લોર્ડસમાં રાખવાની આઈસીસીની યોજના છે. બીસીસીઆઈએ આ ફાઈનલનું યજમાનપદ લેવા માટે પ્રયાસ કર્યો હતો, પણ તટસ્થ ટેસ્ટ મેચોને સતત સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને એ માટે જ ઈંગ્લેન્ડની તરફેણ કરવામાં આવી રહી છે.રવિ શાસ્ત્રીનું કહેવું છે કે ભવિષ્યની ડબ્લ્યૂટીસીની કોઈ ફાઈનલ માટે પણ અમદાવાદને અગ્રતા આપી શકાશે.

# આજથી વિમ્બલડનનો પ્રારંભઃ અલ્કારાઝ-સિનર અને કોકો-સબાલેન્કા પર સૌની નજર




**અબતક, રાજકોટ**

આજે સોમવારથી ૩૦મી જૂને ટેનિસની ગ્રેન્ડ સ્લેમ સ્પર્ધાઓમાં સર્વોત્તમ ગણાતી વિમ્બલ્ડન ચેમ્પિયનશિપનો આરંભ અસહ્ય ગરમી વચ્ચે થવાની પાકી સંભાવના છે, કારણકે લંડનની વેધશાળા મુજબ દિવસ દરમ્યાન તાપમાન ૩૪ ડિગ્રી જેટલું રહેશે અને એમાં ખેલાડીઓ પ્રથમ રાઉન્ડમાં પસીને રેબઝેબ થઈને બીજા રાઉન્ડમાં પહોંચવા કમર કસશે.

પુરુષોમાં વર્લ્ડ નંબર-વન યાનિક સિનર તાજેતરમાં ફ્રેન્ચ ઓપનમાં પરાજિત થયા બાદ હવે ગ્રાસ કોર્ટની વિમ્બલ્ડનમાં ટાઈટલ જીતવા મક્કમ છે. જોકે વર્લ્ડ નંબર-ટૂ સ્પેનના કાર્લોસ અલ્કારાઝને સતત ત્રીજું વિમ્બલ્ડન સિંગલ્સ ટાઈટલ જીતનાર બ્યોન બોર્ગ, પીટ સેમ્પ્રસ, રોજર ફેડરર અને નોવાક જોકોવિચ પછીનો પાંચમો ખેલાડી બનવાનો મોકો છે. અલ્કારાઝે તાજેતરમાં જ સિનરને ક્લે કોર્ટ પરની ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં હારવ્યો હતો.

મહિલાઓમાં વર્લ્ડ નંબર-વન એલીના સબાલેન્કા ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં વર્લ્ડ નંબર-ટૂ કોકો ગોફ સામે પરાજિત થઈ હતી અને હવે તેઓ પહેલી વાર વિમ્બલ્ડન જીતવા કોઈ કસર બાકી નહીં રાખે.જોકે કોકો અને સબાલેન્કાએ ત્રીજા ક્રમની જેસિકા પેગુલા, જાસ્મિન પાઓલિની તેમ જ ભૂતપૂર્વ નંબર-વન ઈગા સ્વોન્ટેક વગેરેના પડકાર માટે પણ તૈયાર રહેવું પડશે.પુરુષોમાં નોવાક જોકોવિચ વિક્રમજનક સાત વખત વિમ્બલ્ડન જીતવાની સાથે કુલ ૨૪ ગ્રેન્ડ સ્લેમ ટાઈટલ જીત્યો છે અને પચીસમા ટાઈટલની તલાશમાં છે.

# ટીમ-ઈન્ડિયાની ટી-૨૦ વર્લ્ડકપની જીતની પ્રથમ વર્ષગાંઠ પર હાર્દિક પંડયાએ અમૂલ્ય પળો યાદ કરી



**અબતક, વડોદરા**

ભારતીય ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા એ ભારતની ટી-૨૦ વર્લ્ડ કપની જીતની પ્રથમ વર્ષગાંઠ વિશે સોશયલ મીડિયા પર એક ભાવનાત્મક વીડિયો પોસ્ટ કર્યો છે જેમાં તેણે દિલધડક ફાઈનલ (FINAL)માં ભારતે સાઉથ આફ્રિકાને જે રીતે હરાવ્યું હતું એની બહુમૂલ્ય પળો યાદ કરી છે. ભારતે ત્યારે ૧૧ વર્ષે આઈસીસી ટ્રોફી જીતી લીધી હતી.અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં આયોજિત એ વિશ્વ કપની બ્રિજટાઉન ખાતેની ફાઈનલમાં હાર્દિકે બેટિંગમાં બે બોલમાં અણનમ પાંચ રન કર્યા હતા અને પછી બોલિંગમાં શાનદાર પર્ફોર્મ કરીને ભારતને રોમાંચક વિજય અપાવ્યો હતો. તેણે ત્રણ ઓવરમાં ૨૦ રનના ખર્ચે ત્રણ વિકેટ લીધી હતી. તેણે હિન્રિક ક્લાસેન (બાવન રન, ૨૭ બોલ, પાંચ સિક્સર, બે ફોર)ની અત્યંત મહત્ત્વની વિકેટ લીધી હતી અને એ સાથે ભારતને વિજયના માર્ગ પર લાવી દીધું હતું. હાર્દિકે પોસ્ટમાં લખ્યું છે, ' મારા માટે તો દેશ વતી રમવું એ જ સૌથી મોટું સપનું હતું, એક આશીર્વાદ હતો.૨૦૧૧માં (વન-ડે વર્લ્ડ કપ વખતે) મેં રસ્તા પર મિત્રો સાથે જીતનો જશન મનાવ્યો હતો. હું હંમેશાં એવી જ પરિસ્થિતિમાં (સકારાત્મક અભિગમમાં) રહેવાનું પસંદ કરું છું અને એટલે જ મારામાંથી સૌથી સારો પર્ફોર્મન્સ બહાર આવે છે. હું વર્લ્ડ કપની ફાઈનલમાં રમી રહ્યો હોઉં અને એનો છેલ્લો બોલ ફેંકી રહ્યો હોઉં એવી મેં ઘણી વાર કલ્પના કરી હતી અને ખરેખર એવું જ બન્યું.'૨૦૨૪ની ૨૯મી જૂને બાર્બેડોઝના બ્રિજટાઉનમાં રમાયેલી ફાઈનલમાં અંતિમ ઓવર હાર્દિકે કરી હતી. હાર્દિકે પોસ્ટમાં સાઉથ આફ્રિકા સામેની એ ફાઈનલની વાત કરતા વધુમાં જણાવ્યું છે, ' પાછલા ૬-૭-૮ મહિના ખૂબ મુશ્કેલ હતા, પરંતુ એ દિવસે બધુ મગજ પરથી બધો બોજ અને મુશ્કેલી ઉતરી ગયા હતા અને હું એ જ વિચારી રહ્યો હતો કે આખરે, મેં દેશ માટે કરી દેખાડ્યું.'ફાઈનલની આખરી ઓવરના પહેલા બોલમાં ડેવિડ મિલરે લોન્ગ ઑફની દિશામાં ઊંચો શોટ માર્યો હતો, પણ બોલ બાઉન્ડરી લાઈનને પાર નહોતો ગયો. સૂર્યકુમાર યાદવે શાનદાર સંતુલન બતાવીને બાઉન્ડરી લાઈનને આર-પાર જઈને કેચ ઝીલ્યો હતો. બાઉન્ડરી લાઈનને પોતે અડી જશે એવા ડરથી સૂર્યકુમારે લાઈનની બહાર જતાં પહેલાં બોલને હવામાં ઉછાળ્યો હતો અને પછી પાછા અંદર આવીને કેચ પકડી લીધો હતો. આઈસીસી ટૂર્નામેન્ટોના ઈતિહાસમાં આ કેચને સર્વશ્રેષ્ઠ ગણવામાં આવે છે.

# બુમરાહ વગર ટીમ ઈન્ડિયાનો શું પ્લાન હશે, શું ભારત એજબેસ્ટન ટેસ્ટ જીતી શકશે?




**અબતક, નવી દિલ્હી**

જો પહેલી ટેસ્ટ હારી ગયેલી ભારત ૨ જુલાઈથી શરૂ થનારી એજબેસ્ટન ટેસ્ટમાં જસપ્રીત બુમરાહ વગર રમે છે, તો તેની મુશ્કેલીઓમાં વધારો થવાની ખાતરી છે. બુમરાહની ગેરહાજરી ટીમ ઈન્ડિયા માટે મોટો ઝટકો સાબિત થઈ શકે છે.માત્ર સાત વર્ષ પહેલાં ટેસ્ટ ડેબ્યૂ કરનાર બુમરાહ ૪૬ ટેસ્ટ મેચમાં ૨૧૦ વિકેટ ઝડપી છે. બુમરાહ ટીમનો સૌથી અનુભવી અને વિશ્વસનીય ફાસ્ટ બોલર છે. તેને ઈંગ્લેન્ડમાં રમવાનો જૂનો અનુભવ છે. તેની હાજરી જ વિરોધી છાવણીમાં ગભરાટ ફેલાવવા માટે પૂરતી છે. જોકે, ટીમ ઈન્ડિયા પાસે તેના વિના પણ વિકલ્પો છે.

મોહમ્મદ સિરાજ છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત માટે નિયમિત પ્રદર્શન કરનાર રહ્યો છે. જો બુમરાહ નહીં રમે, તો સિરાજને આક્રમણનો નેતા બનાવી શકાય છે. તેનો સ્વિંગ અને આક્રમકતા અંગ્રેજી પરિસ્થિતિઓમાં અસરકારક સાબિત થઈ શકે છે.ડાબા હાથનો બોલર અર્શદીપ પહેલા ઈંગ્લેન્ડમાં કાઉન્ટી ક્રિકેટ રમી ચૂક્યો છે અને તેનો સ્વિંગ ઉપયોગી થઈ શકે છે. અંગ્રેજી પરિસ્થિતિઓમાં તેની લાઈન-લેન્થને કારણે આકાશદીપ પણ એક સારો વિકલ્પ બની શકે છે.છેલ્લી મેચમાં, શાર્દુલ ઠાકુરને ટીમમાં બેટિંગ અને સીમ બોલિંગનો વધારાનો વિકલ્પ ઉમેરવા માટે સામેલ કરવામાં આવ્યો હતો, પરંતુ આ ચાલ ઉલટું સાબિત થયું. ચાહકોને આશા છે કે આગામી મેચમાં શાર્દુલની જગ્યાએ નીતિશ રેડ્ડીને તક મળશે. રેડ્ડી એક પેસ બોલિંગ ઓલરાઉન્ડર પણ છે.જો ફાસ્ટ બોલિંગ યુનિટ થોડું નબળું લાગે છે, તો રવિન્દ્ર જાડેજા સાથે કુલદીપ યાદવને પણ પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરી શકાય છે. આ સાથે, ભારત તેની તાકાતથી રમશે અને સ્પિન સામે અંગ્રેજી બેટ્સમેનોની નબળાઈ પર હુમલો કરશે.બુમરાહની ગેરહાજરીમાં, નવા કેપ્ટન શુભમન ગિલે બોલરોને સ્માર્ટ રીતે ફેરવવા પડશે. સિરાજ, અર્શદીપ/આકાશદીપ અને શાર્દુલનો યોગ્ય રીતે ઉપયોગ કરવો મહત્વપૂર્ણ રહેશે જેથી તેઓ થાકી ન જાય અને અસરકારક રહે.બુમરાહ વિના ભારતની સંભવિત પ્લેઈંગ ઈલેવનઃ કેએલ રાહુલ, યશસ્વી જયસ્વાલ, સાઈ સુદર્શન, શુભમન ગિલ (કેપ્ટન), કરુણ નાયર, ઋષભ પંત (વિકેટકીપર), શાર્દુલ ઠાકુર, મોહમ્મદ સિરાજ, રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ અને અર્શદીપ સિંહ

# જનસેવામાં ૧૧૫ વર્ષઃ ધી ગવર્નમેન્ટ સર્વન્ટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી "સહકારથી સમૃદ્ધિનું" જીવંત પ્રતિક

**૧૯૧૦માં બરોડા સ્ટેટના ૧૩ અધિકારી સાથે શરૂ થયેલી આ સંસ્થામાં આજે સરકારી વિભાગોના ૧૧ હજાર કરતા વધુ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયેલા છે**




**અબતક, રાજકોટ**

વડોદરામાં છેલ્લા ૧૧૫ વર્ષથી ચાલતી સરકારી કર્મચારીઓની સહકારી પ્રવૃત્તિની સંસ્થાએ સહકારથી સમૃદ્ધિના સંકલ્પને સાકાર કર્યો છે. વડોદરાના તત્કાલીન મહારાજા સર સયાજીરાવ ગાયકવાડની પ્રેરણાથી સ્થપાયેલી આ સહકારી સંસ્થાએ વડોદરામાં ફરજ બજાવતા અનેક સરકારી કર્મચારીઓના ઘરના ઘરની સ્વપનને સાકાર તો કર્યું છે, પણ સાથે નાણાંકીય ભીડના સમયે આર્થિક સહાય પણ કરી છે. આ વાત ૧૯૧૦ના વર્ષની છે. બરોડા રાજ્યના રાજવી સર સયાજીરાવ ગાયકવાડે પોતાના કર્મચારીઓ અને અધિકારીઓને સહકારી પ્રવૃત્તિ કરવા માટે પ્રેરિત કર્યા. સમયના બરોડા રાજ્યના ઉચ્ચ અધિકારી અનંત નારાયણ દાતારની પહેલથી અન્ય સનદી અધિકારી પુરુષોત્તમ નાથાલાલ દેસાઈના પ્રમુખ સ્થાને તા. ૧૭-૧૨-૧૯૧૦ના રોજ ધી બરોડા ગવર્નમેન્ટ સર્વન્ટ અર્બન કોઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડની સ્થાપના કરવામાં આવી હતી. સ્થાપના સમયે તેમાં બરોડા રાજ્યના ૧૩ સનદી અધિકારીઓ જોડાયા હતા. બાદમાં સભાસદોની સંખ્યા ૬૬ થઈ હતી. આમ, રાજ્યની સૌથી જૂની ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટી કાર્યાન્વિત થઈ. દેશને આઝાદી મળી એ બાદ બરોડાનો મુંબઈ રાજ્યમાં સમાવેશ થતા આ સહકારી સંસ્થાનું નામ ધી ગવર્નમેન્ટ સર્વન્ટ કોઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ વડોદરા તરીકે ઓળખાવા લાગી. શરૂઆતમાં મહેસુલ, બાંધકામ, જિલ્લા પંચાયતના કર્મચારીઓ જોડાયા હતા. સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ એવા સભાસદોને રૂ. ૨૦ લાખ સુધીનું ધીરાણ આપવામાં આવતું હોવાથી અનેકના ઘરના ઘરનું

(અનું.આઠમાં પાને)

# અદાણી ગ્રીન એનર્જીનો કીર્તિમાનઃ ભારતમાં રિન્યુએબલ ઉર્જા ઉત્પાદકતામાં 'અવ્વલ'



**૧૦,૦૦૦ મેગાવોટ હાંસલ કર્યાના માત્ર ૧૫ માસમાં ૫,૦૦૦ મેગાવોટથી વધુ વીજળી પ્રવાહ ચાલુ કરાયો**

**અબતક,રાજકોટ**

ભારતની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની અદાણી ગ્રીન એનર્જી લિ. એ ૧૫,૦૦૦ મેગાવોટની કાર્યકારી ક્ષમતાને વટાવીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કરવા સાથે હવે આ ક્ષમતા ખાસ કરીને ૧૫,૫૩૯.૯ મેગાવોટના નવા શિખરે પહોંચી છે. ક્ષમતામાં ઉમેરાની આ સિદ્ધિ ભારતમાં અત્યાર સુધીનો સૌથી ઝડપી અને વિરાટ છે. ઓપરેશનલ પોર્ટફોલિયોમાં ૧૧,૦૦૫.૫ મેગાવોટ સૌર, ૧,૯૭૭.૮ મેગાવોટ પવન અને ૨,૫૫૬.૬ મેગાવોટ પવન-સૌર હાઈબ્રિડ ક્ષમતાનો સમાવેશ થાય છે. એજીઈએલ ભારતની પ્રથમ અને એકમાત્ર નવીનીકરણીય ઉર્જા કંપની છે જેણે, મુખ્યત્વે ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ્સ દ્વારા. આ સીમાચિહ્નસમાન સિદ્ધિ મેળવી છે

આ સીમાચિહ્ન હાંસલ કરવાની ક્ષણને ગૌરવ ગણાવતા કંપનીના સી.ઈ.ઓ. આશિષ ખન્નાએ જણાવ્યું હતું કે "૧૫,૦૦૦

(અનું.આઠમાં પાને)

# ચિલઝડપ અને વાહન ચોરીને અંજામ આપતો રેલનગરનો તસ્કર હાર્દિક ઉર્ફે જાડો ઝડપાયો

## બે ચિલઝડપ અને બે વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો : ત્રણ બાઈક બાઈક કબ્જે, ચોરીનો મુદ્દામાલ રીકવર કરવા તજવીજ

## કરણપરા પોલીસ ચોકી અને જીવરાજ પાર્ક પાસેથી મહિલાઓના હાથમાં રહેલ રોકડ-મોબાઈલ ભરેલ પર્સની ઝુંટવી ફરાર થઈ ગયો'તો

**અબતક, રાજકોટ**

શહેરના કરણપરા પોલીસ ચોકી અને જીવરાજ પાર્ક પાસેથી પગપાળા જતી મહિલાઓના હાથમાં રહેલ રોકડ-મોબાઈલ ભરેલ પર્સની ચોરી કરી નાસી છૂટનાર રેલનગરના હાર્દિક ઉર્ફે જાડાને એ.ડિવિઝન પોલીસની ટીમે દબોચી બે ચોરાઉ બાઈક સહિત ત્રણ વાહનો કબ્જે કરી અન્ય મુદ્દામાલ કબ્જે કરવાં તજવીજ આદરી હતી.

બનાવ અંગે બસ સ્ટેન્ડ પાછળ પ્રહલાદ પ્લોટ શેરી નં.૩૮ માં રહેતાં રીટાબેન અતુલભાઈ સામાણી (ઉ.વ.૫૪) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગઈ તા. ૧૧ ના સાંજના સમયે તેઓ તેમના પુત્રવધુ ધારાબેન સાથે સંબધી રશ્મીબેન કે જેઓ કરણપરા શેરી નં- ૧૭ માં રહે છે, તેઓની ખબર કાઢવા માટે જતા હતા. તેણી પાસે બ્લેક કલરનું પર્સ હતુ, તે હાથમાં પકડેલ હતુ. પર્સમાં રોકડ ૫૦૦ તેમજ મોબાઈલ ફોન હતો. તેઓ કરણપરા શેરી નં-૧૭ કરણપરા પોલીસ ચોકીથી આગળ આવતા ત્યારે એક અજાણ્યો બાઈક ચાલક કે જે કેનાલ રોડ તરફથી ઘસી આવી અને તેણીના હાથમાં રહેલ પર્સની જોટ મારી તુરંત જ રાજશ્રી ટોકીઝ તરફ નાસી ગયેલ હતો. રોકડ અને મોબાઈલ ફોન મળી રૂ.૧૨૫૦૦ ના મુદ્દામાલ ભરેલ પર્સની ચિલઝડપ કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસ પોલીસ મથકના પીઆઈ બી.વી. બોરીસાગરની રાહબરીમાં પીએસઆઈ એસ.એન.રાણા ટીમ સાથે ગુનો ડિટેકટ કરવાં તપાસમાં હતાં ત્યારે બાતમીના આધારે તસ્કર હાર્દિક ઉર્ફે જાડો ઉર્ફે કરણ ગોપાલ ઝાલા (રહે.રેલનગર, અવધ પાર્ક) ને પકડી પાડી તેની પાસેથી બે ચોરાઉ બાઈક પણ કબ્જે કરી હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, આરોપીએ અલગ અલગ બે જગ્યાએથી બાઈક ચોરી કરી હતી. તેમજ તેને કરેલ ચિલઝડપના ગુનામાં મિત્રની બાઈકનો ઉપયોગ કર્યાનું પણ સામે આવ્યું છે. પોલીસે આરોપી પાસેથી ચિલઝડપના મુદ્દામાલ કબ્જે કરવાં તેમજ અન્ય ચોરીઓના ભેદ ખોલવા સઘન પૂછતાછ આદરી છે.

### એ ડિવિઝન પીઆઈ બી.વી.બોરીસાગરની રાહબરીમાં પીએસઆઈ એસ.એમ.રાણાની ટીમની કાર્યવાહી

# ફરિયાદી અને સાહેદો કેસને સમર્થન કરતા નહીં હોવાની અને સ્વતંત્ર સાહેદ નહિ હોવાની દલીલો

**અબતક, રાજકોટ**

શહેરના બોલબાલા માર્ગ પટેલ વાડી પાસે એકટીવા અને કાર વચ્ચે અકસ્માત થતો સહેજમાં જ અટકી ગયા બાદ કારમાં બેઠેલા શખસોનો બે એકટીવાસવાર ઉપર બેઝબોલ ધોકાથી હુમલા ના કેસમાં ચાર શખસોનો છૂટકારો ફરમાવાયો છે.આ કેસની હકીકત મુજબ, આ કામના ફરિયાદી સોહિલ રજાકભાઈ ખેડારા (રહે. નવલ નગર ૩/૧૪, મવડી પ્લોટ રજા મંઝિલ રાજકોટ)અને તેનો મિત્ર દીપેન દાણીધારીયા તેમ બંને તેઓનું એકટીવા લઈને ગઈ તારીખ ૦૬/ ૦૩/ ૨૦૨૧ના ભગવતીપરામાંથી તેમના ઘર તરફ જતા હતા, બોલબાલા માર્ગ ઉપર પટેલ વાડી પહેલાના ચોકમાં કારને એકટીવા અડતા રહી ગયેલ, તેથી તે કારમાંથી ચાર માણસોએ ઉતરીને ફરિયાદી સોહીલ અને દીપેનને બેફામ ગાળો દેવા લાગેલા તેમજ ધોકાથી હુમલો અને ફડાકાવાળી કરતા ધોકો બંનેએ મૂઢ ઈજાઓ થતા સરકારી હોસ્પિટલમાં સારવાર મેળવેલી હતી અને જે સબબ વિગતવાર ફરિયાદ આપવામાં આવી હતી, જે કામે તપાસ દરમિયાન યશરાજ જીવરાજભાઈ માંજરીયા, રાહુલ ગોરધનભાઈ વાલાણી, વિશાલ વિનોદભાઈ મેવાડા અને જયદીપ કલ્પેશભાઈ જયસ્વાલની અટક કરવામાં આવી હતી.બાદ ચાર્જશીટ ફાઈલ કરેલ હતું. જે કેસ કોર્ટમાં ચાલવા ઉપર આવતા જરૂરી મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તપાસવામાં આવેલ હતા અને આ કામે બચાવ પક્ષે આરોપી તરફેની જરૂરી રજુઆતો કરવામાં આવી હતી કે ખુદ ફરીયાદી તથા સાહેદો કેસને સમર્થન કરતા ન હોય તેમજ જાહેર જગ્યા ઉપરનો બનાવ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલા નથી, તેવી રજૂઆતો, હકીકતો તેમજ દલીલો ધ્યાને લઈ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટ દ્વારા ચારેય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવેલ છે.આરોપી વતી એડવોકેટ રણજીતભાઈ એમ.પટગીર, સાહિસ્તાબેન એસ.ખોખર, દયા કે. છાયાણી, નિમેશ વિ. જાદવ, આસિસ્ટનટ તરીકે શ્રધ્ધા આર. ખખ્ખર રોકાયા હતા.

# આજીડેમ પાસે ખેતીની જમીનનો દાવો રદ કરવાના હુકમ સામે કરેલી અપીલ રદ

## દાવો લીમીટેશન બહાર હોય જેથી ટ્રાયલ કોર્ટે વાદીનો દાવો રદ કરેલો હતો તે હુકમમા હસ્તક્ષેપ કરવાપાત્ર નથીઃ સેશન્સ કોર્ટે

**અબતક, રાજકોટ**

આજીડેમ પાસે જુના રે.સ.નં.૫૮ પૈકીની જમીન એકર ૫-૨૧ ગુઠા ગુજરનાર અરજણ ભવાનની માલીકીની હતી. જમીન આજીડેમમા ડૂબમાં જતાં સરકાર હસ્તક કરવામાં આવેલ અને બાદ ખાતેદારની તરફેણમાં જમીન છુટી કરવામાં આવેલી. અરજણ ભવાન હૈયાત ન હોય તેના વારસદાર વેલાભાઈ દેવશીભાઈ એ કલેકટરમાં જમીન પરત મેળવવા અરજી કરી વળતરની રકમ જમા કરાવી સનેઃ ૧૯૭૦મા જમીનનો કબજો લીધો હતો. બાદ વેલાભાઈ દેવશીભાઈએ પ્રેમજીભાઈ જીવાભાઈને તાઃ૧૮/ ૦૮/૧૯૮૮ ના રોજ જમીનનું વેચાણ કર્યું હતું. ઉપરોકત વેચાણ અંગે અરજણ ભવાનના અન્ય વારસે સનેઃ૨૦૦૦ ની સાલમાં વાંધો ઉઠાવી વેચાણ દસ્તાવેજ રદ કરવા તથા કાયમી મનાઈ હુકમ મેળવવા અંગે સીવીલ કોર્ટમા દાવો દાખલ કરેલો. જે દાવો ચાલી જતાં સીવીલ કોર્ટે દાવો ડીસમીસ કરેલો જે હુકમ સામે વાદી-બચુ દેવશીના વારસોએ સેશન્સ અદાલતમાં અપીલ દાખલ કરી નીચેની કોર્ટનો હુકમ રદ કરવા પ્રતિવાદી વેલા દેવશીએ પ્રતિવાદી પ્રેમજીભાઈ જીવાભાઈની તરફેણમાં સનેઃ૧૯૮૮ ની સાલમાં કરેલ વેચાણ દસ્તાવેજ રદ કરવા તથા દાવો મંજુર કરવા અપીલ કરી હતી.

જે અપીલ સેશન્સ કોર્ટના છઠ્ઠા એડી.ડીસ્ટ્રીકટ જજ ધર્મેન્દ્રસિંઘની અદાલતમાં ચાલી જતાં બન્ને પક્ષે લંબાણપૂર્વકની દલીલો કરવામાં આવેલી તેમજ રીસ્પોન્ડન્ટ નં.૧ થી ૩ તરફે વકીલ કે.પી.દવે દ્વારા દલીલોમા જણાવવામાં આવેલુ કે નીચેની કોર્ટમાં ઉલટતપાસમાં વાદી સ્પષ્ટપણે કબુલ કરે છે કે સનેઃ૧૯૮૮ ની સાલમાં પ્રતિવાદી વેલા દેવશીએ પ્રતિવાદી પ્રેમજીભાઈ જીવાભાઈને ખેતીની જમીનનું વેચાણ કરેલ જે જગ્યામાં સતકેસર નુર દરબાર સાર્વજનિક ટ્રસ્ટના ઉપપ્રમુખ દરજજે યુસુફભાઈ બાબુભાઈ મંધરા આશ્રમ બનાવી તેમાં સેવાપુજા કરે છે તે અંગેની જાણ વાદીને હતી તેમ છતાં તેઓએ આ અંગે કોઈ તકરાર ઉઠાવેલી નહી કે વાંધો લીધેલ નહી તેમજ સદરહુ જમીન સરકાર હસ્તકથી સનેઃ૧૯૭૨ ની સાલમાં રીલીઝ કરવામાં આવેલી તેની જાણ પણ વાદીને હોવા છતાં તેના વળતરની કોઈ રકમ ભરવાની કે અરજી કરવાની કોઈ કાર્યવાહી તેઓએ કરેલ નથી. વાદીને સનેઃ૧૯૮૮ ની સાલથી સદરહુ મિલ્કતના વ્યવહાર અંગેની જાણ હોવા છતાં ૧૨ વર્ષ બાદ ટ્રાયલ કોર્ટમાં દાવો દાખલ કરેલ હોય પ્રથમ દ્રષ્ટિએ જ દાવો લીમીટેશન બહાર હોય જેથી ટ્રાયલ કોર્ટે વાદીનો દાવો રદ કરેલ છે તે હુકમ કાયદેસરનો ખરો અને યોગ્ય હોય જેથી તેમાં હસ્તક્ષેપ કરવાપાત્ર થતું નથી. એડી.સેશન્સ જજ ધર્મેન્દ્ર સિંઘ સર્વોચ્ચ અદાલતના ચુકાદાનું સંપૂર્ણ મુલ્યાંકન કરી વાદી-એપેલન્ટની અપીલ રદ કરવાનો હુકમ કરેલો છે.આ કામમાં પ્રતિવાદી-રીસ્પોન્ડન્ટ વેલાભાઈ દેવશીભાઈ, પ્રેમજીભાઈ જીવાભાઈ , સતકેસર નુર દરબાર ટ્રસ્ટના ઉપપ્રમુખ યુસુફભાઈ બાબુભાઈ મંધરા તરફે રાજકોટના ધારાશાસ્ત્રી કેતન પી. દવે, બીનીતા શાહ, અજય દાવડા, ત્રિમુર્તિ પ્રસાદ, યશ ચોલેરા, મીત સોમૈયા, અમિત ચૌહાણ રોકાયેલ હતા.

# તને શેરીમાં આવવાની ના પાડી છે કહી પૂર્વ મહિલા મિત્રના પરિજનોએ યુવકનું માથું ફોડી નાખ્યું

## યુવકે થપ્પડ માર્યા બાદ પિતા-પુત્ર લોખંડના પાઈપ વડે તૂટી પડ્યાઃ બી ડિવિઝન પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના મોરબી રોડ નજીક યુવકને પિતા-પુત્રોએ માર માર્યાનો બનાવ સામે આવ્યો છે. પૂર્વ મહિલા મિત્રની શેરીમાં મિત્ર સાથે વાત કરતી વેળાએ મહિલા મિત્રના સસરાએ તને શેરીમાં નીકળવાની ના પાડી છે તો કેમ અહીં આવ્યો કહી ઝગડો કર્યા બાદ લોખંડનો પાઈપ ઝીંકી દેતા યુવકનું માથું ફૂટી ગયું હતું. મામલામાં બી ડિવિઝન પોલીસમાં ગુનો નોંધાયો છે.

મોરબી રોડ પર જમના પાર્ક શેરી નંબર-૧૩ માં રહેતા ૨૩ વર્ષીય ઈમિટેશનના ધંધાર્થી અરજુનભાઈ જોધાભાઈ મોઢવાડીયાએ બી ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અશોક પંડ્યા અને સચિન પંડ્યાનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૨૮/ ૦૬/૨૦૨૫ ના રાત્રીના સાડા અગ્યાર વાગ્યે હું તથા મારો મિત્ર દેવ ગઢવી એકટીવા લઈ બહાર આટો મારવા માટે નીકળેલ હતા. ત્યારે ઉજવલ સોસાયટી શેરી નં.૦૧ મા પહોચેલ ત્યારે મારો મિત્ર નરેન્દ્રસિંહ તેના ઘર પાસે ઉભેલ હોય તેથી હુ તેની પાસે ઉભો રહેલ હતો. હું મિત્ર સાથે વાતચીત કરતો હતો ત્યારે તેની બાજુમાં રહેતા સચીનના પત્નિ રીધ્ધી સાથે મારી અગાઉ મીત્રતા હોય તે બાબતનો ખાર રાખી તેના સસરા અશોક પંડયા મારી પાસે આવેલ અને કહેલ કે, તને અમારી શેરીમાથી નીકળવાની ના પાડેલ છે તો તુ કેમ અહી ઉભેલ છો. જેથી મે કહેલ કે, હુ તો મારા મિત્ર નરેન્દ્રસિંહ પાસે ઉભેલ છુ. તેમ કહેતા તે ઉશ્કેરાઈ ગયેલ અને મને ગાળો દેવા લાગેલ હતો. જેથી મે તેને એક થપ્પડ મારી દીધેલ હતો. જેથી શેરીમાં દેકારો થતા તેનો દિકરો સચીન પંડયા પણ આવી ગયેલ અને તેની પાસે રહેલ પાઈપ મને કપાળની ડાબી બાજુના ભાગે મારી દીધેલ હતો. હુમલાને પગલે સ્થાનિકો ભેગા થઈ ગયેલ હોય તેમણે મને વધુ મારથી બચાવેલ હતો. બાદમાં મારો મિત્ર સંદીપ ચૌહાણ આવી જતાં તેણે ૧૦૮ એમ્બયુલન્સમાં બેસાડી મને સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યો હતો. જ્યાને કપાળના ભાગે પાંચ ટાકા આવેલ હતા. બાદમાં યુવાને હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ નોંધાવતા બી ડિવિઝન પોલીસે પિતા-પુત્ર વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મિનરલ વોટર બોટલીંગ કંપનીના શ્રમિકનો ગળે ફાંસો ખાઈ આપઘાત

## ઝારખંડથી રોજી માટે રાજકોટમાં વસેલા કાશીરામ ઘણા દિવસોથી રહેતો.. ગુમ સુમ

**અબતક, રાજકોટ**

શહેરના રોઝી કમાવા આવેલા ઝારખંડના શ્રમજીવી યુવાને કારખાનામાં જ ગળે ફાંસો ખાઈ લઈ જીવા દોરી ટુકાવી લીધા નો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.

આ આગે પ્રાપ્ત વિગત મુજબ માલવિયા નગર પોલીસ મથક ની હદમાં આવેલ વોટર બોટલ ફીલિંગ ના કારખાનામાં કામ કરતા અને ઝારખંડના વતની ઘાસીરામ રઘુનાથ ગોપેડ઼ એ ગઈકાલે કારખાનાની ગળે ફાંસો ખાઈ જીવા દોરી ટુકાવી લીધી હતી, આ અંગે તપાસ ચલાવી રહેલા પોલીસ કર્મચારીએ,વી ચાવડા એ હાથ ધરેલી પ્રાથમિક તપાસમાં મરનાર ઘાશીરામ થોડા સમય પહેલા જ ઝારખંડથી રાજકોટ આવ્યું હોય અને છેલ્લા કેટલાક સમયથી તે ગુમશુમ રહેતો હોય અગમ કારણસર ગઈકાલે આ પગલું ભરી લીધું હતું. આ અંગે માલવિયા નગર પોલીસે તપાસ કરી રહી છે

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૩૫૮ | ૧૦૦ | ૬૫૦ |
| બટેટા | ૩૮૪૦ | ૧૮૦ | ૩૬૧ |
| ડુંગળી સુકી | ૨૭૨૪ | ૧૧૧ | ૩૨૫ |
| ટમેટા | ૧૭૪૯ | ૩૦૦ | ૫૫૦ |
| સુરણ | ૭૭ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| કોથમરી | ૪૬૯ | ૬૦૦ | ૧૨૦૦ |
| રીંગણા | ૪૨૯ | ૩૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૫૭૦ | ૨૦૦ | ૩૦૦ |
| ફલાવર | ૫૬૦ | ૩૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૫૭૨ | ૭૫૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૪૩૮ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૫૩ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ટીંડોળા | ૯૦ | ૫૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૫૩૭ | ૩૦૦ | ૬૦૦ |
| કારેલા | ૩૧૭ | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૬૦ | ૨૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૨૬૭ | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૬૬ | ૪૦૦ | ૭૦૦ |
| કાકડી | ૩૭૦ | ૮૦૦ | ૧૨૫૦ |
| ગાજર | ૩૮૫ | ૪૦૦ | ૬૫૦ |
| ગલકા | ૩૫૦ | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૮ | ૩૩૦ | ૫૨૦ |
| મેથી | ૫૩ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૩૫ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| આદુ | ૨૪૩ | ૬૫૦ | ૮૫૦ |
| મરચા લીલા | ૪૬૭ | ૮૦૦ | ૧૦૦૦ |
| મકાઈ લીલી | ૨૫૦ | ૨૦૦ | ૪૨૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૫૦૦ | ૧૩૦૦ | ૧૬૫૮ |
| ઘઉં લોકવન | ૩૬૦ | ૪૯૨ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૨૮૦૦ | ૪૯૬ | ૫૬૪ |
| જુવાર સફેદ | ૨૩૦ | ૬૫૦ | ૮૦૦ |
| જુવાર લાલ | ૧૪ | ૬૫૦ | ૮૮૦ |
| જુવાર પીળી | ૫ | ૩૫૦ | ૪૫૦ |
| બાજરી | ૨૧૦ | ૩૯૦ | ૪૩૩ |
| તુવેર | ૯૦૦ | ૧૦૯૫ | ૧૩૨૪ |
| ચણા પીળા | ૧૬૦૦ | ૯૭૫ | ૧૧૧૦ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૧૩૨૦ | ૨૦૦૦ |
| અડદ | ૩૦૦ | ૧૧૭૬ | ૧૪૨૨ |
| મગ | ૦ | ૧૩૧૦ | ૧૬૦૧ |
| વાલ દેશી | ૭૦ | ૫૦૦ | ૧૦૭૬ |
| ચોળી | ૬૦૦ | ૧૩૧૧ | ૧૯૫૦ |
| મઠ | ૫૦ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૦૫ | ૧૬૮૦ | ૨૨૩૦ |
| રાજમા | ૯૫ | ૧૦૦૦ | ૧૪૬૮ |
| સીંગદાણા | ૭૫ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૪૧૦ | ૯૪૦ | ૧૧૫૦ |
| મગફળી જીણી નવી | ૫૧૦ | ૯૬૫ | ૧૨૦૦ |
| તલી | ૦ | ૧૪૦૦ | ૨૦૭૦ |
| એરંડા | ૨૦૫ | ૧૨૫૦ | ૧૩૨૭ |
| અજમો | ૪૦ | ૯૦૦ | ૧૪૮૦ |
| સુવા | ૪ | ૯૦૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૪૦૦ | ૭૫૦ | ૮૩૦ |
| સીંગફાડા | ૨૦૮૦ | ૧૦૩૦ | ૧૩૩૫ |
| કાળા તલ | ૧૪૦૦ | ૨૬૫૦ | ૩૪૭૬ |
| લસણ | ૬૫૦ | ૮૫૦ | ૧૩૫૦ |
| ધાણા | ૩૦૦ | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ધાણી | ૫૦૦ | ૧૧૧૦ | ૧૫૦૦ |
| વરીયાળી | ૭૦ | ૮૦૦ | ૧૨૮૨ |
| જીરૂ | ૬૦૦ | ૩૫૫૦ | ૪૦૦૦ |
| રાય | ૮૦ | ૧૧૮૦ | ૧૪૦૦ |
| મેથી | ૭૦૦ | ૮૦૦ | ૧૨૪૦ |
| ઈસબગુલ | ૩ | ૯૦૦ | ૧૩૩૫ |
| કલોંજી | ૫૦ | ૨૬૭૦ | ૩૯૯૯ |
| રાયડો | ૧૩૦ | ૧૧૩૦ | ૧૨૩૫ |
| રજકાનું બી | ૬૦ | ૪૪૦૦ | ૫૮૦૦ |
| ગુવારનું બી | ૧૫૦ | ૯૩૫ | ૯૮૫ |

# વેલનાથ ચોક નજીક રહેણાંક મકાનમાંથી જુગાર રમતા છ ખેલીઓ ઝડપાયા

## રૂ.૧૨૬૫૦ની રોકડ ઝબ્બેઃ થોરાળા પોલીસનો દરોડો

**અબતક, રાજકોટ**

શહેરના વેલનાથ ચોક નજીક આવેલ રહેણાંક મકાનમાં જુગટુ ખેલતા મહિલા સહિત છ ખેલીઓને થોરાળા પોલીસની ટીમે રૂ.૧૨૬૫૦ ની રોકડ સાથે ઝડપી પાડ્યા છે.

જુગારના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર થોરાળા પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ગુજરાત હાઉસિંગ બોર્ડ પાસે પહોંચતા હેડ કોન્સ્ટેબલ ઈમરાનભાઈ, નિલેશભાઈ જમોડ અને ગોકુળભાઈને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે, ગુજરાત હાઉસિંગ બોર્ડ પાણીના ટાંકા સામે વેલનાથ ચોક નજીક શબાનાબેન ઈકબાલભાઈ વિરાણીના મકાનમાં જુગારનો અખાડો ચાલી રહ્યો છે. જે બાતમીના આધારે પોલીસે પંચોને હાજર રાખી સબાનાબેન વિરાણીના મકાન ખાતે દરોડો પાડતા સબાનાબેન ઈકબાલભાઈ વિરાણી (ઉવ ૬૬), રાજુભાઈ જીગરભાઈ સોરાણી (ઉ.વ.૫૨ રહે લાઈટ હાઉસ વિંગ ૦૬, બ્લોક નંબર ૫૦૮, પરશુરામ મંદિર પાસે, રૈયા રોડ, રાજકોટ), હિતેશ શાહબુદ્દીનભાઈ લાખાણી (ઉ.વ.૪૮ રહે મારુતિનગર સોસાયટી શેરી નંબર ૨, પેડક રોડ, રાજકોટ), મનસુરઅલી માધવજીભાઈ હેમનાણી (ઉ.વ. ૬૯ રહે. નીલકંઠ પાર્ક શેરી નંબર-૩, જંગલેશ્વર, રાજકોટ) સાયરોજભાઈ સદરૂદ્દીનભાઈ હેમનાણી (ઉવ ૪૯ રહે. હુડકો કવાર્ટર નંબર-૧૩, માર્કેટિંગ યાર્ડ, રાજકોટ) અને મિતેશ ગીરીશભાઈ મહેતા (ઉ.વ. ૩૦ રહે હુડકો કવાર્ટર નંબર ૬૦, શ્રી રામપાર્ક સોસાયટી, માર્કેટિંગ યાર્ડ, રાજકોટ)ની કુલ રોકડ રૂ.૧૨૬૫૦ સાથે દબોચી લેવામાં આવ્યા હતા.

# ખોડીયારનગર મકાનમાંથી ૩૬ બોટલ દારૂ ઝડપાયો, મહિલા ફરાર

## થોરાળા પોલીસે દરોડો પાડી ૬૦૦૦નો મુદ્દામાલ કબજે

**અબતક, રાજકોટ**

શહેરના આજી વસાત વિસ્તારમાં આવેલ ખોડીયાર નગર શેરી નંબર ત્રણ /ચાર ના ખૂણે રહેતી મહિલાના મકાનમાં થોરાળા પોલીસે દરોડો પાડી ૬,૦૦૦ ની કિંમત નો ૩૬ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડી નાશી છૂટેલી શિલ્પાબેન મીયાત્રા ને ઝડપી લેવા દોડધામ આદરી છે. વધુ વિગત મુજબ શહેરમાં દારૂ અને જુગારની બધી ડામી દેવા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા એ આપેલી સૂચનાને પગલે થોરાળા પોલીસ મથકના પીઆઈ એનજી વાઘેલા સહિતના સ્ટાફે પેટ્રોલિંગમાં હાથ ધર્યું હતું ત્યારે શહેરના આજી વસાહત વિસ્તારમાં આવેલ ખોડીયાર નગર શેરી નંબર ત્રણ /ચાર ના ખૂણે રહેતા શિલ્પાબેન વલ્લભભાઈ મિયાત્રા નામની મહિલાએ પોતાના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની કોન્સ્ટેબલ પ્રતાપભાઈ કરપડાને મળેલી બાતમીના આધારે પી.એસ.આઈ એ પી રતન અને એએસઆઈ એમ એ સોલંકી સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન મકાનમાં છુપાવેલો રૂપિયા ૬,૦૦૦ ની કિંમતને ૩૬ બોટલ દારૂ નો જથ્થો કબજે કર્યો છે. દરોડા ની ગંધ આવી જતા શિલ્પાબેન મિયાત્રા નાસિ જવાના સફળ રહ્યા છે.

# અરવિંદભાઈ મણીયાર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા કાલે મેગા નિ:શુલ્ક આરોગ્ય કેમ્પ

**અબતક, રાજકોટ**

અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા આવતીકાલે સવારે ૯:૦૦ થી ૧:૦૦ હોટલ પેટ્રીયા સ્યુટસ, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે (નિ:શુલ્ક) આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં દંતવેધ ભરતભાઈ વ્યાસ દ્વારા પૌરાણિક જલંધરબંધ યોગપદ્ધતિ દ્વારા દંતને લગતી સમસ્યાઓનું નિદાન અને સારવાર કરવામાં આવશે, પ્રાણીક હિલિંગ થેરાપી દ્વારા મહેન્દ્રભાઈ મે સારવાર આપશે.આ ઉપરાંત ડો મહેશભાઈ ચાવડા સુજોક થેરાપી દ્વારા સાંધા ના દુખાવા અને સ્નાયુ ના દુખાવા હાથના પંજામાં ચોક્કસ જગ્યાએ દબાણ છ્શાલદ્ય આપી શરીરના દુખાવા દૂર કરશે.આ ઉપરાંત ટીમેક્ષ ફાઉડેશન દ્વારા વિનામૂલ્યે કાસ્યમસાજ થેરાપી મનસુખભાઈ સરવૈયા આપશે. આવશે. અરવિંદભાઈ વાળા દ્વારા ફિઝિયોથેરાપી સારવાર આપવામાં આવશે. સી. કે. લાઠીયા ટેરાહર્ટઝ થેરાપી ની સેવા આપશે. બી.પી, ડાયાબિટસ નો રિપોર્ટ સેલસ હોસ્પિટલની ટીમ દ્વારા કરવામાં આવશે. સાઈટીકા, ગોઠણ ના દુ:ખાવા,સર્વાઈકલ સ્પોનડીલાઈટીસ વગેરે સ્નાયુના દુ:ખાવાની સારવાર સુજોક થેરાપી દ્વારા કાજલબેન હરીયા આપશે. આ ઉપરાંત ચિંતા, તણાવ, ડિપ્રેશન, પર્સનાલિટી જેવી મેન્ટલ હેલ્થ ને લગતી બાબતોના નિદાન માટે પ્રિતી રાઠોડ સેવા આપશે.

આ કેમ્પ નો લાભ બહોળી સંખ્યામાં લેવા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો.વલ્લભભાઈ કથીરિયા તેમજ ટ્રસ્ટી મંડળ અને ટ્રસ્ટના કાર્યકર્તાઓએ અપીલ કરી છે. આ નિ:શુલ્ક કેમ્પને સફળ બનાવવા ટ્રસ્ટનાં ટ્રસ્ટી મંડળ સાથે ટ્રસ્ટનાં કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે. વધુ માહિતી માટે ૯૭૨૩૮ ૨૩૩૦૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# સોમૈયા પરિવાર દ્વારા થેલેસેમિયા પીડિત બાળકોને ફુલસ્કેપ ચોપડાનું વિતરણ કરાયું

**અબતક, રાજકોટ**

રાજકોટના સેવાભાવી ધર્મપરાયણ રઘુવંશી પરિવારના અંકિત એસ્ટેટ વાળા દિલીપભાઈ યોગેશભાઈ આશિષભાઈ અંકિતભાઈ સોમૈયાના માતા કમળાબેન પ્રભુદાસભાઈ સોમૈયા તરફથી લોહીના વારસાગત રોગ થેલેસેમીયાનો ભોગ બનેલ અને રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર લેતા થેલેસેમીયા પીડિત ૩૪૦ જેટલા બાળકોને ફૂલસ્કેપ ચોપડાનું વિવેકાનંદ યુથ કલબ પ્રેરિત થેલેસેમીયા જનજાગૃતિ અભિયાન સમિતિના સહયોગથી વિતરણ કરવામાં આવ્યું હતુ. સોમૈયા પરિવારના આ સેવાકાર્યમાં વિવેકાનંદ યુથ કલબના અનુપમ દોશી, પંકજ રૂપારેલિયા, જયેન્દ્રભાઈ મહેતા, હસુભાઈ શાહ, વિપુલભાઈ ભટ્ટ, ઉમાબેન વગેરે સહભાગી બનેલ અને દાતા સોમૈયા પરિવારનો આભાર માનેલ. અત્રે ઉલ્લેખનીય છે કે, સોમૈયા પરિવાર દ્વારા દર વર્ષે થેલેસેમીયા પીડિત બાળકોને ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવે છે.

# કોણ બનશે ગુજરાતના નવા ડીજીપી?: આજે ફેંસલો

## વર્તમાન રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયને એક્સટેન્શન અપાશે કે અન્ય કોઈ અધિકારી પર કળશ ઢોળાશે? : જબરૂ સસ્પેન્સ

### ડીજીપીની રેસમાં અમદાવાદ સીપી જી એસ મલિક, જેલવડા કે.એલ.એન.રાવનું નામ મોખરે



**અબતક, રાજકોટ**

રાજ્ય પોલીસવડા વિકાસ સહાય આજે વય નિવૃત થઈ રહ્યા છે ત્યારે આજે રાજ્યને નવા ડીજીપી મળે તેવી પ્રબળ શક્યતા છે. એકતરફ વિકાસ સહાયને હાલ એક્સટેંશન આપવામાં આવે અથવા તેમના સ્થાને રાજકોટના તત્કાલીન પોલીસ કમિશ્નરને ત્રણેક માસ માટે ચાર્જ સોંપી દેવાય તેવી અટકળો છે. જયારે બીજી બાજુ રાજ્યને કાયમી ડીજીપી મળે તો અમદાવાદ પોલીસ કમિશ્નર જી એસ મલિક અને જેલ વડા કે એલ એન રાવનું નામ મોખરે ચાલી રહ્યું છે. નવા ડીજીપીની ઘોષણા આજે



થઈ જશે. જો કે, જાહેરાત પૂર્વે પોલીસબેડામાં જબરું સસ્પેન્સ જોવા મળી રહ્યું છે.

રાજ્યના પોલીસ વડા તરીકે ૧ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ચાર્જ સંભાળ્યા બાદ આશરે અઢી વર્ષ સુધી સેવા આપ્યા પછી આજે વિકાસ સહાય વય નિવૃત થઈ રહ્યા છે. ત્યારે હવે નવા ડીજીપી કોણ બનશે તે અંગે જબરું સસ્પેન્સ અને અઢળક અટકળો વહેતી થઈ છે. એકતરફ એવુ મનાઈ રહ્યું છે કે, વિકાસ સહાયને વધુ ત્રણ કે છ માસનું એક્સટેંશન આપી દેવામાં આવશે. જયારે બીજી બાજુ એવુ પણ ચર્ચાઈ રહ્યું છે કે, એસએમસીએ સીઆઈડી ક્રાઈમ કચેરીમાં દરોડો પાડ્યા બાદ પોલીસ તંત્રમાં રહેલી ખેંચતાણ સપાટીએ આવતા વિકાસ સહાયને એક્સટેંશન આપવામાં આવશે નહિ.

હવે જો વિકાસ સહાયને ડીજીપી તરીકે એક્સટેંશન

(અનુ. આઠમા પાને)

### ડીજીપીના નામની જાહેરાત બાદ IPS ની બદલીનો આદેશ જાહેર કરાય તેવી વકી

આજે ડીજીપીના નામની જાહેરાત થયાં બાદ છેલ્લા ઘણા સમયથી પાછળ ઠેલાતી આઈપીએસની બદલી અંગે નિર્ણય જાહેર કરી શકાય તેમ છે તેવું ઉચ્ચ પોલીસ બેડામાં ચર્ચાઈ રહ્યું છે. રાજ્યના ૨૦ જેટલાં આઈપીએસ બદલીની રાહમાં છે ત્યારે ગત સપ્તાહે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહની ત્રણ દિવસનું ગુજરાત રોકાણ સૂચક છે કે, ટૂંકા સમયગાળામાં આઈપીએસની બદલીનો આદેશ થઈ શકે તેમ છે.

### રાજકોટના તત્કાલિન પોલીસ કમિશનર મનોજ અગ્રવાલને ચાર્જ સોંપી હાલ પૂરતું કામ ચલાવી લેવામાં આવે તો પણ નવાઈ નહિ

# કટોકટીના સમયે સોશિયલ મીડિયાએ ગુજરાતમાં રંગ રાખ્યો: સરકાર

### ફરીયાદ નિવારણ અને જરૂરી સમયે તાત્કાલિક સંદેશો પહોંચાડવા માટે સોશિયલ મીડિયાનો સરકાર વ્યાપક ઉપયોગ કરી રહી છે

**અબતક, ગાંધીનગર**

ફરિયાદ નિવારણ માટે સરકારી એજન્સીઓ દ્વારા સોશિયલ મીડિયાનો વ્યાપકપણે ઉપયોગ થઈ રહ્યો છે અને તે કટોકટી સંદેશાવ્યવહાર માટે એક મહત્વપૂર્ણ સાધન છે. તેમ આજે 30 જૂનના રોજ ઉજવાતા વિશ્વ સોશિયલ મીડિયા દિવસની પૂર્વસંધ્યાએ રાજ્ય સરકારે જણાવ્યું હતું.

એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ગુજરાત પોલીસ, ગુજરાત પોલીસ સોશિયલ મીડિયા મોનિટરિંગ, અવેરનેસ એન્ડ સિસ્ટમેટિક હેન્ડલિંગ અને ગુજરાત સાયબર ક્રાઈમ સેલ - સાયબર દોસ્તના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ગુમ થયેલા વ્યકિતઓથી લઈને ઓનલાઈન કૌભાંડો સુધીના મુદ્દાઓનો તાત્કાલિક જવાબ આપે છે. આ પ્લેટફોર્મ માત્ર સુલભ જ નથી પણ માનવીય પણ છે, જે નાગરિકો અને રાજ્ય તંત્ર વચ્ચે વિશ્વાસ અને જવાબદારીને પ્રોત્સાહન આપે છે, એમ નિવેદનમાં જણાવાયું છે.

યુદ્ધ જેવી પરિસ્થિતિ, ભારે વરસાદ અને રોડ નેટવર્કમાં વિક્ષેપ જેવા કટોકટીના ઉદાહરણો ટાંકીને, રાજ્યએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા સંચાલિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ કટોકટી સંદેશાવ્યવહાર માટે મહત્વપૂર્ણ સાધનો તરીકે ઉભરી આવ્યા છે, જે કટોકટીના

(અનુ. આઠમા પાને)

# ભાજપ સંગઠન માળખાની રચના માટે ટૂંક સમયમાં ગાઈડ લાઈન જાહેર કરાશે

### શહેર અને જિલ્લામાં મહામંત્રીની ત્રણ જગ્યાઓ માટે ત્રણ-ત્રણ નામોની પેનલ બનાવાશે: કેટલાક નિયમો પણ રખાશે

**અબતક, રાજકોટ**

ગ્રામ પંચાયતની ચૂંટણી અને વિધાનસભાની બે બેઠકોની પેટા ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. પક્ષના મોટાભાગના કાર્યક્રમો પણ આજે પૂર્ણ થઈ જશે. દરમિયાન શહેર અને જિલ્લાના સંગઠન માળખાની રચના પ્રક્રિયા હાથ પર લેવાશે સંગઠન માળખામાં હોદેદારોની નિયુકતી માટે આજે પ્રદેશ ભાજપ દ્વારા માર્ગદર્શીકા જાહેર કરી દેવામાં આવે તેવી શકયતા જણાય રહી છે. જોકે નિયુકતી નવા પ્રદેશ ભાજપની વરણી બાદ કરવામાં આવશે.

ભાજપ દ્વારા પ્રથમવાર શહેર અને જિલ્લા ભાજપની પ્રમુખની વરણી માટે દાવેદારોના ઉમેદવારી ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા. નિરીક્ષકોને મોકલી સેન્સ પણ લેવાય હતી પ્રમુખ પદ માટે સાત મહત્વપૂર્ણ નિયમો પણ બનાવવામા આવ્યા હતા જોકે એ વાત અલગ છે કે રાજકોટ સહિત કેટલાક શહેર અને જિલ્લામાં ફોર્મ નહી ભરનાર પક્ષના આગેવાનોને પ્રમુખ પદે બેસાડી દેવામાં આવ્યા હતા. જિલ્લા અને શહેર પ્રમુખની વરણીને ઘણો સમય પ્રસાર થઈ ગયો છે. હવે પક્ષના મોટાભાગના કાર્યક્રમો પૂર્ણ થઈ ગયા છે. આ ઉપરાંત ગ્રામ પંચાયતની ચૂંટણી અને વિધાનસભાની બે બેઠકોની પેટા ચૂંટણીના પરિણામો પણ આવી ગયા છે.આવામાં પક્ષ દ્વારા હવે જિલ્લા અને મહાનગરોમાં સંગઠન માળખાની રચનાની કાર્યવાહી હાથ પર લેવામા આવશે. આજે ભાજપ હાઈકમાન્ડ દ્વારા નવી ગાઈડલાઈન જાહેર કરવામાં આવશે.

સંગઠન માળખામાં પ્રમુખ બાદ મહામંત્રીની જગ્યા સૌથી વધુ મહત્વપૂર્ણ હોય છે. હાલ ભાજપમાં પક્ષના બંધારણ મુજબ જિલ્લા અને શહેરમાં ત્રણ ત્રણ મહામંત્રીની જગ્યાઓ હોય છે. જેના માટે હવે ભાજપ દ્વારા ગમે ત્યારે ગાઈડલાઈન જાહેર કરવામાં આવશે. મહામંત્રીની જગ્યાઓ માટે ત્રણ ત્રણ નામની પેનલ બનાવવામા આવશે.જેમાં એક વર્તમાન મહામંત્રી ઉપરાંત બે અન્ય આગેવાનોના નામોનો સમાવેશ કરવામાં આવશે. ચૂંટાયેલા જનપ્રતિનિધિ કે અગાઉ બે ટર્મ મહામંત્રી રહી ચૂકેલા નેતાને મહામંત્રી બનાવવામાં ન આવે તેવી શકયતા પણ નકારી શકાતી નથી.

ગત વર્ષ યોજાયેલી લોકસભાની ચૂંટણી બાદ ગુજરાત સહિત દેશભરમાં ભાજપમાં સંગઠનને લઈ જબરી ગડમથલ ચાલી રહી છે. રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાના સ્થાને નવા રાષ્ટ્રીય અધ્યક્ષની નિયુકતીની પ્રક્રિયા સતત ટલ્લે ચડી રહી છે. જયારે સી.આર. પાટીલના સ્થાને પ્રદેશ પ્રમુખની નિમણુંક કરી શકાતી નથી. ગુજરાતમાં અલગ અલગ જિલ્લા અને શહેરના પ્રમુખના નામ જાહેર કરાયાના મહિનાઓ વિતી ગયા બાદ હજી સુધી સંગઠન માળખું જાહેર કરી શકાયું નથી. રાજકોટ

(અનુ. આઠમા પાને)

# અમદાવાદ હાઈવે પર ક્રિષ્ના વોટરપાર્ક પાસેથી રૂ.૫૬.૪૩ લાખનો દારૂ ભરેલો ટ્રક ઝડપાયો

- વેસ્ટ ટાયરના જથ્થામાં છુપાવી દમણના આલોક નામના શખ્સે ભિલાડ ચેક પોસ્ટ પાસેથી દારૂ ભરેલ ટ્રક ઘંટેશ્વરમાં રહેતાં મૂળ યુપીના શખ્સને આપ્યાનો ખુલાસો
- શરાબની ૧૮૨૮૮ બોટલ, ટ્રક, મોબાઈલ મળી કુલ રૂ.૭૧.૬૩ લાખના મુદ્દામાલ સાથે ડ્રાયવર-ક્લિનરની ધરપકડ : સપ્લાયર - રીસીવરની શોધખોળ
- ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ વનરાજસિંહ ડોડીયા ટીમનો સપાટો: એએસઆઈ અમીતકુમાર અગ્રાવત, હેડ કોન્સ્ટેબલ રાજેશ જળુ, દિપક ચૌહાણ, અને કોન્સ્ટેબલ વિશાલ દવેની બાતમી



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ ક્રિષ્ના વોટર પાર્ક પાસેથી વેસ્ટ ટાયરની આડમાં છુપાવેલ રૂ.૫૬.૪૩ લાખનો દારૂ પકડી પાડ્યો હતો. દમણના આલોક નામના શખ્સે ભિલાડ ચેક પોસ્ટ પાસેથી દારૂ ભરેલ ટ્રક ઘંટેશ્વરમાં રહેતાં મૂળ યુપીના શખ્સને આપ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચની ટીમે દારૂની ૧૮૨૮૮ બોટલ, ટ્રક મળી કુલ રૂ.૭૧.૬૩ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી સપ્લાયર અને રીસીવરની શોધખોળ આદરી હતી.

દરોડાની વિગત મુજબ, પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસીયા દ્વારા દારૂ-જુગારની બદી સામે સખત કાર્યવાહી કરવાની આપેલ સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર અને ચિરાગ જાદવની રાહબરિમાં પીએસઆઈ વી.ડી.ડોડીયા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે એએસઆઈ અમીતકુમાર અગ્રાવત, હેડ કોન્સ્ટેબલ જયરાજ કોટીલા, રાજેશ જળુ, દિપક ચૌહાણ, દિલીપ બોરીચા અને કોન્સ્ટેબલ વિશાલ દવેને એક અશોક લેલન્ડ ટ્રક નં. જીજે-૦૩-બીવાય-૩૬૧૫ ચોટીલા તરફથી રાજકોટ તરફ આવે છે જે ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલ છે તેવી સયુંકત ચોકકસ બાતમી મળતાં સ્ટાફ રાજકોટ-અમદાવાદ હાઈવે, ક્રિષ્ના વોટર પાર્કની સામે હાઈવે ઉપર વાહનોની આડશ ઉભી કરી વોચમાં હતાં ત્યારે જીજે-૦૩-બીવાય-૩૬૧૫ ત્યાંથી પસાર થતાં તેને અટકાવી તપાસ કરતાં ટ્રકમાં ડ્રાઈવર કેબીનમાં ડ્રાઈવીંગ સીટ અને કલીનર સીટમાં કુલ બે શખ્સો બેસેલ હતાં.

ક્રાઈમ બ્રાન્ચની ટીમે બંને શખ્સોના નામ પૂછતા ડ્રાઈવરે પોતાનું નામ વિશાલસીંગ સુનીલસીંગ રાજપુત (ઉ.વ.૩૦, રહે- ઘંટેશ્વર, એસ.આર.પી. ગ્રુપ

(અનુ. આઠમા પાને)

# જન જનના સોમનાથ: શિવભકતોને ઘરબેઠાં મળશે રૂદ્રાક્ષ, નમન અને ભસ્મનો પ્રસાદ

### શ્રાવણ માસમાં ભાવિકો ઘેર બેઠા માત્ર રૂ. ૨૫ માં ઓનલાઈન બિલ્વપૂજાનો લાભ લઈ શકશે

**અબતક,**
**અતુલ કોટેચા, સોમનાથ**

પ્રથમ જયોતિલીંગ એવા સોમનાથ મહાદેવની શિવભકતો આ વર્ષ પણ પવિત્ર શ્રાવણ માસમાં માત્ર રૂ. ૨૫માં બિલ્વ પુજા કરી શકશે. ભકતોને તેઓના ઘરના સરનામે રૂદ્રાક્ષ, નમન અને ભસ્મનો પ્રસાદ મોકલવામાં આવશે.

શિવ ભકતો માટે વર્ષના સૌથી મોટા ઉત્સવ એવા શ્રાવણ રુપી ૩૦ દિવસિય શિવોત્સવ દરમિયાન શ્રી સોમનાથ મહાદેવ પર પ્રતિદિન લાખો બિલ્વપત્રો અર્પણ કરવામાં આવનાર છે. ત્યારે દેશભરમાંથી ભક્તોને સોમનાથ દાદાની બિલ્વ પૂજાનો લાભ મળે તે માટે ‘‘જન જનના સોમનાથ‘‘ ના ધ્યેય વાક્યને લઈ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્રત્યેક ભક્ત નોંધાવી શકે તેવી સરળ પૂજા સ્વરૂપે છેલ્લા બે વર્ષથી રૂ. ૨૫ બિલ્વ પૂજા સેવાનો પ્રારંભ કરાયો છે. વિશેષ શ્રાવણ અને મહાશિવરાત્રી પર શરૂ થતી આ પૂજાને શ્રાવણ ૨૦૨૫ માટે ટ્રસ્ટના ટ્રસ્ટી જે ડી પરમાર દ્વારા પ્રારંભ કરવામાં આવી હતી.



આ પૂજામાં આપેલા કયુ.આર. કોડ તથા ટ્રસ્ટ ની વેબસાઈટ https://somnath.org/BilvaPooja/Shravan પરથી ભક્તો બિલ્વ પૂજા ઘરેબેઠા નોંધાવી શકશે. અને આ બિલ્વાર્ચન સોમનાથ મહાદેવ ને પૂજારી દ્વારા કરવામાં આવશે.

શાસ્ત્રોમાં શિવજીને બિલ્વપત્ર અર્પણ કરવાનો મહિમા જણાવતા કેહવાયુ છે કે શિવજીને ત્રણ પર્ણ વાળું બીલીપત્ર અર્પણ કરવાથી ત્રણ જન્મોના પાપો નાશ પામે છે.

(અનુ. આઠમા પાને)

# રાજયના ૧૯ જળાશયો હાઈએલર્ટ ઉપર: ૧૩ ડેમ એલર્ટ પર

### આઠ જળાશયોમાં નવા નીરની આવક

**અબતક, રાજકોટ**

રાજયમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૮૯ તાલુકાઓમાં વરસાદ વરસી ગયો છે. જળાશયોમાં પણ નવા નીરની સતત આવક થઈ રહી છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં ૪૯ ટકાથી પણ વધુ પાણી સંગ્રહિત છે આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન આઠ ડેમમાં નવા નીરની આવક થવા પામી છે. રાજ્યના ૧૯ જળાશયોને હાલ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. જયારે ૧૩ ડેમ એલર્ટ પર મૂકાયા છે. ૧૪ ડેમ વોર્નિંગ પર છે. ૧૩ જળાશયો ૧૦૦ ટકા ભરાય ગયા છે. જયારે ૩૩ જળાશયોમાં હાલ ૭૦ થી લઈ ૧૦૦ ટકા સુધી પાણી સંગ્રહિત છે. ૩૪ ડેમ ૫૦ થી ૭૦ ટકા સુધી ભરાયેલા છે. જયારે ૫૯ ડેમમાં ૨૫ થી ૫૦ ટકા સુધી પાણી છે. ૨૫ ટકાથી ઓછુ પાણી હોય તેવા ડેમની સંખ્યા ૬૭ છે.

આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન આજી-૩ ડેમમાં નવુ ૦.૫૯ ફૂટ મચ્છુ-૧ ડેમમાં નવુ ૦.૨૩ ફૂટ, મચ્છુ-૨ ડેમમાં ૦.૩૦ ફૂટ, બ્રાહ્મણી -૨ ડેમમાં ૦.૪૦ ફૂટ, ફુલઝર (કોબા)માં ૦.૧૦ ફૂટ, ત્રિવેણી ઠાંગામાં ૦.૬૬ ફૂટ, અને સોરઠી ડેમમાં નવુ ૦.૪૯ ફૂટ પાણી આવ્યું છે.

રાજયમાં જૂન માસમાં સંતોષકારક વરસાદ વરસી ગયો છે. જેના કારણે જળાશયોમાં માતબર પાણીની આવક થવા પામી છે. રાજયભરમાં જળ સંકટ જૂન માસમાં જ હલ થઈ ગયું છે. અનેક જળાશયો એવા છે જેના ફૂલ લેવલ જાળવી રાખવા માટે દરવાજા ખોલી પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે.વાવણી લાયક વરસાદ વરસી ગયો છે અને જળાશયોમાં પણ પાણી હિલોળા લઈ રહ્યું છે.જેનાથી ખેડૂતોમાં ભારે રાજીપી વ્યાપી ગયો છે.

# ભાવનગર જિલ્લામાં સૌથી વધુ ૫૦.૧૧ ટકા, પાટણ જિલ્લામાં સૌથી ઓછો ૧૧.૬ ટકા વરસાદ

### છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૮૯ તાલુકામાં વરસાદ:સૌથી વધુ મહેસાણાના કડીમાં ૪ ઈંચ વરસા. નોંધાયો: સુરેન્દ્રનગરના દસાડા, પોરબંદરના રાણાવાવમાં એક-એક ઈંચ વરસાદ

**અબતક, રાજકોટ**

રાજ્યમાં જૂન મહિનામાં જ સિઝનનો ૩૨ ટકા વરસાદ વરસી ચુક્યો છે જેમાં ભાવનગરમાં સૌથી વધુ ૫૦.૧૧ ટકા અને પાટણમાં સૌથી ઓછો ૧૧.૬ ટકા વરસાદ વરસ્યો છે. ગુજરાત પર વરસાદ લાવતી હાલ ૨ સિસ્ટમ સક્રિય છે. બંગાળની ખાડીમાં એક લો પ્રેશર એરિયા સર્જાયું છે તો સૌરાષ્ટ્ર પર એક સિસ્ટમ એક્ટિવ છે. જેના કારણે ગુજરાતમાં અવિરત ક્યાંક ભારે તો ક્યાંક સામાન્ય વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકની સ્થિતિ વિશે વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૯ તાલુકામાં મેઘરાજા મનમુકીને વરસ્યા છે. સૌથી વધુ મહેસાણાના કડીમાં ૪ ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં ૧૬ જૂનથી સત્તાવાર ચોમાસાનો પ્રારંભ થયો છે. ચાલુ વર્ષે ૨૯ જૂન સુધીમાં ચોમાસાની સીઝનનો ૧૧ ઈંચ વરસાદ એટલે કે સીઝનનો સરેરાશ ૩૨.૭૩ ટકા વરસાદ વરસ્યો હતો. છેલ્લા ૧૦ વર્ષમાં જૂનમાં નોંધાયેલા વરસાદમાં આ સૌથી વધુ વરસાદ છે. ચોમાસામાં અત્યાર સુધી વરસેલા વરસાદની વાત કરીએ તો કચ્છ ઝોનમાં સીઝનનો સરેરાશ ૫.૫૦ ઈંચ સાથે ૨૮.૮૩ ટકા વરસાદ વરસ્યો હતો.તો ઉત્તર ગુજરાતમાં ૬.૬૫ ઈંચ સાથે ૨૩.૫૩ ટકા, પૂર્વ મધ્ય ઝોનમાં ૧૦.૫૬ ઈંચ સાથે ૩૩.૩૨ ટકા અને દક્ષિણ ગુજરાતમાં સિઝનનો ૨૦.૦૯ ઈંચ સાથે ૩૪.૨૫ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. હાલમાં રાજ્યમાં ૪૦ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોય તેવો માત્ર એક તાલુકો છે. તો ૨૬ તાલુકામાં ૨૦થી ૪૦ ઈંચ, ૮૯ તાલુકામાં ૧૦થી ૨૦ ઈંચ વરસાદ, ૪૧ તાલુકામાં ૫થી ૧૦ ઈંચ વરસાદ અને પાંચ તાલુકામાં ૧થી ૫ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ગુજરાતમાં ગત વર્ષે ૨૯ જૂન સુધીમાં સરેરાશ ૨.૮૦ ઈંચ સાથે ૮.૦૫ ટકા વરસાદ વરસ્યો હતો.રાજ્યમાં હજુ એક સપ્તાહ સુધી વરસાદ યથાવત રહેશે. હવામાન વિભાગના મતે દક્ષિણ ગુજરાતમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય હોવાથી વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગે તો ૨ અને ૩ જૂલાઈના ભારે વરસાદની આગાહી કરી છે. આજે રાજ્યના ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, દીવ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ અને દમણ તથા દાદરાનગરહવેલીમાં છૂટ્ટાછવાયા સ્થળે ભારે વરસાદને લઈ યલો એલર્ટ જાહેર કરાયું છે. તો ૨ અને ૩ જૂલાઈ દરમિયાન ગુજરાતમાં ભારે વરસાદનું અનુમાન વ્યકત કરાયું છે.જ્યારે બાકીના દિવસોમાં હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે.

### સવારથી ૯૧ તાલુકામાં વરસાદ: દ્વારકામાં બે ઈંચ

દ્વારકામાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. મળતી જાણકારી અનુસાર, દ્વારકામાં બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. દ્વારકામાં વરસાદથી રસ્તા પર પાણી વહેતા થયા હતા. જામનગરના લાલપુર પંથકમાં પણ વરસાદ વરસ્યો હતો. લાલપુરની ઉમાધામ સોસાયટી, ચાર થાંભલા વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. ક્રિષ્ના પાર્ક સોસાયટી, એસટી બસ સ્ટેન્ડ વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. પૂર્વ કચ્છમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. અંજાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. ખેડોઈ,મથડા સહિતના ગામોમાં વરસાદ વરસ્યો હતો.

| | | |
|---|---|---|
| દ્વારકા | દ્વારકા | ૨ ઈંચ |
| દ્વારકા | ખભાળિયા | ૧.૫ ઈંચ |
| દ્વારકા | ભાણવડ | ૧ ઈંચ |
| રાજકોટ | લોધીકા | ૧ ઈંચ |
| જામનગર | જામનગર | ૧ ઈંચ |
| દ્વારકા | કલ્યાણપુર | ૦.૫ ઈંચ |
| કચ્છ | મુદ્રા | ૦.૫ ઈંચ |
| કચ્છ | માંડવી | ૦.૫ ઈંચ |

જંગી વધારો
છાપા પસ્તી રૂ. ૧૯ પ્રતી કીલોનો ભાવ
છૂટી પસ્તી, બંડલ, બોરા પેકીંગ ચાલશે
ઉપરોક્ત ભાવ અમારા ગોડાઉન પહોંચાડવાના ભાવ રહેશે જેની ખાસ નોંધ લેવી.
આશાપુરા એન્ટરપ્રાઈઝ
આજી જી.આઈ.ડી.સી. P-રોડ, રાજવીર ફાઉન્ડ્રીની બાજુમાં, કીર્તી પેકેઝીંગની સામે, રાજકોટ. મો. ૯૩૭૫૦ ૭૭૫૩૫
SIMPLE